RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા  નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૨ આસો સુદ -૫  ગુરૂવાર તા.૧૫-૧૦-૨૦૨૬  અંક : ૨૪૨ વર્ષ : ૨૧  email :rajkot@aaspassindia.com  કિંમત રૂા. ૨-૫૦  પાના - ૮

# જર્મનીમાં રહેણાકી ઈમારતમાં આગ: ૩ ભારતીય વિદ્યાર્થીના મોત

## ઈમારતના બીજા માળે આવેલા મકાનમાંથી બે યુવતી, એક યુવકના, મૃતદેહ મળ્યા, હત્યાની આશંકાએ રોમાનિયાના નાગરિકની ધરપકડ

જર્મનીના બોખુમ શહેરમાં રહેણાક ઈમારતમાં આગ લાગતાં અભ્યાસ માટે ગયેલા ત્રણ ભારતીય વિદ્યાર્થીઓનાં મોત થયાં છે. મૃતકોમાં ૨૫ અને ૨૭ વર્ષની બે યુવતીઓ તથા ૨૬ વર્ષનો એક યુવક સામેલ છે.

આ દુર્ઘટનામાં અન્ય પાંચ લોકો પણ ઘાયલ થયા છે. પોલીસે હત્યાની આશંકાએ ૪૧ વર્ષના એક રોમાનિયન નાગરિકની ધરપકડ કરી છે. જોકે, આગ લાગવાનું ચોક્કસ કારણ તપાસ બાદ જ સ્પષ્ટ થશે.



આ ઘટના જર્મનીના નોર્થ રાઈન-વેસ્ટફેલિયા રાજ્યના બોખુમ શહેરમાં બુધવારે બની હતી. રહેણાક ઈમારતમાં આગ લાગ્યાની જાણ થતાં જ અગ્નિશમન દળના જવાનો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ઈમારતમાં તપાસ દરમિયાન બીજા માળે આવેલા એક મકાનમાંથી ત્રણ ભારતીય વિદ્યાર્થીઓના મૃતદેહ મળી આવ્યા હતા. ત્રણેય વિદ્યાર્થીઓ જર્મનીમાં અભ્યાસ કરી રહ્યા હતા. જોકે, હજુ સુધી તેમના નામ અને ભારતના વતન અંગેની વિગતો જાહેર કરવામાં આવી નથી. આ ઘટનાથી વિદેશમાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓની સુરક્ષાને લઈને પણ ચિંતા ઊભી થઈ છે. પોલીસે આ ઘટનાની તપાસ દરમિયાન હત્યાની આશંકાએ ૪૧ વર્ષના રોમાનિયન નાગરિકની ધરપકડ કરી છે. જોકે, તેની સામેના આરોપો અને આગની ઘટના સાથેના તેના સંબંધ અંગેની વિગતો હજુ સ્પષ્ટ થઈ નથી. આગ અકસ્માતે લાગી હતી કે તેની પાછળ કોઈ ગુનાહિત કૃત્ય જવાબદાર છે, તે તપાસ બાદ જ સામે આવશે.

### ભારતીય દૂતાવાસે પરિવારોને આપી મદદ કરવાની ખાતરી

બર્લિન સ્થિત ભારતીય દૂતાવાસે સોશિયલ મીડિયા પર આ દુર્ઘટના અંગે જાણકારી આપી હતી. દૂતાવાસના જણાવ્યા અનુસાર, જર્મનીમાં ભારતીય દૂતાવાસ અને ફ્રેન્કફર્ટ સ્થિત ભારતીય વાણિજ્ય દૂતાવાસ સ્થાનિક અધિકારીઓ તેમજ મૃતકોના પરિવારોના સંપર્કમાં છે. પરિવારોને જરૂરી મદદ પૂરી પાડવામાં આવી રહી છે. ત્રણ યુવાન ભારતીયોનાં અકાળે મોતથી તેમના પરિવારો પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે.

# આમિરખાનના ભાણેજ ઈમરાન ખાનને ભારત છોડવા નોટિસ

## ભારતીય નાગરિક ન હોવા છતાં દેખાવોમાં જોડાવાની મળી સજા

મુંબઈ,

બોલિવૂડના સુપરસ્ટાર આમિર ખાનના ભાણેજ અને જાણીતા અભિનેતા ઈમરાનખાન સામે મુંબઈ પોલીસે કડક કાનૂની કાર્યવાહી કરી છે. મુખ્ય ચૂંટણી કમિશનરના રાજીનામાની માંગ સાથે યોજાયેલા રાજકીય વિરોધ પ્રદર્શનમાં ભાગ લેવા બદલ મુંબઈ પોલીસે ઈમરાન ખાનને ૨૮ ઓક્ટોબર ૨૦૨૬ સુધીમાં ભારત છોડી દેવાની સત્તાવાર નોટિસ પાઠવી દીધી છે. વિદેશી નાગરિક હોવા છતાં દેશના આંતરિક રાજકીય આંદોલનમાં ભાગ લેવા બદલ આ મોટું એક્શન લેવામાં આવ્યું છે.

ગત ૧૦ ઓક્ટોબરના રોજ મુંબઈના ઐતિહાસિક ઓગસ્ટ ક્રાંતિ મેદાન ખાતે 'કોકરોચ જનતા પાર્ટી' દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં અભિનેતા ઈમરાન ખાન પણ સામેલ થયો હતો. તે સમયે મુંબઈ પોલીસે સ્થળ પરથી ઈમરાન ખાન સહિત અનેક લોકોની અટકાયત કરી હતી અને બાદમાં તે જ સાંજે છોડી મૂક્યા હતા.

જોકે, તપાસ દરમિયાન ચોંકાવનારો ખુલાસો થયો હતો કે ઈમરાન ખાન ભારતીય નાગરિક નથી.

# એઆઈની મદદથી આતંકીઓ કોરોના કરતા પણ ઘાતક વાયરસ પેદા કરી શકે

## એઆઈ આતંકીઓ સુધી રોગાણુંઓ, જોખમી બેક્ટેરિયા સહિતની માહિતી પહોંચાડી બાયોવેપન તૈયાર કરવામાં મદદ કરી શકે છે

લંડન

બ્રિટનની જાસૂસી સંસ્થા એમઆઈ-૫ના ચીફે ચેતવણી આપી છે કે હાલ પશ્ચિમી દેશો સામે રશિયા સૌથી મોટો ખતરો છે. રશિયા સીધા હુમલા કરવાના બદલે સાઈબર હુમલા વગેરેનો સહારો લઈ રહ્યું છે. જ્યારે ઈરાન બ્રિટનમાં સૈન્ય મથકો પર મોટા હુમલા કરવાની તૈયારીમાં છે. સાથે જ તેમણે એમ પણ કહ્યું હતું કે આતંકીઓ એઆઈનો ઉપયોગ કરીને રોગચાળો ફેલાવનારા જીવાણુ તૈયાર કરી શકે છે. ક્યારેય જોવા ના મળ્યો હોય તેવો જીવલેણ વાયરસ પેદા કરવામાં એઆઈ મદદ કરી શકે છે.

બ્રિટન પરના ખતરાઓ અંગે વાત કરતા બ્રિટનની જાસુસી એજન્સીના ડાયરેક્ટર જનરલ કેન મેકકેલમે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એઆઈને લઈને પણ ચેતવણી આપી છે. તેમણે કહ્યું છે કે આતંકીઓ એઆઈનો સૌથી વધુ દુરુપયોગ કરી શકે છે, એઆઈની મદદથી આતંકીઓ લોકોમાં રોગચાળો ફેલાવનારા જીવાણુઓ બનાવી શકે છે અથવા તો બાયોવેપન પણ તૈયાર કરી શકે છે. ઈરાન પર બોમ્બમારો કરવા માટે બ્રિટનના ફેરફોર્ડમાં અમેરિકાએ પોતાનું એરબેઝ સ્થાપ્યું છે. જેના પર ગમે ત્યારે ઈરાન દ્વારા હુમલો કરવામાં આવી શકે છે તેવી ચેતવણી અગાઉ બ્રિટનના વડાપ્રધાન એન્ડી બર્નહમ પણ આપી ચુક્યા છે.એઆઈ આતંકીઓ સુધી આ બાયોવેપનની જાણકારી પહોંચાડી શકે છે. અગાઉ ક્યારેય જોવા ના મળ્યા હોય તેવા ઘાતક વાયરસ એઆઈ જનરેટ કરવામાં મદદરૂપ થઈ શકે છે. હાલમાં બ્રિટનમાં એઆઈના જોખમો સામે પહોંચીવળવા માટે સેન્ટર તૈયાર કરવામાં આવ્યા છે.

# CJPને અમેરિકા પાસેથી મળે છે ફંડિંગ: અમેરિકન ગાયિકા મિલિબેન

## અભિજીત દિપકે અને તેમની પાર્ટીને યુએસમાં એવા દાતાઓ પાસેથી ભંડોળ મળી રહ્યું છે જે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના નેતૃત્વ હેઠળ તમારા ભવિષ્યનો વિરોધ કરી રહ્યા છે

નવીદિલ્હી,

અમેરિકન ગાયિકા મેરી મિલબેને બુધવારે સીજેપી પર ગંભીર આરોપ લગાવ્યો. તેમણે કહ્યું, "કોક્રોચ જનતા પાર્ટી અમેરિકામાં દાતાઓ પાસેથી ભંડોળ મેળવી રહી છે." તેમણે કહ્યું કે આ ચૂપ રહેવાનો સમય નથી. તેમણે ભારતના તમામ યુવા દેશભક્તોને આગળ આવવા અને આ સંગઠનના વિનાશક વિચારસરણી સામે શાંતિપૂર્ણ રીતે વિરોધ કરવા અપીલ કરી.



મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) માં કથિત અનિયમિતતાઓ અંગે મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી) જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગણી સાથે નવી દિલ્હીમાં વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા ત્યારે મિલબેને આ ટિપ્પણી કરી હતી. ૪૧ વર્ષીય ગાયિકાએ કહ્યું કે સીજેપી નેતા અભિજીત દિપકે અને તેમની પાર્ટીને યુએસમાં એવા દાતાઓ પાસેથી ભંડોળ મળી રહ્યું છે જે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના નેતૃત્વ હેઠળ તમારા ભવિષ્યનો વિરોધ કરી રહ્યા છે.તેણીએ કહ્યું કે આ સમય ચૂપ રહેવાનો નથી અને ભારતના તમામ શ્રેષ્ઠ યુવા દેશભક્તોને આગળ આવવા અને આ વિનાશક શક્તિઓ સામે શાંતિપૂર્ણ રીતે વિરોધ કરવા અપીલ કરી. પોસ્ટમાં લખ્યું હતું, "મારા યુવા દેશભક્તો, ડરશો નહીં." તમારા પ્રધાનમંત્રી, જેમણે ૨૫ વર્ષ, ૧૨ વખત પ્રધાનમંત્રી તરીકે સેવા આપી છે અને સતત ત્રણ વખત ચૂંટાયા છે, તેઓ મારા દેશમાં વિનાશક શક્તિઓ સામે ઝૂકવાના નથી.

# ગૂગલે AI મોડલ જેમિની ૪ Argon લોન્ચ કર્યુ

## મહિનાઓનું કામ અઠવાડિયામાં કરશે, લાંબા સમય સુધી ચાલતી કામગીરીમાં મદદ કરવા સક્ષમ

કેલિફોર્નિયા,

ગૂગલે નવું એઆઈ મોડલ જેમિની ૪ છર્યિહ લોન્ચ કર્યું છે. આ મોડલનો ઉપયોગ કોડિંગ, ફાઈનાન્સ, કાયદાકીય વિશ્લેષણ, સાયબર સુરક્ષા અને વૈજ્ઞાનિક સંશોધન જેવા ક્ષેત્રોમાં કરી શકાય છે. તે મોટા સોફ્ટવેર પ્રોજેક્ટ્સમાં ફેરફાર કરવા, જટિલ સમસ્યાઓ ઉકેલવા અને લાંબા સમય સુધી ચાલતી કામગીરીમાં મદદ કરવા માટે સક્ષમ છે.

ગૂગલના જણાવ્યા અનુસાર, તેના એન્ટીગ્રેવિટી પ્લેટફોર્મ પર જેમિની ૪ Argonનો ઉપયોગ કરતી ટીમોમાં એઆઈ એજન્ટ દ્વારા કોડ સબમિશનમાં ૩૫ ટકાથી વધુનો વધારો થયો છે. કોડમાં ભૂલોને કારણે અગાઉના વર્ઝન પર પાછા ફરવાની ઘટનાઓમાં લગભગ ૩૩ ટકા જેટલો ઘટાડો થયો છે. ગૂગલે તેના ક્રોમ બ્રાઉઝરના કોડમાં ફેરફાર કરવા માટે પણ આ મોડેલનો ઉપયોગ કર્યો હતો.Chromiumના આશરે ચાર કરોડ લાઈનના કોડબેઝમાં જૂના કોડના લગભગ ૬૦ લાખ લાઈનના એક ભાગને અલગ કરવાની પ્રક્રિયામાં છર્યિહએ મદદ કરી હતી. આ કામમાં સેંકડો ફાઈલોમાં ફેરફાર કરવાની જરૂર હતી. જે કામમાં મહિનાઓ લાગી શકે તે કામ તેણે અઠવાડિયામાં પૂર્ણ કર્યું હતું. ડેલોઈટ, એમ્બિયન્સ હેલ્થકેર, લેક્સિનેક્સિસ અને આસોમોફક લેબ્સ જેવી કંપનીઓ આ મોડલ યુઝ કરી રહી છે.

# કાર્બોસેલ ખનીજના ગેરકાયદે ખનન મામલે પાંચ લીઝ ધારકોને ૬૦૦ કરોડથી વધુનો દંડ

સુરેન્દ્રનગર,

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ અને જામવાડી પંથકમાં મોટા પાયે કાર્બોનેશિયસ શેલ ખનીજનું ઉત્ખનન ચાલી રહ્યું છે.ક્વોરી લીઝ ધારકો દ્વારા નિયત મંજૂરી કરતા વધુ વિસ્તારમાં ખોદકામ કરી ગેરકાયદે ખનન કરવામાં આવતું હોવાની બાબતો સામે આવી હતી. જિલ્લા ભૂસ્તરશાસ્ત્રી કચેરી દ્વારા હાથ ધરવામાં આવેલી સઘન તપાસ દરમિયાન બહાર આવ્યું હતું કે લીઝ ધારકો દ્વારા સ્થળ પર મોટા પાયે બિનઅધિકૃત ખોદકામ આચરવામાં આવ્યું હતું અને સરકારી નિયમોને નેવે મૂકીને રોયલ્ટી પાસનો ગંભીર દુરુપયોગ કરવામાં આવી રહ્યો હતો.માત્ર કાગળ પર લીઝ દર્શાવીને બહારના સરકારી કે ખાનગી સર્વે નંબરોમાંથી બારોબાર કરોડો રૂપિયાનું ખનીજ ઉલેચી લેવાનું કૌભાંડ પકડાયું હતું.

ભૂસ્તર વિભાગની તપાસ ટીમોએ સ્થળ પર માપણી અને તકનીકી ચકાસણી હાથ ધરીને ગેરકાયદે ખનનનો ચોક્કસ તાળો મેળવ્યો હતો, જેમાં સરકારી તિજોરીને ભારે આર્થિક નુકસાન પહોંચાડવામાં આવ્યું હોવાનું સ્પષ્ટ થયું હતું.

# અમેરિકાના ઈલિનોઈસમાં મંદિરમાં હિન્દુઓનો નરસંહાર કરવા માગતો એક યુવક ઝડપાયો

## યુવક નવરાત્રીના પવિત્ર અવસર પર આ હુમલો અંજામ આપવાની ફિરાકમાં હતો

ઈલિનોઈસ,

અમેરિકામાં ભારતીય મૂળના લોકો અને હિન્દુ ધાર્મિક સ્થળોને નિશાન બનાવીને એક ભયાનક નરસંહારની સાજીશ રચવામાં આવી હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. અમેરિકી રાજ્ય ઈલિનોઈસના ઓરોરાવિસ્તારમાં આવેલા એક હિન્દુ પૂજાસ્થળ પર હુમલો કરવાની તૈયારી કરી રહેલા ૧૯ વર્ષીય યુવકની પોલીસે ધરપકડ કરી લીધી છે. આ યુવક નવરાત્રીના પવિત્ર અવસર પર આ હુમલો અંજામ આપવાની ફિરાકમાં હતો.

અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, આરોપીની ઓળખ એલેક્ઝેન્ડ્રોસ પેપોરાકિસ તરીકે થઈ છે. તપાસ દરમિયાન પોલીસને એક મેનિફેસ્ટો હાથ લાગ્યો છે, જેમાં 'શ્વેત વર્ચસ્વ' જેવી ચરમપંથી વિચારધારાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ડૉક્યુમેન્ટમાં દક્ષિણ એશિયા અને ખાસ કરીને ભારતીય મૂળના લોકો વિરુદ્ધ હિંસા આચરવાની વાતો લખવામાં આવી હતી.મોટા પાયે ગોળીબારની આ કાવતરાભરી યોજનાનો પર્દાફાશ થયા બાદ ૧૧ ઓક્ટોબરે આ યુવકની ધરપકડ કરવામાં આવી છે. બુધવારે કોર્ટે તેને કસ્ટડીમાં મોકલી આપવાનો આદેશ આપ્યો છે અને આગામી ૩૦ ઓક્ટોબરે તેને ફરી કોર્ટમાં રજૂ કરવામાં આવશે.આ ખતરનાક કાવતરાનો પર્દાફાશ એક સતર્ક નાગરિકના કારણે થયો.પોલીસે જ્યારે આરોપીના ઘરની તલાશી લીધી ત્યારે ત્યાંથી ભારે માત્રામાં હથિયારો મળી આવ્યા હતા. પોલીસને એક રાઈફલ, રાઈફલની અનેક લોડેડ મેગઝીન, સેંકડો રાઉન્ડ ગોળા-બારૂદ અને ટૅક્ટિકલ સાધનો મળી આવ્યા છે.

# દેશની તમામ સરકારી, ખાનગી મેડિકલ કોલેજોમાં પેશન્ટ સેફ્ટી કમિટી ફરજિયાત

અમદાવાદ,

ભારતમાં તબીબી ક્ષતિઓ અને સારવાર દરમિયાન થતી ભૂલોને કારણે દર વર્ષે આશરે ૫૨ લાખ જેટલી નાની-મોટી ઈજાઓ અથવા દુર્ઘટનાઓ સર્જાય છે. દર્દીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને આવી તબીબી ભૂલો અટકાવવાના હેતુથી નેશનલ મેડિકલ કમિશન અને કેન્દ્રીય આરોગ્ય તથા પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા એક મહત્વપૂર્ણ જાહેર નોટિસ બહાર પાડવામાં આવી છે. આ નવી માર્ગદર્શિકા અનુસાર દેશની તમામ સરકારી અને ખાનગી મેડિકલ કોલેજો તેમજ તબીબી સંસ્થાઓમાં પેશન્ટ સેક્સી કમિટી-સેલ'ની રચના કરવી ફરજિયાત કરવામાં આવી છે.

આ સાથે જ, દરેક સંસ્થામાં સુપરિન્ટેન્ડેન્ટ અથવા ડિરેક્ટર કક્ષાના સિનિયર અધિકારીને પેશન્ટ સેફ્ટી નોડલ ઓફિસર' તરીકે નિયુક્ત કરવાના રહેશે. ડાયરેક્ટર જનરલ ઓફ હેલ્થ સર્વિસીસ ના અહેવાલ મુજબ, દેશમાં દવાની ભૂલો, ખોટા કે વિલંબિત નિદાન અને હોસ્પિટલમાંથી લાગતા ચેપ રોકી શકાય તેવી ક્ષતિઓ દૂર કરવી અત્યંત જરૂરી બન્યું છે.

# ઓક્ટોબરના બીજા પખવાડિયા માટે ૧૪ લાખ ટન ખાંડ કવોટા છૂટો કરાયો

## તંત્ર દ્વારા ભાવમાં ઉછાળાને ધ્યાનમાં રાખી કવોટાની ફાળવણી વહેલી કરાઈ

મુંબઈ,

ઓકટોબરના બીજા પખવાડિયા માટે કેન્દ્રએ ૧૪ લાખ ટન ખાંડ કવોટા છૂટો કર્યો છે. દશેરા તથા દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખી સરકારે બે દિવસ વહેલા કવોટા જાહેર કર્યો છે, જેથી ખાંડનો પૂરતો પૂરવઠો જળવાઈ રહે એમ અન્ન તથા જાહેર વિતરણ વિભાગના સુત્રોએ જણાવ્યું હતું.આ ઉપરાંત ખાંડના આયાતકારોને વધુ બે લાખ ટનની ફાળવણી કરવામાં આવી છે.

છેલ્લા દસ દિવસમાં ખાંડના ક્વિન્ટલ દીઠ ભાવમાં રૂપિયા ૧૦૦૦નો વધારો થયો છે. સપ્ટેમ્બર માટે સરકારે ૨૬.૫૦ લાખ ટન અને સંપૂર્ણ ઓકટોબર માટે ૩૦ લાખ ટન ખાંડ છૂટી કરવામાં આવી છે. અગાઉ સરકાર મિલો માટે દર મહિને ખાંડ કવોટાની ફાળવણી કરતી હતી જે સપ્ટેમ્બરથી બદલીને દર પખવાડિયે જાહેર કરવાનું શરૂ કરાયું છે. ખાંડના રિટેલ ભાવ હાલમાં રૂપિયા ૫૫થી ૬૦ની વચ્ચે બોલાઈ રહ્યા છે. તહેવારો દરમિયાન ડિલરો દ્વારા ખાંડની સંગ્રહખોરી ટાળવા સરકારે ખાંડમાં સ્ટોક લિમિટ જેવા પગલાં હાથ ધર્યા છ. નવા નોટિફિકેશન પ્રમાણે ડિલર મહત્તમ ૧૦૦૦ ક્વિન્ટલ ખાંડનો સ્ટોક રાખી શકશે અને તે પણ પંદર દિવસ સુધી. નવી મર્યાદા ૧૫ ઓકટોબરથી ૩૦ નવેમ્બર સુધી અમલી રહેશે.આ અગાઉ ઓગસ્ટમાં ૪૦૦૦ ક્વિન્ટલ સ્ટોક મર્યાદા લાગુ કરવામાં આવી હતી. દરમિયાન ટેરિફ રેટ કવોટા હેઠળ ૨૦૨૬-૨૭ માટે યુરોપિયન યુનિયનમાં ૫૮૪૧ ટન ખાંડની નિકાસની સરકાર દ્વારા છૂટ આપવામાં આવી છે.આ કવોન્ટિટી ઓકટોબર, ૨૦૨૬થી સપ્ટેમ્બર, ૨૦૨૭ની વચ્ચે નિકાસ થઈ શકશે.નવા નિયમ પ્રમાણે દરેક મિલોએ તેમને ફાળવાયેલા પખવાડિક કવોટામાંથી ઓછામાં ઓછી ૪૦ ટકા ખાંડ પખવાડિયાના પ્રથમ સપ્તાહમાં અને બાકીની ખાંડ બીજા સપ્તાહમાં વેચી દેવાની રહેશે.

# હોર્મુઝ ખાડીમાં કન્ટેનર ભરેલું જહાજ ડૂબ્યું

તેહરાન,

સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી એક ગંભીર ઘટના સામે આવી છે. સમુદ્રી ટનલ સાથે માહવાહક જહાજ અથડાતા વિસ્તાર ધુમાંડામાં ફેરવાયો હતો. ૨૫૦૦ કંટેનર લઈને જઈ રહેલું માલવાહક જહાજ સમુદ્ર વચ્ચે ડૂબી ગયું હતું. આ ઘટના અંગેની જાણકારી ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સ કોર્પ્સ નૌસેના દ્વારા આપવામાં આવી હતી. રિપોર્ટ અનુસાર, બુધવારે આ ઘટના બની હતી. સમુદ્રી ટનલ સાથે અથડાતા જહાજમાં એકાએક આગ લાગી ગઈ હતી.

મિડલ ઈસ્ટમાં અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ થયા બાદ પહેલી ઘટના બની છે જેમાં રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પસે કોઈ જહાજ અંગેની વિગતવાર માહિતી આપી છે. સૈન્યે સ્પષ્ટ કર્યું હતું કે, જ્યારે ઈરાનના ગાર્ડે સમુદ્ર વચ્ચે રહેલા જહાજમાંથી નીકળતા ધુમાંડા જોયા એ સમયે ખ્યાલ આવ્યો હતો.

પછી તપાસ કરતા ખ્યાલ આવ્યો હતો કે, હોર્મુઝમાંથી પસાર થતી વખતે જહાજ સમુદ્રી ટનલને અથડાઈ ગયું હતું. આ જહાજની તસવીર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર જોરશોરથી શૅર થઈ રહી છે. કન્ટેરમાં પણ આગ લાગી હોવાનું જાણવા મળ્યું છે. જહાંજમાંથી ખૂબ જ ધુમાંડો નીકળી રહ્યો હતો. ધીમે ધીમે જહાજ ડૂબવા લાગ્યું હતું.

સૌરાષ્ટ્ર આસપાસ

# સુરતના પાંડેસરા વિસ્તારમાંથી ૧૬ નકલી ડૉક્ટર ઝડપાયા, એસઓજી અને આરોગ્ય વિભાગની સંયુક્ત કાર્યવાહી

## ધોરણ ૧૦-૧૨ પાસ અને ગ્રેજ્યુએટ વ્યક્તિઓ ક્લિનિક ચલાવતા હતા

સુરત,

સુરતના ઔદ્યોગિક વિસ્તાર પાંડેસરામાં લોકોના આરોગ્ય સાથે ગંભીર ચેડાં કરતા બોગસ તબીબો સામે એસઓજી અને જિલ્લા આરોગ્ય વિભાગે સંયુક્ત કાર્યવાહી હાથ ધરી છે. સંયુક્ત ટીમે પાંડેસરા વિસ્તારમાં એકસાથે ૧૬ શંકાસ્પદ ક્લિનિકો પર દરોડા પાડી ૧૬ બોગસ તબીબોને ઝડપી પાડ્યા છે. ચોંકાવનારી બાબત એ છે કે, આ કહેવાતા તબીબો પાસે કોઈ માન્ય તબીબી ડિગ્રી કે જરૂરી લાયકાત ન હોવા છતાં તેઓ દર્દીઓને એલોપેથી દવાઓ, ઈન્જેક્શન અને ગ્લુકોઝના બાટલા ચડાવી સારવાર કરતા હતા. દરોડા દરમિયાન ક્લિનિકોમાં સ્વચ્છતા અને તબીબી વ્યવસ્થાના અભાવની ગંભીર સ્થિતિ પણ સામે આવી હતી.

મળતી માહિતી મુજબ, એસઓજીના પીઆઈ એ.એસ. સોનારાની ટીમને બાતમી મળી હતી કે પાંડેસરા વિસ્તારમાં કેટલાક બોગસ તબીબો સવારે ૮થી ૧૧ વાગ્યા દરમિયાન ક્લિનિક ચલાવી ગરીબ શ્રમિકોની સારવાર કરી રહ્યા છે. બાતમીની ખરાઈ કરવા માટે એસઓજીની ટીમે વિવિધ શંકાસ્પદ ક્લિનિકોમાં ડમી દર્દીઓ મોકલ્યા હતા. તપાસમાં બાતમી સાચી જણાતાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. અનિલ બી. પટેલ સાથે સંકલન કરીને સંયુક્ત ટીમો બનાવવામાં આવી હતી. ત્યારબાદ વહેલી સવારે એકસાથે ૧૬ ક્લિનિકો પર દરોડા પાડવામાં આવ્યા હતા.

દરોડા દરમિયાન કેટલીક જગ્યાએ ક્લિનિકોની સ્થિતિ અત્યંત દયનીય જોવા મળી હતી. દર્દીઓને સામાન્ય લાકડાના પલંગ પર સુવડાવી ગ્લુકોઝના બાટલા ચડાવવામાં આવતા હતા. આસપાસ ડિસ્પોઝેબલ પ્લાસ્ટિકની થેલીઓ, દવાઓ અને તબીબી કચરાના ઢગલા જોવા મળ્યા હતા. આ પ્રકારની બેદરકારીથી દર્દીઓના આરોગ્ય સામે ગંભીર જોખમ ઊભું થવાની આશંકા છે.

પાંડેસરાની શ્રમિક વસાહતો અને લેબર કોલોનીઓમાં મોટી સંખ્યામાં પરપ્રાંતીય મજૂરો વસવાટ કરે છે. તપાસમાં સામે આવેલી વિગતો મુજબ, ઝડપાયેલા કેટલાક શખ્સો મૂળ બિહાર, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળના રહેવાસી છે. તેઓ અગાઉ વતનમાં હોસ્પિટલોમાં અથવા ડોક્ટરો પાસે કમ્પાઉન્ડર કે હેલ્પર તરીકે કામ કરતા હતા. ત્યારબાદ સુરત આવીને તેમણે પોતાની રીતે ક્લિનિક શરૂ કરી દીધાં હતાં. તાવ, મેલેરિયા સહિતની સામાન્ય બીમારીઓની સારવારના નામે દર્દીઓને એલોપેથી દવાઓ, પેઈનકિલર, એન્ટિબાયોટિક્સ અને ગ્લુકોઝના બાટલા આપવામાં આવતા હોવાની વિગતો સામે આવી છે. આ કાર્યવાહીમાં ત્રણ એવા આરોપીઓ પણ ઝડપાયા છે, જેઓ અગાઉ પણ બોગસ તબીબી પ્રેક્ટિસના મામલે પોલીસના હાથે ઝડપાઈ ચૂક્યા હોવાનું જણાવાયું છે. તેમાં સાંઈ ધામ ક્લિનિક ચલાવતો ૫૪ વર્ષીય શિયારામ મૌર્યા છેલ્લા ૨૪ વર્ષથી પ્રેક્ટિસ કરતો હતો અને વર્ષ ૨૦૦૨માં પણ પકડાયો હતો.

# સુરતમાં કરોડોની ૨૧ વીઘા જમીન પચાવી પાડવાનું કૌભાંડ: નિવૃત્ત એએસઆઈ સહિત ૩ની ધરપકડ

## જમીનના રેવન્યુ રેકોર્ડમાં ખોટા દસ્તાવેજો અને બનાવટી સહીઓના આધારે ફેરફાર કરવાનો પ્રયાસ




સુરત,

સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના ખરવાસા ગામમાં આવેલી આશરે ૨૧ વીંઘા વડીલોપાર્જિત કિંમતી જમીન પચાવી પાડવાના કથિત કૌભાંડમાં મોટો ખુલાસો થયો છે. જમીનના રેવન્યુ રેકોર્ડમાં ખોટા દસ્તાવેજો અને બનાવટી સહીઓના આધારે ફેરફાર કરવાનો પ્રયાસ કરાયો હોવાના આક્ષેપ સાથે સચિન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. સમગ્ર મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તપાસ ઈકો સેલને સોંપવામાં આવી છે. આ કેસમાં નિવૃત્ત પોલીસ કર્મચારી અને એએસઆઈ સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે

ફરિયાદી ગિરીશકુમાર નરેન્દ્રસિંહ સોલંકીએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના નાના ગણપતસિંહ ગોહિલની ખરવાસા ગામની સર્વે નંબર ૧૭૮ (વાસુદેવવાળું), સર્વે નંબર ૧૬૮ (ડોસીવાળું) અને સર્વે નંબર ૧૪૪ (ગોરાટ કાબો)ની કુલ ૨૧ વીંઘા જમીનમાં તેમની માતા ધનુબેન અને માસી ભાવનાબેન કાયદેસરના સહમાલિક છે. આ જમીનના માલિકી હક અને હિસ્સાને લઈને વર્ષો જૂનો વિવાદ હવે પોલીસ તપાસ સુધી પહોંચ્યો છે.

# દિવાળી પહેલા ગૃહિણીઓનું બજેટ ખોરવાયું: સિંગતેલના ડબ્બાનો ભાવ રૂ. ૩,૦૦૦ને પાર

## છેલ્લા ત્રણ જ દિવસમાં સિંગતેલના ડબાના ભાવમાં ૭૫ રૂપિયાનો તોતિંગ વધારો થયો

રાજકોટ,

દિવાળીના તહેવારો આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે મોંઘવારીની માર ઝીલતી મહિલાઓ માટે વધુ એક માઠા સમાચાર આવ્યા છે. તહેવારો ટાણે જ ખાદ્યતેલના ભાવમાં વધારો નોંધાયો છે. રાજકોટ તેલબજારમાં દિવાળી પહેલા જ સિંગતેલ સહિતના ખાદ્યતેલોના ભાવમાં મોટો ભડકો થતાં ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયું છે.

છેલ્લા ત્રણ જ દિવસમાં સિંગતેલના ભાવમાં ૭૫ રૂપિયાનો તોતિંગ વધારો નોંધાયો છે. આ ભાવવધારા સા થે જ ૧૫ કિલો સિંગતેલના ડબ્બાનો ભાવ ૩,૦૦૦ રૂપિયાની સપાટી વટાવી ચૂક્યો છે. હાલ બજારમાં સિંગતેલના ડબ્બાનો ભાવ રૂ. ૩,૦૦૦થી વધીને રૂ. ૩,૦૮૦ની ઉંચી સપાટીએ પહોંચી ગયો છે. માત્ર સિંગતેલ જ નહીં, પરંતુ મધ્યમવર્ગીય પરિવારોમાં વપરાતા અન્ય ખાદ્યતેલોના ભાવમાં પણ વધારો જોવા મળ્યો છે. કપાસિયા તેલના ડબ્બાનો ભાવ વધીને ૨,૬૨૦ રૂપિયા થી ૨,૬૮૦ રૂપિયાની સપાટીએ પહોંચ્યો છે. પામતેલના ડબ્બાનો ભાવ રૂ. ૨,૩૧૫ થી રૂ. ૨,૩૨૦ સુધી બોલાઈ રહ્યો છે. ખાદ્યતેલમાં ભાવવધારા પાછળ મુખ્ય બે કારણો જવાબદાર માનવામાં આવી રહી છે. ચાલુ વર્ષે કેટલાક વિસ્તારોમાં અનિયમિત અને ઓછો વરસાદ થવાના કારણે પાક પર માઠી અસર પડી છે.

# ગુજરાતના સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગોને આર્થિક સહાય માટે રાજ્ય સરકારની સિંગલ ક્લિક પેમેન્ટની પહેલ

## હર્ષ સંઘવીના હસ્તે સિંગલ ક્લિકમાં ૩૩ હેક્ટર ઔદ્યોગિક પ્લોટની ઈ-ફાળવણી

ગાંધીનગર,

ગુજરાતના નાના અને મધ્યમ ઉદ્યોગો માટે આર્થિક સહાય મેળવવાની પ્રક્રિયાને વધુ સરળ બનાવવાની દિશામાં રાજ્ય સરકારે મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. અત્યાર સુધી સરકારી સહાય મેળવવા માટે વિવિધ પ્રક્રિયાઓમાંથી પસાર થતા ઉદ્યોગકારો માટે હવે સિંગલ ક્લિક પેમેન્ટની પહેલ કરવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમમાં સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગોને આર્થિક સહાય ચૂકવવાની વ્યવસ્થાની શરૂઆત કરવામાં આવી છે. આ સાથે ઔદ્યોગિક વિકાસને વેગ



આપવા માટે ૩૩ હેક્ટરના ઔદ્યોગિક પ્લોટની ઈ-ફાળવણી પણ કરવામાં આવી છે.

ગુજરાતના ઔદ્યોગિક વિકાસમાં એમએસએમઇ ક્ષેત્ર મહત્ત્વની ભૂમિકા ભજવે છે. નાના અને લઘુ ઉદ્યોગો રોજગારીની તકો ઊભી કરવા ઉપરાંત રાજ્યના ઉત્પાદન અને વેપાર ક્ષેત્રને પણ મજબૂત બનાવે છે. આ ઉદ્યોગોને સમયસર આર્થિક સહાય મળી રહે અને તેમની કામગીરીને વેગ મળે તે હેતુથી સરકાર દ્વારા સિંગલ ક્લિક પેમેન્ટ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ પાત્ર સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગોને સરકારી આર્થિક સહાય ચૂકવવાની પ્રક્રિયાને સરળ બનાવવાનો છે. સિંગલ ક્લિક પેમેન્ટની વ્યવસ્થા દ્વારા સહાયની ચુકવણી વધુ સુગમ બને તેવી અપેક્ષા છે. જોકે, કાર્યક્રમ હેઠળ કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી અને કેટલા ઉદ્યોગકારોને તેનો લાભ મળ્યો તેની ચોક્કસ વિગતો આપવામાં આવેલી નથી. આ કાર્યક્રમ દરમિયાન સ્જીસ્ઈ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે ૩૩ હેક્ટરના ઔદ્યોગિક પ્લોટની ઈ-ફાળવણી પણ કરવામાં આવી છે. ઉદ્યોગોના વિકાસ માટે યોગ્ય જમીન અને માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી જરૂરી છે. આ દિશામાં ઔદ્યોગિક પ્લોટની ફાળવણી નવા ઉદ્યોગો સ્થાપવા તથા હાલના ઉદ્યોગોના વિસ્તરણ માટે ઉપયોગી બની શકે છે. ઈ-ફાળવણીની પ્રક્રિયા દ્વારા ઔદ્યોગિક પ્લોટની ફાળવણી કરવામાં આવતાં ઉદ્યોગકારોને ઔદ્યોગિક વિકાસ માટે નવી તકો મળવાની સંભાવના છે.

# અમદાવાદના ૧૦ મેટ્રો સ્ટેશનો નજીક મુસાફરો માટે પે એન્ડ પાર્કિંગની સુવિધા શરૂ કરવાની યોજના

## પાર્કિંગ માટે ચાર્જ વસૂલવાની વ્યવસ્થાથી નિયમિત મુસાફરોના માસિક ખર્ચમાં થશે વધારો : કેટલાક કિસ્સામાં પાર્કિંગનો ખર્ચ મેટ્રોની ટિકિટ કરતાં પણ વધુ



અમદાવાદ,

અમદાવાદમાં મેટ્રો મુસાફરો માટે પાર્કિંગ હવે મોંઘું પડી શકે છે. શહેરના ૧૦ મેટ્રો સ્ટેશનો નજીક પે એન્ડ પાર્કિંગની સુવિધા શરૂ કરવાની યોજના બનાવવામાં આવી છે. આ વ્યવસ્થા હેઠળ ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર ચાલકોએ વાહન પાર્ક કરવા માટે ચાર્જ ચૂકવવો પડશે. કેટલાક કિસ્સામાં પાર્કિંગનો ખર્ચ મેટ્રોની ટિકિટ કરતાં પણ વધુ થઈ શકે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મેટ્રો સ્ટેશનો નજીક પાર્કિંગની સુવિધા ઊભી કરવા માટે વિવિધ સ્થળોએ પ્લોટ ફાળવવામાં આવ્યા હતા. અત્યાર સુધી મફત પાર્કિંગની સુવિધા અંગે જાહેરાતો કરવામાં આવી હતી, પરંતુ હવે આ પ્લોટ્સ પર પે એન્ડ પાર્કિંગ નવરંગપુરા, સાબરમતી, વસ્ત્રાલ, એસ.પી. સ્ટેડિયમ અને રામોલ સહિતનાં સ્થળોએ પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવશે. આ સ્થળોએ વાહન પાર્ક કરવા માટે મુસાફરોએ નિર્ધારિત દર ચૂકવવો પડશે.

# સુરતમાં ડુપ્લીકેટ ચાવી બનાવી વાહનો ચોરતા બે તસ્કર ૧૩ ચોરાઉ બાઈક સાથે ઝડપાયા

## રાંદેર પોલીસે વાહનો અને મોબાઈલ મળી ૪.૫૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

સુરત,

સુરત શહેરમાં વાહનચોરી અને મોબાઈલ ચોરીના બનાવો પર અંકુશ લાવવા પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી કાર્યવાહી દરમિયાન રાંદેર પોલીસને મોટી સફળતા મળી છે. પોલીસે વાહનચોરીના બે આરોપીઓને ઝડપી પાડી તેમની પાસેથી ચોરીની ૧૩ ટૂ-વ્હીલર મોટરસાઈકલ અને એક મોબાઈલ ફોન મળી કુલ અંદાજે રૂ. ૪.૫૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીઓની પૂછપરછમાં રાંદેર સહિત અડાજણ, જહાંગીરપુરા, સિંગણપોર, ઈચ્છાપોર અને ઓલપાડ



પોલીસ સ્ટેશનની હદમાં નોંધાયેલા વાહનચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાયો છે. રાંદેર પોલીસ દ્વારા વાહનચોરી સહિતના વણઉકેલાયેલા ગુનાઓની તપાસ હાથ ધરવામાં આવી હતી. હેઠળ સર્વેલન્સ સ્ટાફની ટીમે રાંદેર વિસ્તારમાં લાગેલા CCTV કેમેરાનાં ફૂટેજ તપાસ્યા હતા. તપાસ દરમિયાન આરોપીઓ સુધી પહોંચવા માટે મહત્વની કડી મળી હતી. આ દરમિયાન પોલીસ કર્મચારીઓને બાતમી મળી હતી કે પ્રકાશ ઉર્ફે રવિ અને પપ્પુ નામના બે શખસો ચોરીની મોટરસાઈકલ લઈને ઉગત પાણીની ટાંકી અને બોટનિકલ ગાર્ડન નજીકથી પસાર થવાના છે.

# મહીસાગર નળ સે જલ કૌભાંડમાં સીઆઈડી ક્રાઈમે વધુ ત્રણ કોન્ટ્રાક્ટરની ધરપકડ કરી

## કરોડો રૂપિયાના નળ સે જલ કૌભાંડમાં કુલ અત્યાર સુધીમાં ૭૦ આરોપીઓની ધરપકડ

મહીસાગર,

મહીસાગર જિલ્લામાં સામે આવેલા કરોડો રૂપિયાના નળ સે જલ કૌભાંડમાં સીઆઈડી ક્રાઈમે વધુ ત્રણ કોન્ટ્રાક્ટરની ધરપકડ કરી છે. આ કેસમાં તપાસનો વ્યાપ વધારવામાં આવી રહ્યો છે અને અત્યાર સુધીમાં કુલ ૭૦ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. બીજી તરફ, કૌભાંડમાં સંડોવાયેલા કોન્ટ્રાક્ટરો પાસેથી બાકી રકમની વસૂલાતનો મુદ્દો પણ તપાસમાં મહત્ત્વનો બન્યો છે.

ધરપકડ કરાયેલા કોન્ટ્રાક્ટરોમાં સૂર્યકાંત પટેલનો સમાવેશ થાય છે. તેમણે મહીસાગર જિલ્લામાં ૧૩ ગામોમાં નળ સે જલ યોજના હેઠળ કામ કર્યું હતું. આ કામના સંદર્ભમાં તેમની પાસેથી રૂ.૭૩ લાખની રકમ વસૂલવાની બાકી હોવાનું જણાવાયું છે. સીઆઈડી ક્રાઈમ દ્વારા આ મામલે વધુ તપાસ કરવામાં આવી રહી છે.

આ કેસમાં ભવ્ય અર્થ મૂવર્સના માલિક મીલવ પટેલની પણ ધરપકડ કરવામાં આવી છે. તેમણે ૧૦ ગામોમાં કામ કર્યું હતું. તેમની પાસેથી રૂ.૧ કરોડ ૫૪ લાખની રકમની રિકવરી બાકી હોવાનું સામે આવ્યું છે. ત્રણ કોન્ટ્રાક્ટરોમાં આ સૌથી મોટી બાકી રકમ છે.

ત્રીજા કોન્ટ્રાક્ટર ગિરીશ પટેલે એક ગામમાં કામ કર્યું હતું. તેમની પાસેથી રૂ.૭ લાખની રકમ વસૂલવાની બાકી હોવાનું જણાવાયું છે. આ સાથે ત્રણેય કોન્ટ્રાક્ટરો પાસેથી કુલ રૂ.૨ કરોડ ૩૪ લાખની રિકવરી બાકી હોવાની વિગતો સામે આવી છે.

# ઈડર પોલીસ સ્ટેશનના લોકઅપમાં યુવકનું રહસ્યમય સંજોગોમાં મોત થતા ચકચાર

## પત્ની સાથે ઘરેલુ ઝઘડો થતા પોલીસે યુવકની કરી હતી અટકાયત

હિંમતનગર,

સાબરકાંઠાના ઈડર પોલીસ સ્ટેશનમાં વહેલી સવારે બનેલી એક ઘટનાએ અનેક સવાલો ઊભા કર્યા છે. ઘરેલુ ઝઘડાની ફરિયાદ બાદ પોલીસ સ્ટેશનના લોકઅપમાં રાખવામાં આવેલા યુવકનું રહસ્યમય સંજોગોમાં મોત થતાં ચકચાર મચી ગઈ હતી. લોકઅપમાં જ યુવકનું મોત થતાં પરિવારજનો પોલીસ સ્ટેશન દોડી આવ્યા હતા અને ઘટનાને લઈને ભારે રોષ વ્યક્ત કર્યો હતો. પરિવાર દ્વારા પોલીસની બેદરકારીના આક્ષેપો કરવામાં આવતાં મામલો વધુ ગંભીર બન્યો હતો. જોકે, અંતે પરિવારે મૃતદેહ સ્વીકારતાં હાલ મામલો શાંત થયો છે. બીજી તરફ, પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપીને સમગ્ર ઘટનાની વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના મિયાસણા ગામના વતની અનિલ ગોવિંદ વાઘેલાને તેમની પત્ની સાથે ઘરેલુ ઝઘડો થયો હતો. આ મામલે તેમની પત્નીએ રાત્રિના સમયે ૧૧૨ હેલ્પલાઈન પર ફોન કરીને પોલીસને જાણ કરી હતી.

ફરિયાદની માહિતી મળતાં જ ઈડર પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે અનિલ વાઘેલા સામે અટકાયતી પગલાં ભરી તેમને પોલીસ સ્ટેશન લઈ આવી લોકઅપમાં રાખ્યા હતા. જોકે, ત્યારબાદ વહેલી સવારે બનેલી ઘટનાએ સમગ્ર મામલાને ગંભીર વળાંક આપ્યો હતો.

પ્રાથમિક માહિતી અનુસાર, વહેલી સવારે લોકઅપમાં રહેલા અનિલ વાઘેલાએ પોતાના નાઈટ ડ્રેસની દોરી જેલના સળિયા સાથે બાંધીને ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હોવાનું સામે આવ્યું છે. પોલીસ સ્ટેશનના લોકઅપમાં જ આવી ઘટના બનતાં અનેક સવાલો ઊભા થયા છે. ઘટનાની જાણ થતાં પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. યુવકના મોતના સમાચાર મળતાં જ પરિવારજનો તાત્કાલિક ઈડર પોલીસ સ્ટેશન ખાતે દોડી આવ્યા હતા. લોકઅપમાં યુવકના મોતને પગલે પરિવારમાં ભારે દુઃખ અને રોષ જોવા મળ્યો હતો.

# ગુજરાત પ્રદેશ લઘુ ઉદ્યોગ ભારતી દ્વારા ગાંધીનગર ખાતે ઈન્ડિયા ઈન્ડસ્ટ્રીયલ ફેરનું આયોજન

## ભારતીય ઉદ્યોગોને નવી ટેકનોલોજી, આધુનિક ઉત્પાદન પદ્ધતિઓ, નવા બજારો અને વ્યવસાયિક ભાગીદારીની તકો સાથે જોડવાનો વિશેષ પ્રયાસ

ગુજરાત,

ગુજરાત પ્રદેશ 'લઘુ ઉદ્યોગ ભારતી' દ્વારા દેશના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોના વિકાસ, પ્રોત્સાહન અને નવી તકોના સર્જન અર્થે આગામી ૨૩ થી ૨૬ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન હેલિપેડ એક્ઝિબિશન સેન્ટર, ગાંધીનગર ખાતે ૧૫ માં ઈન્ડિયા ઈન્ડસ્ટ્રિયલ ફેર –ૈંહ્વૈં૨૦૨૬ નું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રદર્શનના ઉદ્ઘાટન સમારોહમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેબિનેટ મંત્રી




અર્જુનભાઈ મોઢવાડિયા, લઘુ ઉદ્યોગ ભારતીના રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી પ્રકાશચંદ, રાષ્ટ્રીય અક્ષ્યક્ષ મધુકર દાદુ, રાષ્ટ્રીય મંત્રી ઓમપ્રકાશ ગુપ્તા, ગુજરાત પ્રભારી ઘનશ્યામભાઈ ઓઝા અને ક્ષેત્રીય પ્રભારી બળદેવભાઈ પ્રજાપતિ વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. આ આયોજનને ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તેમજ ઓઢવ, કઠવાડા, નરોડા, સાંતેજ, સાણંદ, વટવા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન અને લઘુ ઉદ્યોગ ભારતી સાથે જોડાયેલા તમામ જિલ્લા ઔદ્યોગિક મંડળોનું સમર્થન પ્રાપ્ત થયું છે.

આ ચાર દિવસીય ઔદ્યોગિક પ્રદર્શનનો મુખ્ય હેતુ દેશભરના સ્જીસ્ઈ એકમો, ઉત્પાદકો, ઉદ્યોગસાહસિકો, ટેકનોલોજી પ્રદાતાઓ, ખરીદદારો અને ઔદ્યોગિક સંગઠનોને એક મજબૂત વ્યવસાયિક મંચ પર એકત્ર કરવાનો છે.

# લંડન ફેશન વીકમાં ગુજરાતની માલધારી સમાજની દીકરી સોનલ દેસાઈના પરંપરાગત રબારી ભરતકામના વસ્ત્રોનો ફેશન શો યોજાયો

ગાંધીનગર,

ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિ અને માલધારી સમાજની પરંપરાગત હસ્તકળા માટે એક ઐતિહાસિક ક્ષણ તાજેતરમાં લંડન ફેશન વીકમાં સર્જાઈ હતી. રાંધેજા ગાંધીનગરના માલધારી સમાજની દીકરી અને FLAPPER6 બ્રાન્ડના ફાઉન્ડર સોનલ દેસાઈ દ્વારા તૈયાર કરવામાં આવેલા પરંપરાગત રબારી ભરતકામ, હાથ ભરતકામ, જેકો મોતી ભરતકામથી તૈયાર કરવામાં આવેલા ૨૫ જેટલાં વિવિધ અલગ- અલગ ડિઝાઈનર વસ્ત્રોના વિશેષ કલેક્શન - સમર ૨૦૨૭ "BECOMING"નો ફેશન શો ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ સેન્ટ્રલ લંડનમાં આવેલા ફેશન સ્કાઉટ પ્રોટીન સ્ટુડિઓ ખાતે યોજાયેલા આંતરરાષ્ટ્રીય




લંડન ફેશન વીકમાં યોજાયો હતો.

તા ૧૭ થી ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન લંડન ફેશન વીકમાં યોજાયેલા ફેશન શોમાં સમગ્ર વિશ્વના ફેશન ડિઝાઈનરોએ ભાગ લીધો હતો. જેમાં FLAPPER6 ના ફાઉન્ડર સોનલ દેસાઈએ ભારતીય કારીગરી અને આધુનિક લક્ઝરી ફેશનનું સંયોજન રજૂ કર્યું હતું. તેમના કલેકશનમાં રબારી ભરતકામ, જૅકો મોતી વર્ક, હેન્ડ પેઈન્ટિંગ, વૂલ, લેધર અને ડિજિટલ પ્રિન્ટ જેવી ટેકનિકનો સમાવેશ થયો હતો. વૈશ્વિક ડિઝાઈનરો અને ફેશનપ્રેમીઓની હાજરી વચ્ચે આ ફેશન શોમાં માલધારી સમુદાયના સાંસ્કૃતિક વારસા, આકર્ષક કલર કોમ્બિનેશન અને પરંપરાગત હાથ-ભરતકામની અનોખી ભાત ધરાવતા વસ્ત્રોએ ભારે આકર્ષણ જમાવ્યું હતું.

સોનલ દેસાઈએ તેમના લંડન ફેશન વીકના અનુભવો અંગે જણાવ્યું હતું કે, "સમગ્ર વિશ્વમાં યોજાતા પાંચ નામાકિંત ફેશન શો પૈકીના એક એવા લંડન ફેશન વીકમાં અમારા માલધારી સમાજના ભરતકામ કળાને રજૂ કરીને વૈશ્વિક પ્રતિસાદ મેળવવો એ મારા માટે તેમજ અમારા આખા સમાજ અને દેશ માટે અત્યંત ગર્વની વાત છે. અમને મળેલી આંતરરાષ્ટ્રીય સિધ્ધિ હું મારા સમાજને અર્પણ કરું છું.

# જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને જિલ્લા પંચાયત આરોગ્ય શાખાની વિવિધ સમિતિઓની બેઠક યોજાઇ

## નવે.૨૦૨૪ થી ઓક્ટો.૨૦૨૫ દરમિયાન જન્મેલા અને રસીકરણમાં બાકી રહી ગયેલા બાળકોનું રસીકરણ ઝડપથી પૂર્ણ કરવા સૂચના

અમરેલી:અમરેલી જિલ્લા કલેકટર શ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને અમરેલી જિલ્લા આરોગ્ય શાખાની વિવિધ સમિતિઓની બેઠક યોજાઇ હતી.અમરેલી જિલ્લા કલેકટરશ્રીએ, જિલ્લા સંચારી રોગ સર્વેક્ષણ અને સંકલન સમિતિ, જિલ્લા ટાસ્ક ફોર્સ ઈમ્યુનાઈઝેશન (રસીકરણ), નેશનલ વેકટર બોર્ન ડીસીઝ કંટ્રોલ પ્રોગ્રામ અન્વયે વિવિધ કામગીરી વિષયક વિસ્તૃત સમીક્ષા હાથ ધરી હતી.

વર્ષ-૨૦૨૫ના એપ્રિલ થી શરુ કરી અને ચાલુ ઓક્ટોબર-૨૦૨૬ માસ સુધી કરવામાં આવેલા રસીકરણની કામગીરીની વિગતો આરોગ્ય શાખા દ્વારા રજૂ કરવામાં આવી હતી. નવે.૨૦૨૪ થી ઓક્ટો.૨૦૨૫ દરમિયાન જન્મેલા અને રસીકરણમાં બાકી રહી ગયેલા બાળકોનું રસીકરણ ઝડપથી પૂર્ણ કરવા જિલ્લા કલેકટરશ્રીએ સૂચનાઓ આપી હતી. ઉપરાંત ફિલ્ડ પર સર્વે વધારવા, રસીકરણને લગતી કામગીરી ઘનિષ્ઠ રીતે કરવા બાબતે હાથ ધરવાની કાર્યવાહી વિષયક ચર્ચા કરવામાં આવી હતી.

જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા જિલ્લા સંચારી રોગ સર્વેક્ષણ અને સંકલન સમિતિ અન્વયે યોજાયેલ બેઠકમાં વાહકજન્ય રોગ, વેક્સીન પ્રીવેન્ટેબલ ડીસીઝ, ક્લોરીનેશન કામગીરી સહિતના મુદ્દે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લામાં હાલ સંચારી રોગને લઈને કોઈ રોગચાળો ફેલાયેલ નથી. આ ઉપરાંત સીઝનલ ફ્લુના જરૂરી સાધનો, ટ્રીપલ લેયર માસ્ક, ટેસ્ટિંગ કીટ, જરુરી દવાઓનો જથ્થો ઉપલબ્ધ હોવાનું જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ જણાવ્યું હતું.

ચોમાસાની ઋતુ પૂર્ણ થઈ રહી હોય અને સપ્ટેમ્બર-ઓક્ટોબર ૨૦૨૬ માસ દરમિયાન મચ્છર ઉપદ્રવના કારણે મચ્છરજન્ય રોગચાળો ન ફેલાઈ તે બાબતે વિશેષ સાવધાની રાખવાના પગલાઓ ધ્યાને લેવા સૂચના આપવામાં આવી હતી. પીવાના પાણીના ક્લોરિનેશન સહિતની બાબતે કામગીરી માટે જિલ્લા કલેક્ટરશ્રીએ સંબંધિત અધિકારીશ્રીઓને સૂચનાઓ આપી હતી.

મચ્છર ઉપદ્રવ નિયંત્રણ માટે ફોગીંગ કામગીરી અને અન્ય પગલાઓ હાથ ધરવા સૂચના આપવામાં આવી હતી. રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાકક્ષાની રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ સમિતિની બેઠક યોજાઈ હતી. રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ-તમાકુ મુક્ત શૈક્ષણિક સંસ્થા શાળા કાર્યક્રમ માર્ગદર્શિકા




મુજબ શાળા વિસ્તારથી નજીક હોય તેવા વિસ્તારમાં તમાકુ યુક્ત પદાર્થોનું વેચાણ થઈ શકે નહિ તે બાબતે કાયદાનું યોગ્ય રીતે પાલન કરવામાં આવે તે સહિતની વિશેષ સૂચનાઓ જિલ્લા કલેક્ટરશ્રીએ આપી હતી.

જિલ્લા સ્કવોડ, આરોગ્ય, પોલીસ, શિક્ષણ, વાહનવ્યવહાર, ખોરાક અને ઔષધ નિયમન, નગરપાલિકાઓ દ્વારા તમાકુ નિયંત્રણ ધારાના ભંગ બદલ એપ્રિલ ૨૦૨૬ થી સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન ૯૯૦ કેસ નોંધાયા કેસ નોંધાયા હતા અને રુ.૭૫ હજારથી વધુની રકમના દંડની રકમની વસૂલાત કરવામાં આવી હતી.

બેઠકનું સંચાલન મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ કર્યુ હતું. આ બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રી જાડેજા, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા-તાલુકા આરોગ્ય અધિકારીશ્રીઓ, નગરપાલિકા ચીફ ઓફિસરશ્રીઓ, વિવિધ કચેરીના અધિકારીશ્રીઓ-કર્મયોગીશ્રીઓ અને સમિતિના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીમાં અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી રોજગાર ભરતીમેળો યોજાશે

અમરેલી:

જિલ્લાના રોજગાર ઈચ્છુક ઉમેદવારોને રોજગારીની ઉત્તમ તકો પૂરી પાડવાના આશયથી ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળની જિલ્લા રોજગાર વિનિમય કચેરી, અમરેલી તથા આઈ.ટી.આઈ, અમરેલીના સંયુક્ત ઉપક્રમે અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી એક વિશેષ સ્વરોજગાર શિબિર અને રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ભરતીમેળો આગામી તા. ૧૬/૧૦/૨૦૨૬ને શુક્રવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે, ઔદ્યોગિક તાલીમ સંસ્થા અમરેલી ખાતે યોજાશે. આ મેળામાં ભાગ લેવા ઈચ્છતા ઉમેદવારોએ પોતાના બાયોડેટા, શૈક્ષણિક લાયકાતના મૂળ પ્રમાણપત્રો, અનુભવનું પ્રમાણપત્ર (જો હોય તો), આધાર કાર્ડ તથા પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફ સાથે સમયસર હાજર રહેવા જણાવાયું છે.

આ રોજગાર ભરતીમેળામાં પ્રતિષ્ઠિત કંપનીઓ દ્વારા વિવિધ




પદો પર સ્ત્રી અને પુરુષ ઉમેદવારોની ભરતી કરવામાં આવશે. જેમાં એલ.આઈ.સી.ઓફ ઈન્ડિયા દ્વારા કેરિયર એજન્ટની જગ્યા માટે ૧૦ પાસ, ૧૨ પાસ કે ગ્રેજ્યુએટ થયેલા ૧૮ થી ૩૦ વર્ષના ઉમેદવારોની પસંદગી કરાશે, જેમને નિયમોનુસાર કમિશન આધારિત ચૂકવણું મળશે. જ્યારે એચ.ડી.એફ.સી. લાઈફ ઈન્સ્યોરન્સ દ્વારા ડેવલપમેન્ટ મેનેજર, કન્સલ્ટન્ટ અને એડવાઈઝરની જગ્યાઓ માટે ૧૨ પાસ કે ગ્રેજ્યુએટ થયેલા ૧૮ થી ૩૫ વર્ષના ઉમેદવારો ભાગ લઈ શકશે, જેમાં વેતન કંપનીના નિયમો મુજબ રહેશે.

આ ઉપરાંત, વિઠ્ઠલાપુર (જિ. અમદાવાદ) સ્થિત ટોયોટા એન્ડ એન.ટી.ટી.એફ. કંપનીમાં ટ્રેઈનીની જગ્યા માટે ૧૦ પાસ, ૧૨ પાસ, ITI કે ડિપ્લોમાની લાયકાત ધરાવતા ૧૮ થી ૨૫ વર્ષના ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે, જેમાં માસિક રૂ. ૧૩,૦૩૯ સ્ટાઈપેન્ડ અને રૂ. ૬૦૦ બોનસ મળવાપાત્ર રહેશે.

અત્રે નોંધનીય છે, કે આ ભરતીમેળામાં નોકરીદાતા તરફથી દિવ્યાંગ ઉમેદવારો માટે કોઈ જગ્યાઓ નોંધાયેલ નથી. આ ભરતીમેળા અંગેની વધુ માહિતી મેળવવા માટે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, અમરેલીના ફોન નંબર ૦૨૭૯૨-૨૨૩૩૯૪ પર સંપર્ક કરવો તેમ રોજગાર અધિકારી (સા.), અમરેલીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ગીર ગઢડા તાલુકાના ઘોકડવામાં મોક્ષધામ ૧૨ લાખના ખર્ચે સ્નાનઘાટનું નિર્માણ

## તર્પણ ગૃહ માટે ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડે ૫ લાખ રૂપિયાના અનુદાનની જાહેરાત કરી

કૈલેશ ભટ્ટ ઉના: ગીરગઢડા તાલુકાના ઘોડકવા ગામે આવેલા મોક્ષધામ ખાતે સ્વ. વનરાજભાઈ જીકુભાઈ દરબારના સ્મરણાર્થે રૂ. ૧૨ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલા સ્નાનઘાટ નું લોકાર્પણ ઉના ના ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામના આગેવાનો, ગ્રામજનો અને ઉપસ્થિત મહાનુભાવોની હાજરીમાં લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો.



ઘોડકવા ગામના મોક્ષધામ ખાતે નિર્માણ પામેલા આ સ્નાનઘાટથી અંતિમ સંસ્કાર બાદ ધાર્મિક વિધિ અને સ્નાન માટે આવનારા લોકોને સુવિધા ઉપલબ્ધ થશે.આ પ્રસંગે ભૂતડા દાદા મંદિર ખાતે ઉના ના ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડની શાકર તુલા કરવામાં આવી હતી. ધાર્મિક માહોલ વચ્ચે યોજાયેલા આ કાર્યક્રમમાં શ્રદ્ધાળુઓ અને ગ્રામજનોએ ભાગ લીધો હતો. સાથે જ અન્નપૂર્ણા આશ્રમ ખાતે સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભક્તોએ ધાર્મિક કથાનું શ્રવણ કરી ધન્યતા અનુભવી હતી.

કાર્યક્રમ દરમિયાન ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડે તર્પણ ગૃહના નિર્માણ અને સુવિધાના વિકાસ માટે રૂ. ૫ લાખનું અનુદાન આપવાની જાહેરાત કરી હતી. આ અનુદાનથી ભવિષ્યમાં તર્પણ ગૃહની સુવિધા વિકસાવવામાં મદદ મળશે અને ધાર્મિક વિધિ માટે આવતા લોકોને વધુ સગવડ પ્રાપ્ત થશે.ઘોડકવા ગામમાં મોક્ષધામ ખાતે સ્નાનઘાટના નિર્માણ અને તર્પણ ગૃહ માટેના અનુદાનની જાહેરાતથી ગ્રામજનોમાં આનંદની લાગણી જોવા મળી હતી.

# લીલીયામાં સ્ટેમ્પ વેન્ડરની સુવિધા વધારવા તાલુકા કોંગ્રેસ પ્રમુખની રજૂઆત

## મામલતદાર કચેરીમાં એક જ બારીથી મુશ્કેલી, બીજી બારી ખોલવા કે નવા લાયસન્સ આપવા માંગ



અમરેલી:

લીલીયા મોટા તાલુકા કોંગ્રેસ પ્રમુખ નીતિનભાઈ આર. ત્રિવેદીએ કલેક્ટર, નાયબ કલેક્ટર સ્ટેમ્પ ડ્યુટી અને લીલીયા મામલતદારને લેખિત રજૂઆત કરી છે. તેમણે તાલુકામાં સ્ટેમ્પ વેન્ડરની સુવિધા વધારવાની માંગ કરી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે, લીલીયા તાલુકામાં સ્ટેમ્પ ખરીદવા માટે મામલતદાર કચેરી એકમાત્ર સ્થળ છે. એક જ બારી હોવાથી લાંબી લાઈનો લાગે છે અને સ્ટેમ્પ મોડો મળવાથી કામકાજમાં વિલંબ થાય છે, જેનાથી લોકોને ખૂબ મુશ્કેલી પડે છે.

લોન લેવા, જમીન ખરીદવા-વેચવા, ભાગીદારી કરાર, પ્લોટ લે-વેચ, પાવર ઓફ એટર્ની, સરકારી કામકાજ અને બાંધકામ કોન્ટ્રાક્ટરો સહિત અનેક કામોમાં સ્ટેમ્પની જરૂર પડે છે.

આ સમસ્યાના ઉકેલ માટે કોંગ્રેસ પ્રમુખે મામલતદાર કચેરીમાં બીજી બારી ખોલવા, નવા સ્ટેમ્પ વેન્ડરને લાયસન્સ આપવા અથવા સરકાર દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા કરવા પત્ર પાઠવ્યો છે.

# લાઠીના પાડરશિંગા કુમારશાળાના ૪ બાળકો ખેલામહાકુંભ સ્પર્ધામાં અમરેલી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે




(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

લાઠી તાલુકા ના પાડર્શિંગા કુમાર શાળા ના ૪ બાળકો રાજ્યની ખેલામહાકુંભ સ્પર્ધામાં અમરેલી જિલ્લા નું પ્રતિનિધિત્વ કરશે અમરેલી જિલ્લા કક્ષા ની ખેલમહાકુંભ -૧૪ ભાઈઓ યોગાસન સ્પર્ધા જિલ્લા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ લાલાવદર ખાતે યોજાઈ.

યોગાસન વ્યક્તિગત ચેમ્પિયનશિપ માં શ્રી પાડરશિંગા કુમાર સરકારી પ્રા. શાળા ના વિદ્યાર્થી (૧) ડાભી કેવલ સંજયભાઈ અમરેલી જિલ્લા પ્રથમ નબર અને રિધમીક યોગ દ્વિતીય નબર તેમજ (૨)મકવાણા હર્ષદ સંજયભાઈ રિધમિક યોગ પ્રથમ નબર અને (૧) મકવાણા પ્રશાંત મહેશભાઈ આર્ટસ્ટિક યોગ પ્રથમ અને (૨)મકવાણા હારીલ નરેશભાઈ આર્ટીસ્ટીક દ્વિતિય નબર પ્રાપ્ત કરી શાળા ,ગામ ગૌરવ વધાર્યું છે. શાળા પરિવાર આચાર્ય શ્રી સંગીતાબેન ડાભી , ભગીરથસિંહ ગોહિલ, કાજલબેન કમાણી , શ્રુતિબેન શેખડા તેમજ ઝ.ઇ.ઝ. સંજયભાઈ ગોહિલ , દામનગર-ર પે-સેન્ટર આચાર્ય શ્રી નરેશભાઈ નરેશભાઈ ડોડીયા . શ્રી ગૌરાંગભાઈ જોષી દ્વારા ખેલાડીઓ અને તેમના યોગકોચ ,વિ.સ .મ.શી શિક્ષક શ્રી કમલેશભાઈ કે તરખાલા ને શુભેચ્છાઓ પાઠવી છે ગૌરવની વાત એ છે.કે જિલ્લા ના ૬ ખેલાડીઓ માંથી સૌથી વધુ આ ૪ ખેલાડીઓ પાડર્શિંગા શાળા અને લાઠી તાલુકાના છે તેમના કોચ કમલેશ ભાઈ ની અથાગ મહેનત સતત પ્રેક્ટિસ ને લીધે તેઓ ગુજરાત રાજ્ય કક્ષાની ખેલમહાકુંભ ની સ્પર્ધામાં અમરેલી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

# અમરેલીની તિતિક્ષા શર્મા અંડર-૧૧ માં સ્કેટિંગમાં ચમકી : જિલ્લા કક્ષાએ બેવડી સફળતા




(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી: અમરેલી જિલ્લામાં રમતગમત ક્ષેત્રે પ્રતિભાશાળી ખેલાડીઓ પોતાની આગવી ઓળખ ઉભી કરી રહ્યા છે, ત્યારે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ અમરેલીની વિદ્યાર્થિની તિતિક્ષા શર્માએ સ્કેટિંગ સ્પર્ધામાં શાનદાર પ્રદર્શન કરીને જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

ગુજરાતની જિલ્લા રમતગમત કચેરી દ્વારા આયોજિત ૭૦મી અખિલ ભારતીય શાળાકીય રમતોની સ્પર્ધામાં તિતિક્ષાએ અંડર-૧૧ વિભાગમાં ૫૦૦ મીટર અને ૧૦૦૦ મીટર એમ બંને સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી બેવડી સફળતા હાંસલ કરી છે.

ધોરણ-૫માં અભ્યાસ કરતી તિતિક્ષા શર્માએ સ્કેટિંગમાં પોતાની પ્રતિભા અને મહેનતના જોરે સ્પર્ધામાં ભાગ લેનારા સાત પ્રતિભાગીઓ વચ્ચે પ્રથમ સ્થાન મેળવી નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી હતી. બંને સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવતાં હવે તિતિક્ષા રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે, જ્યાં તે અમરેલી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

ઉલ્લેખનીય છે કે તિતિક્ષાએ ગયા વર્ષે પણ આ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો હતો. સતત બીજા વર્ષે શાનદાર પ્રદર્શન કરીને તેણે સ્કેટિંગ ક્ષેત્રે પોતાની સફળતાની પરંપરા જાળવી રાખી છે. તિતિક્ષાની આ સિદ્ધિથી રમતગમત ક્ષેત્રે અમરેલી જિલ્લાનું ગૌરવ વધ્યું છે અને તેની આગામી રાજ્ય કક્ષાની સ્પર્ધા પર સૌની નજર રહેશે.


## રાજુલા નગરપાલિકા – રાજુલા જિ.અમરેલી

### ઓનલાઇન જાહેર નિવિદા

આથી રાજુલા નગરપાલિકા,રાજુલા,જિ:અમરેલીને સરકારશ્રી દ્વારા મંજુર થયેલ સને ૨૦૨૬ વર્ષની સ્વચ્છ ભારત મિશન ૨.૦ યોજના અંતર્ગત નીચે મુજબની વિગતે કામગીરી કરવવા માટે ઓનલાઇન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| કામનું નામ:રાજુલા શહેરના સાવરકુંડલા રોડ, પુજાબાપુ ગોશાળા ની સામે નગરપાલિકાની ડમ્પસાઇટ પરના લેગેસી વેસ્ટ નિકાલ કરવાનું કામ. | |
| અંદાજીત રકમ રૂા.૨૩.૭૦ લાખ | કામની સમય મર્યાદા:૩-માસ |
| ઈ.એમ.ડી. રૂા.૨૩,૭૦૦/- | ટેન્ડર ફી:રૂા. ૧૫૦૦/- |
| વેબસાઇટનું નામ: | www.tender.nprocure.com |
| ઓનલાઇન ટેન્ડર ડાઉનલોડ તથા જરૂરી ડોયુમેન્ટ અપલોડ માટેનીછેલ્લીતારીખ તથા સમય ૨૬/૧૦/૨૦૨૬નારોજ ૧૮.૦૦ કલાક સુધી | |
| પ્રી-બીડ મીટીંગ તારીખ તથા સમય અને સરનામું તા.૧૯/૧૦/૨૦૨૬ના રોજ ૧૫.૦૦ કલાકે રાજુલા નગરપાલિકા, મું રાજુલા, જિ: અમરેલી | |
| ઓરીજનલ ટેન્ડરફી, ઇ.એમ.ડી. અને ડોકયુમેન્ટ પહોંચતા કરવાની તારીખ, સમય તથા સરનામું ૦૨/૧૧/૨૦૨૬ના રોજ ૧૫.૦૦ કલાક સુધીમાં ચીફ ઓફિસર, રાજુલા નગરપાલિકા, મું રાજુલા, જિ: અમરેલી | |
| ટેકનીકલ બિડખોલવાનીતારીખ:૦૫/૧૧/૨૦૨૬,ના રોજ ૧૨.૦૦કલાકે | |
| પ્રાઇસ બિડખોલવાની તારીખ:૦૫/૧૧/૨૦૨૬,ના રોજ ૧૨.૩૦ કલાકે | |
| કામ અંગે વધારે માહિતી તેમજ ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે ઉપરોકત જણાવેલ વેબસાઇટ ઉપર જોવા વિનંતી સદર કામ અંગેના તમામ હકક અધિકાર નગરપાલિકાને અબાધિત રહેશે. | |

ચીફ ઓફીસર
રાજુલા નગરપાલિકા

પ્રમુખ
રાજુલા નગરપાલિકા

જિમાહિ/અમરા/૩૨૬/૨૦૨૬


# અમરેલી જિલ્લાના છેવાડાના માનવી સુધી પહોંચ્યું સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન

## અમરેલી જિલ્લામાં એક મહિનામાં ૧૦ નવા યોગ વર્ગોનો પ્રારંભ,યોગ સંવાદના માધ્યમથી ગામડે-ગામડે યોગનો પ્રચાર-પ્રસાર; જિલ્લામાં ૭૦થી વધુ યોગ વર્ગોમાં દરરોજ ૧,૦૦૦થી વધુ યોગ સાધકો કરે છે નિયમિત યોગાભ્યાસ

અમરેલી:તહેવારોની ઉજવણીની સાથે સ્વાસ્થ્ય અને સુખાકારીને પ્રાધાન્ય આપવાનો સંદેશ આપતાં અમરેલી જિલ્લામાં યોગની પ્રવૃત્તિઓને સતત વેગ મળી રહ્યો છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના માર્ગદર્શન હેઠળ 'સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાન હેઠળ યોગને જનઆંદોલનનું સ્વરૂપ આપવા માટે હાથ ધરવામાં આવી રહેલા પ્રયાસોના પરિણામે નવરાત્રિ જેવા ઉત્સવના સમયગાળા દરમિયાન પણ યોગ પ્રત્યેનો લોકોનો ઉત્સાહ યથાવત્ રહ્યો છે. છેલ્લા એક મહિનામાં જિલ્લામાં વધુ ૧૦ નવા યોગ વર્ગો શરૂ કરવામાં આવ્યા છે, જે યોગ પ્રત્યે વધતી જાગૃતિ અને જનભાગીદારીનું પ્રતિબિંબ છે.

યોગને માત્ર શારીરિક કસરત પૂરતો મર્યાદિત ન રાખતાં તેને સ્વસ્થ જીવનશૈલીનો અભિન્ન હિસ્સો બનાવવાના હેતુથી શહેરોની સાથે ગ્રામ્ય વિસ્તારોમાં પણ યોગનો વ્યાપ વધારવામાં આવી રહ્યો છે. યોગ





સંવાદના માધ્યમથી નાગરિકોને યોગનું મહત્વ સમજાવી નિયમિત યોગાભ્યાસ માટે પ્રેરિત કરવામાં આવે છે. સ્થાનિક યોગ ટ્રેનરોની સેવાભાવી કામગીરી અને નાગરિકોના સહયોગથી યોગની પ્રવૃત્તિઓ હવે ગામડે-ગામડે પહોંચવા લાગી છે.

આ અંગે માહિતી આપતા ગુજરાત રાજ્ય યોગ બોર્ડના અમરેલી જિલ્લાના કો-ઓર્ડિનેટર શ્રી સાગર મહેતા જણાવે છે કે, અમરેલી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં યોગને લોકજીવન સાથે જોડવાના પ્રયાસો હેઠળ વિવિધ ગામોમાં નિયમિત યોગ વર્ગો ચલાવવામાં આવી રહ્યા છે.

બાબરા તાલુકાના મોટા દેવળિયા ગામમાં શ્રી હેતલ બહેન જોશી દ્વારા સવારે અને સાંજે યોગ વર્ગોનું સંચાલન કરવામાં આવે છે. જ્યારે લીલીયા તાલુકાના ક્રાંકચ ગામમાં શ્રી કમળા બહેન હેલૈયા દ્વારા ગ્રામજનોને નિયમિત યોગાભ્યાસ કરાવવામાં આવે છે. આ ઉપરાંત ખાંભા તાલુકાના ઓઢા બાપુનુ સમઢિયાળા ગામમાં પણ યોગ વર્ગ દ્વારા ગ્રામજનોને યોગનો લાભ મળી રહ્યો છે.

યોગનો વ્યાપ વધારવા માટે યોગ સંવાદને મહત્વપૂર્ણ માધ્યમ બનાવવામાં આવ્યું છે. નાગરિકો સાથે સીધો સંવાદ સાધીને યોગનું મહત્વ, નિયમિત અભ્યાસની આવશ્યકતા અને દૈનિક જીવનમાં યોગના ઉપયોગ વિશે સમજ આપવામાં આવે છે. આ ઉપરાંત પોતાના ગામ, સોસાયટી કે વિસ્તારમાં યોગ વર્ગ શરૂ કરવા અને અન્ય લોકોને યોગાભ્યાસ માટે પ્રેરિત કરવા પણ નાગરિકોને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

શ્રી મહેતા ઉમેરે છે કે, અમરેલી જિલ્લામાં સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગ ૭૦થી વધુ નિયમિત યોગ વર્ગો કાર્યરત છે. ૧૦૦થી વધુ યોગ ટ્રેનરો અને કોચ યોગની સેવાઓ સાથે જોડાયેલા છે, જ્યારે દરરોજ ૧,૦૦૦થી વધુ યોગ સાધકો નિયમિત યોગાભ્યાસ કરી રહ્યા છે. છેલ્લા એક મહિનામાં શરૂ થયેલા ૧૦ નવા યોગ વર્ગો આ અભિયાનને વધુ મજબૂત બનાવે છે.

તેમણે ઉમેર્યું કે, અમરેલી જિલ્લાના જે ગામ, સોસાયટી કે વિસ્તારમાં હજુ સુધી નિયમિત યોગ વર્ગ શરૂ થયો નથી, ત્યાંના યોગપ્રેમીઓ, યુવાનો અને જાગૃત નાગરિકોને પોતાના વિસ્તારમાં યોગ વર્ગ શરૂ કરવા આગળ આવવા અપીલ કરવામાં આવે છે. યોગ ક્ષેત્રે સેવા કરવાની ભાવના ધરાવતા યુવાનો યોગ ટ્રેનર તરીકે જોડાઈને પોતાના વિસ્તારના નાગરિકો સુધી યોગનો લાભ પહોંચાડવામાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે.

'યોગ દરેક માટે અને સ્વસ્થ જીવન દરેકનો અધિકાર'ના સંદેશ સાથે અમરેલી જિલ્લામાં યોગની પ્રવૃત્તિઓને વધુ વ્યાપક બનાવવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો છે. યોગને જીવનશૈલીનો હિસ્સો બનાવી દરેક નાગરિક સુધી પહોંચાડવા માટે યોગ સંવાદ, સ્થાનિક યોગ ટ્રેનરોની સેવા અને જનભાગીદારી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યાં છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## સીએસઆરથી બ્રાન્ડ વેલ્યુમાં ક્રાંતિકારી પરિવર્તન

કોર્પોરેટ સામાજિક જવાબદારી એટલે સીએસઆર આજે કોઈ દાન કે દેખાવ પૂરતી પ્રવૃત્તિ રહી નથી પરંતુ તે એક સમજદારીભરી આર્થિક વ્યૂહરચના બની ગઈ છે. ભારતના કંપની અધિનિયમ હેઠળ મોટી કંપનીઓ માટે નફાના એક ભાગને સમાજ કલ્યાણ પાછળ ખર્ચવો ફરજિયાત છે અને શરૂઆતમાં આ ખર્ચ જેવું લાગે છે પરંતુ લાંબા ગાળે તે જ રકમ કંપની માટે મોટા રોકાણમાં ફેરવાઈ જાય છે. જ્યારે કોઈ કંપની શિક્ષણ, પર્યાવરણ, આરોગ્ય કે ગરીબી નિવારણ જેવા ક્ષેત્રોમાં કામ કરે છે ત્યારે સમાજમાં તેની એક સકારાત્મક અને વિશ્વાસપાત્ર છબી ઊભી થાય છે. આ સારી છબીને કારણે ગ્રાહકો તે કંપનીની વસ્તુઓ અને સેવાઓ તરફ વધુ આકર્ષાય છે અને બ્રાન્ડ પ્રત્યે વફાદારી વધે છે જે સીધી રીતે વેચાણ અને નફામાં વધારો કરે છે. આ ઉપરાંત સીએસઆર અંતર્ગત કરાયેલા ઘણા ખર્ચાઓ પર સરકાર તરફથી કરમાં છૂટ મળતી હોવાથી કંપની પરનો આર્થિક બોજ હળવો થાય છે. આજના સમજદાર રોકાણકારો પણ પૈસા રોકતા પહેલા કંપની કેટલી સામાજિક રીતે જવાબદાર છે તે જુએ છે અને સારો સીએસઆર રિપોર્ટ ધરાવતી કંપનીના શેર વધુ સ્થિર અને આકર્ષક ગણાય છે. સ્થાનિક સ્તરે જો કંપની ગામ કે શહેરના વિકાસમાં સહભાગી બને તો લોકોનો વિરોધ કે અવરોધ ઘટે છે અને કામગીરી સરળતાથી ચાલે છે જેથી અણધાર્યા નુકસાનનું જોખમ પણ ટળે છે. આ આર્થિક લાભોની સાથે સીએસઆર નો સૌથી સુંદર પ્રભાવ કર્મચારીઓના જીવન પર પડે છે. જ્યારે કંપની વૃક્ષારોપણ, રક્તદાન શિબિર, સ્વચ્છતા અભિયાન કે બાળકોને ભણાવવા જેવા કાર્યક્રમો કરે છે ત્યારે કર્મચારીઓને તેમાં સીધા જોડાવાની તક મળે છે. આ સહભાગીતાથી તેમનામાં એકલા પગાર માટે નહીં પરંતુ કોઈ સારા હેતુ માટે કામ કર્યાનો ગર્વ અને સંતોષ જન્મે છે. આવી ગર્વની લાગણી ટીમમાં એકતા વધારે છે અને કર્મચારીઓ કંપની છોડીને જતા નથી. કંપનીઓ ઘણીવાર સીએસઆર ભંડોળનો ઉપયોગ પોતાના કર્મચારીઓના સ્વાસ્થ્ય તપાસ, તેમના બાળકોના શિક્ષણ અને નવી આવડતો શીખવવા માટે પણ કરે છે જે તેમના પરિવાર માટે સીધો આર્થિક અને સામાજિક ટેકો બની રહે છે. અંતે ખુશ અને ગૌરવ અનુભવતો કર્મચારી વધુ લગન અને ઉત્સાહથી કામ કરે છે જે કંપનીની ઉત્પાદકતાને આપોઆપ વધારે છે. આમ સીએસઆર એ કંપની, કર્મચારી અને સમાજ ત્રણેય માટે લાભદાયી એવી સંતુલિત વિકાસની ચાવી છે.દરેક ઉદ્યોગસાહસિકનું સ્વપ્ન હોય છે કે તેનો બિઝનેસ ઝડપથી વિકસે અને બજારમાં મજબૂત સ્થાન બનાવે. પરંતુ આજના સમયમાં ફક્ત આવક અને નફો એ સફળતાનો એકમાત્ર માપદંડ નથી રહ્યો. ગ્રાહકો, રોકાણકારો અને સમાજ એવી કંપનીઓ તરફ વધુ આકર્ષાય છે, જે વ્યવસાય સાથે સામાજિક જવાબદારીનું પાલન કરે છે. આ જ કારણ છે કે કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી, જેને સામાન્ય ભાષામાં કોર્પોરેટ સામાજિક જવાબદારી કહેવાય છે, તે આજે દરેક સ્ટાર્ટઅપ અને સ્થાપિત બિઝનેસ માટે એક મહત્ત્વપૂર્ણ વ્યૂહરચના બની ગઈ છે. તે એક સ્વયં નિયમનકારી બિઝનેસ મોડલ છે, જેમાં કંપની પોતાની મરજીથી સામાજિક અને પર્યાવરણીય મુદ્દાઓને તેની કાર્યપ્રણાલીમાં જોડે છે.

# નવરાત્રિ અને નવપદ : આરાધના અને ઉપાસનાનું પર્વ, વિરાધના અને વાસનાનું પર્વ નથી

કરંટ ટોપિક

જંગલમાં ઠેર-ઠેર હાથી ઘોડા-ઊંટ-ગાય-ભેંસ-બકરી-હંસ- ચકલી-મોર વગેરે પડયા હતા. અર્થાત્ પાંદડામાં કોતરાયેલા હાથી-ઘોડા વગેરે હતા. અથવા તો એમ પણ કહી શકાય કે હાથી-ઘોડા વગેરે કોતરાયેલા હોય એવા પાંદડા ઠેર-ઠેર પડયા હતા.

આબેહૂબ હાથી-ઘોડા જેવી કોતરણી આ પાંદડાઓમાં હતી. જોનારા બંને જણા આ પાંદડા જોઈને આફરીન પોકારી ઊઠયા.. આવી અદ્ભુત કળા આજ પહેલાં ક્યારેય જોવામાં આવી ન હતી. કોઈક અદ્ભુત કલાકાર જ આવી કલાકારીગરી કરી શકે. પણ અહીં આ જંગલ જેવા વાતાવરણમાં એ કલાકાર શું કરતો હશે ? આવી કલા અહીં વેર-વિખેર કેમ હશે ? આ વિચારણા સાથે એ બે ય દ્રષ્ટા આગળ વધ્યા.

ત્યાં આસપાસના વૃક્ષોમાં રહેલા લીલા પાંદડા પણ આવી કલાકૃતિ સભર હતા. અનેક વૃક્ષોના પાંદડા આવી કલાકૃતિવાળા જોયા પછી એમને વિચાર આવ્યો.- 'શું આ વૃક્ષોના પાંદડા જ આવા હશે ?' બંને જણાએ એ વિચાર એકબીજા આગળ રજૂ કર્યો.

વાતની ખાતરી કરવા તેમણે વૃક્ષો બરાબર જોયા તપાસ્યા બધાં જ પાંદડા આવી કલાકૃતિ સભર ન હતા. પણ કેટલાક પાંદડા જ આવી કલાથી સુંદર બનેલા હતા.

'તો શું જીવાતોએ આ કલા કરી હશે ?' આ વિચારણા પછી બરાબર ધારી ધારીને જોવાથી ખ્યાલ આવ્યો કે આ કલા કોઈ જીવાતોની નથી.. પણ કોઈક માણસની જ છેપ કોઈક માણસે જ આ બધી કલાકૃતિઓ ઉભી કરી છે. પણ ત્યાં કોઈ માણસ નજરે ચડયો નહી.

હવે આ બંનેએ આ જંગલમાં માણસની શોધ આદરી. કહે છે કે શોધવાથી તો ભગવાન પણ મળી જાય. તો માણસ શું ચીજ છે. એ કેમ ના મળે ? અને આખરે એક માણસ મળી ગયો. એક નાનું ઝુંપડાં જેવું રહેવાનું સ્થળ હતું. અને બહારનો ચોગાન હરવા-ફરવા-બેસવા માટે સાફ કરેલો હતો.

આગંતુક વ્યક્તિએ તેનું નામ અને અહીં રહેવાનું જીવવાનું પ્રયોજન પૂછયું.

જંગલ-નિવાસી વ્યક્તિએ પોતાની નિષાદરાજના પુત્ર તરીકેની ઓળખાણ આપતા કહ્યું- 'હું અહીં ધનુષ્ય-વિદ્યા શીખવા માટે રહ્યો છું. દુનિયાનો અગ્રિમ હરોળનો ધનુર્ધર બનવાનો મારો પ્રયત્ન મારા ગુરૂદેવના પરમ આશીર્વાદથી પ્રગતિના પથ પર છે ?

'તારા ગુરૂ કોણ છે ? અને ક્યાં છે ?' આગંતુકે પ્રશ્ન યુગલની ભાષામાં બીજો પ્રશ્ન પૂછયોપ

'મારા પૂજયપાદ એ ગુરૂદેવનું નામ છે- દ્રોણાચાર્યજી અને તેઓ મારા ચોગાનમાં બિરાજમાન છે.' આ રહ્યા..' કહીને તેણે એક મૂર્તિ તરફ ઈશારો કર્યો.

આગંતુક બંને વ્યક્તિ તેની તરફ અને તે મૂર્તિ તરફ જોતાં જ રહી ગયા. આ બંને આગંતુક વ્યક્તિમાં એક હતા. દ્રોણાચાર્યજી અને બીજા હતા. શ્રેષ્ઠ ધનુર્ધર અર્જુન..

અહીં પ્રસિદ્ધ પ્રસંગ એવો આવે છે કે એક ભસતા કૂતરાનું મોં બાણથી ભરી દે છે અને આ દ્રશ્ય જોઈને અર્જુન અને દ્રોણાચાર્યજી એ વ્યક્તિને મળે છે. જેને દુનિયા એકલવ્ય તરીકે ઓળખે છે.

અહીં એક ગ્રંથ છે- 'ઉપદેશ-પ્રાસાદ'. આચાર્ય શ્રી વિજયલક્ષ્મીસૂરીશ્વરજી મહારાજાએ બનાવેલ આ ગ્રંથમાં ૩૬૦ પ્રવચનો-વ્યાખ્યાનો આખ્યાનો છે. જેમાં ૧૮૭માં દિવસના પ્રવચનમાં આ એકલવ્યની વાર્તા છે.

'ગુજરાત વિદ્યાપીઠ- અમદાવાદ' દ્વારા પ્રકાશિત જોડણીકોશ મધ્યે એકલવ્યની ઓળખમાં જણાવ્યું છે કે તે નિષાદરાજનો પુત્ર છે. તો દ્રોણાચાર્ય અને અર્જુનના મિલન પછી એ એકલવ્ય તરીકે પ્રસિદ્ધિને પામે છે. એવું વિધાન ઉપદેશ પ્રાસાદ નામે મહાગ્રથમાં છે.

અહીં એકલવ્યની આ કળા જોયા પછી અર્જુન ગુરૂ દ્રોણાચાર્યને કહે છે - આપે મને સર્વશ્રેષ્ઠ ધનુર્ધર બનાવવાની ઈચ્છા દર્શાવી હતી. પણ મને એમ લાગે છે કે આપના આશિર્વાદ અહી વળી ગયા છે.'

ગુરૂ દ્રોણાચાર્ય કહે છે- 'વત્સ ! આના દ્વારા એક બોધ અહીં શીખવા જેવો છે- વ્યક્તિ કરતાં પણ તેની મૂર્તિ શક્તિશાળી સાબિત થઈ છે. ભગવાન જે ન આપી શકે તે ભગવાનની મૂર્તિ આપી દે છે. મૂર્તિમાં ભગવાન બમણી તાકાત લઈને બેઠા હોય છે. મૂર્તિને ક્યારેય ઓછી ના આંકતોપ મૂર્તિપૂજા પણ જીવંત પૂજા છે.'

તે પછી અર્જુનનું મન મનાવવા કપટથી ગુરૂ દ્રોણાચાર્ય એકલવ્ય પાસે ગુરૂદક્ષિણામાં જમણા હાથનો અંગૂઠો માંગે છે. અને સહર્ષ પોતાનો અંગૂઠો કાપીને એકલવ્ય આપી દે છેપ

જે એકલવીર છે અને એકલવ્યથી આગળ વધે છે, તે જ એકલવ્ય બને છે.

'ઉપદેશપ્રાસાદ' નામે ગ્રંથમાં ચૈત્ર સુદ-૧ થી વાર્તા-પ્રવચનની શરૂઆત થાય છે. એટલે નવપદનો પ્રારંભ દિવસ ૧૮૭મો આવે છે. જેમાં ભગવાનની ભક્તિ કરવાની વાત જણાવતાં ગ્રંથકાર કહે છે કે આ ઓળીના દિવસોમાં દેવો-ઈન્દ્ર પણ ભગવાનના જિનાલયમાં જઈને ભગવાનની મૂર્તિની પૂજા-ભક્તિ કરે છે. એકલવ્યની જેમ એકલક્ષ્ય સાથે આગળ વધવું જોઈએ.

આ નવરાત્રિના અને નવપદના દિવસો આરાધના અને ઉપાસનાના દિવસો છે. એને વિરાધના અને વાસનામાં ફેરવવાનું ઘોર મહાપાપ કયારેય ના કરતા.

# ખુશીઓના ખજાનાની ચાવી : મનની પવિત્રતા

ફૂલ બેહદ સુંદર હોય તો એ ફૂલ સહુને ગમે છે, અત્તર વિશેષથી ખુશ્બુદાર હોય તો એ અત્તર સહુને ગમે છે અમે જીવન ખુશીઓથી ભરપૂર હોય તો એ જીવન પણ સહુને ગમે છે. આવું ખુશીઓથી સંપન્ન જીવન રચવા માટેનો ત્રીજો ઉપાય છે પવિત્ર મનનું સર્જન.

પ્રથમ દ્દષ્ટિએ સવાલ થાય કે ખુશીઓને અને મનની પવિત્રતાને વળી શું નાતો ? પરંતુ વાસ્તવમાં ખુશીઓને મનની પવિત્રતા સાથે મજબૂત સંબંધ છે. કારણ કે મન પવિત્ર હોય તો આપણને ત્રણ લાભ થાય છે : (૧) મન હંમેશા શુભ કાર્યો કરવા માટે જ પ્રેરિત થાય છે : પવિત્ર મનમાં શુભ કાર્યો કરવાની જ મતિ પ્રગટે તે સહજ છે અને શુભકાર્યો દ્વારા પ્રગટેલું પુણ્ય જીવનમાં ખુશીઓ સર્જે તે પણ સહજ છે. (૨) કોઈના માટે ફરિયાદ રહેતી નથી : પવિત્ર મનમાં દરેક બાબતને સકારાત્મક લેવાની વૃત્તિ હોય છે. ક્યારેક નિષ્ફળતા મળે તો એ વિચારશે કે કોઈક કર્મોના ઉદયથી આ બન્યું. પરંતુ હવે હું વધારે પુરુષાર્થ કરીશ. કોઈક હેરાન-પરેશાન કરી જાય તો એ વિચારશે કે 'અરે! ક્યારેક આ ભવમાં યા પરભવમાં મેં ય તેને હેરાન કર્યો જ હશે ને ? એમાં એનો શો દોષ ? અને કો'ક વિના કારણે અપમાન કરે તો વિચારશે કે 'આજે વ્યક્તિને કેટલાય પ્રકારની તકલીફો-ચિંતાઓ હોય છે. તેથી સ્ટ્રેસમાં ક્યારેક આવું થઈ પણ જાયપ' દરેક બાબતને આ રીતે સકારાત્મક લેવાથી વ્યક્તિ દુ:ખી થતી નથી અને ખુશ રહે છે.



(૩) સૌનાં માટે મનમાં હંમેશા શુભ વિચારો રહે છે : પવિત્ર મન હંમેશા સૌનું ભલું થાય- સારું થાય તેવા વિચારો જ કરે છે અને નિયમ એ છે કે જેવા વિચાર આપણે સામેવાળા માટે કરીએ એવા જ વિચાર 'એક્શન એવું રિએક્શન' ન્યાયે સામેની વ્યક્તિનાં મનમાં આપણા માટે આવે છે એટલે કે જો આપણા મનમાં સામેની વ્યક્તિની ખુશીના વિચારો હોય તો સામેની વ્યક્તિનાં મનમાં પણ આપણી ખુશીના વિચારો આવે. આ વાતને એક ઘટના દ્વારા સમજીએ : રાજા અને મંત્રી રસ્તા ઉપરથી પસાર થતા હતા. વાતવાતમાં મંત્રી બોલ્યો : ''મહારાજ! આપણા મનમાં જો બીજા માટે બૂરા વિચાર હોય તો તેનાં મનમાં પણ આપણા માટે બૂરા વિચાર આવે. માટે હંમેશા સારા વિચાર કરવા જોઈએ.'' રાજાએ તર્ક કર્યો ''અરે! આપણા વિચાર આપણે જાણીએ. એની અસર વળી બીજાને ક્યાંથી થાય ? આપણા વિચારોની ખબર બીજાને શી રીતે પડે ?'' ''હું તમને હમણાં બતાવું.'' મંત્રીએ કહ્યું : ''તમે સામેથી આવી રહેલ વ્યક્તિ માટે મનમાં બૂરું વિચારો.'' રાજાએ એ પ્રમાણે વિચાર્યું. એ વ્યક્તિ નજીક આવી એટલે મંત્રીએ તેને બોલાવી અને પૂછયું : ''રાજા તરફથી તને અભયવચનન છે. પણ સાચું બોલ, હમણાં તને રાજા માટે શું વિચાર આવ્યો ?'' પેલી વ્યક્તિએ ગભરાતા ગભરાતા કહ્યું : ''ખબર નહિ કેમ! પણ મને રાજાને થપ્પડ મારવાના વિચારો આવ્યા. ખૂબ ગુસ્સો આવ્યો રાજા ઉપર.'' મંત્રીએ તેને જવા દીધો અને બીજી વ્યક્તિ માટે રાજાને સારું વિચારવાનું કહીને એ વ્યક્તિને પણ આ જ પ્રશ્ન કરતા જવાબ મળ્યો : ''આપણા રાજા ખૂબ દયાળુ-ભલા છે. તે દીર્ઘાયુ બને એવા વિચાર આવ્યા.'' આ છે આપણા શુભ-અશુભ વિચારોની તાકાત. સારાંશ એટલો જ કે મનની પવિત્રતા એ ખુશીઓના ખજાનાની ચાવી છે. ચાલો, આ પવિત્રતાની પ્રાપ્તિ માટે આપણે પુરુષાર્થ અને પ્રભુપ્રાર્થનાનું આલંબન લઈએ.

# સ્કંદમાતાની આરાધના : સુખી પરિવાર અને સશક્ત સમાજનો માર્ગ

**નવરાત્રીના નવ દિવસ આદ્યશક્તિ જગદંબાના વિવિધ સ્વરૂપોની આરાધના માટે સમર્પિત છે. દરેક સ્વરૂપમાં જીવનને નવી દિશા આપતો આધ્યાત્મિક સંદેશ સમાયેલો છે. નવરાત્રીના પ્રથમ ચાર દિવસની ઉપાસના પછી પાંચમા દિવસે માતા દુર્ગાના પાંચમા સ્વરૂપ માતા સ્કંદમાતાની પૂજા કરવામાં આવે છે. સ્કંદમાતા નામનો અર્થ થાય છે ભગવાન સ્કંદની માતા. ભગવાન સ્કંદને કાર્તિકેય અથવા કુમાર કાર્તિકેય તરીકે પણ ઓળખવામાં આવે છે.**

આસપાસ ચોપાસ — સુરેશ ભટ્ટ

નવરાત્રીનો પાંચમો દિવસ માનવીને યાદ અપાવે છે કે આજના અશાંત સમયમાં શક્તિની સાથે કરુણા, પ્રગતિની સાથે સંસ્કાર અને સફળતાની સાથે માનવતા પણ એટલી જ જરૂરી છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિકાસે માનવીને અનેક સુવિધાઓ આપી છે, પરંતુ પારિવારિક સંબંધોમાં વધતું અંતર, બાળકો પર ભણતરનો બોજ, યુવાનોમાં માનસિક તણાવ અને સમાજમાં સંવેદનશીલતાનો અભાવ ચિંતાનો વિષય છે. આવા સંજોગોમાં માતા સ્કંદમાતાની ઉપાસના આપણને પ્રેમ, વાત્સલ્ય, જવાબદારી અને નિર્ભયતાનો માર્ગ બતાવે છે. માતૃત્વની મમતા અને શક્તિનું અદ્ભુત સંયોજન ધરાવતાં માતા સ્કંદમાતા જાણે સંદેશ આપે છે કે સાચી શક્તિ બીજાને દબાવવામાં નહીં, પરંતુ તેમને સંભાળવામાં, ઘડવામાં અને મુશ્કેલીના સમયમાં તેમની પડખે ઊભા રહેવામાં રહેલી છે.

નવરાત્રીના નવ દિવસ આદ્યશક્તિ જગદંબાના વિવિધ સ્વરૂપોની આરાધના માટે સમર્પિત છે. દરેક સ્વરૂપમાં જીવનને નવી દિશા આપતો આધ્યાત્મિક સંદેશ સમાયેલો છે. નવરાત્રીના પ્રથમ ચાર દિવસની ઉપાસના પછી પાંચમા દિવસે માતા દુર્ગાના પાંચમા સ્વરૂપ માતા સ્કંદમાતાની પૂજા કરવામાં આવે છે. સ્કંદમાતા નામનો અર્થ થાય છે ભગવાન સ્કંદની માતા. ભગવાન સ્કંદને કાર્તિકેય અથવા કુમાર કાર્તિકેય તરીકે પણ ઓળખવામાં આવે છે. તેઓ દેવસેનાના સેનાપતિ અને પરાક્રમના પ્રતીક માનવામાં આવે છે. માતા સ્કંદમાતાનું સ્વરૂપ માતાના નિઃસ્વાર્થ પ્રેમ, સંતાન પ્રત્યેની જવાબદારી, રક્ષણ અને જ્ઞાનનું પ્રતિનિધિત્વ કરે છે.માતા સ્કંદમાતાના સ્વરૂપમાં આધ્યાત્મિકતા અને માતૃત્વનો અનોખો સમન્વય જોવા મળે છે. પરંપરાગત ચિત્રોમાં તેઓ સિંહ પર બિરાજમાન હોય છે અને તેમના ખોળામાં બાળ કાર્તિકેય વિરાજે છે. તેમનાં ચાર હાથ દર્શાવવામાં આવે છે. બે હાથમાં કમળનાં પુષ્પ હોય છે, જ્યારે બીજા હાથથી તેઓ પુત્રને ધારણ કરે છે અને એક હાથ ભક્તોને આશીર્વાદ આપતી મુદ્રામાં હોય છે. કેટલીક પરંપરાઓમાં તેમનું કમળ પર બિરાજમાન સ્વરૂપ પણ જોવા મળે છે. સિંહ શક્તિ, હિંમત અને નિર્ભયતાનું પ્રતીક છે, જ્યારે ખોળામાં બેઠેલા બાળ કાર્તિકેય માતાના વાત્સલ્યને વ્યક્ત કરે છે. કમળ પવિત્રાતા અને નિર્મળતાનો સંદેશ આપે છે. આ સમગ્ર સ્વરૂપ આપણને સમજાવે છે કે શક્તિ અને મમતા એકબીજાથી અલગ નથી. સાચી શક્તિમાં બીજાનું રક્ષણ કરવાની ભાવના પણ હોવી જોઈએ.

માતા સ્કંદમાતાની કથા ભગવાન શિવ, માતા પાર્વતી અને તારકાસુર સાથે જોડાયેલી છે. પૌરાણિક માન્યતા અનુસાર તારકાસુર નામના અસુરે કઠોર તપ કરીને બ્રહ્માજી પાસેથી વરદાન મેળવ્યું હતું કે ભગવાન શિવના પુત્ર સિવાય અન્ય કોઈ તેનો વધ કરી શકશે નહીં. તેને લાગ્યું કે શિવજી વૈરાગ્યમાં લીન હોવાથી તેમના પુત્રનો જન્મ થવાની શક્યતા ઓછી છે. આ વરદાનના બળે તે અત્યંત શક્તિશાળી બન્યો અને દેવતાઓ તથા ઋષિમુનિઓને ત્રાસ આપવા લાગ્યો. તેના અત્યાચારથી ત્રસ્ત દેવતાઓએ ભગવાન શિવ અને માતા પાર્વતીના પુત્રના જન્મ માટે પ્રાર્થના કરી, જેથી તારકાસુરના અન્યાયનો અંત આવે.દૈવી પરંપરા અનુસાર ભગવાન શિવ અને માતા પાર્વતીના પુત્ર તરીકે કાર્તિકેયનો જન્મ થયો. કાર્તિકેયમાં બાળપણથી જ અસાધારણ તેજ, સાહસ અને પરાક્રમ હતાં. યોગ્ય સમયે તેમને દેવસેનાના સેનાપતિ બનાવવામાં આવ્યા. તેમણે દેવતાઓનું નેતૃત્વ કરીને તારકાસુર સામે યુદ્ધ કર્યું અને તેનો સંહાર કર્યો. આ રીતે દેવતાઓને તેના અત્યાચારથી મુક્તિ મળી. આ કથાના વિવિધ પુરાણો અને પરંપરાઓમાં કેટલીક વિગતો અલગ રીતે વર્ણવાય છે, પરંતુ તેનો મુખ્ય ભાવ ધર્મની રક્ષા અને અન્યાય સામેના વિજયનો છે. માતા સ્કંદમાતાનું સ્વરૂપ આ કથામાં વિશેષ મહત્ત્વ ધરાવે છે, કારણ કે તેઓ એવા પરાક્રમી પુત્રની માતા છે જેની શક્તિનો ઉપયોગ લોકકલ્યાણ માટે થાય છે.

આ કથા માત્ર દેવતાઓ અને અસુરો વચ્ચેના યુદ્ધની વાત નથી. તેમાં જીવનને ઉપયોગી એવા અનેક સંદેશો સમાયેલા છે. તારકાસુરનો અહંકાર અને સત્તાનો દુરુપયોગ આપણને ચેતવે છે કે શક્તિ જ્યારે વિવેકથી અલગ પડે છે ત્યારે તે વિનાશનું કારણ બને છે. બીજી તરફ, કાર્તિકેયનું પરાક્રમ બતાવે છે કે સાહસ, શિસ્ત અને યોગ્ય માર્ગદર્શનથી મુશ્કેલ પડકારોનો સામનો કરી શકાય છે. માતા સ્કંદમાતાનું માતૃત્વ એ વાતનું પ્રતીક છે કે સંતાનના વ્યક્તિત્વના ઘડતરમાં પ્રેમ અને સંસ્કારની ભૂમિકા અત્યંત મહત્ત્વની છે. બાળકને માત્ર સુવિધાઓ આપવાથી તેનું જીવન ઘડાતું નથી; તેને સારા વિચારો, જવાબદારી, સંયમ અને અન્યાય સામે અવાજ ઉઠાવવાની હિંમત પણ આપવી પડે છે.

નવરાત્રીના પાંચમા દિવસે ભક્તો માતા સ્કંદમાતાની પૂજા, આરતી, મંત્રજાપ અને પ્રાર્થના કરે છે. ફૂલ, ફળ અને મીઠાઈ ધરાવીને માતા પ્રત્યેની શ્રદ્ધા વ્યક્ત કરવામાં આવે છે. કેટલીક પરંપરાઓમાં કેળાંનો પ્રસાદ ધરાવવાની માન્યતા પણ છે. ભક્તો સંતાનના સુખ, પરિવારની શાંતિ, જ્ઞાન, સમૃદ્ધિ અને જીવનમાં સદબુદ્ધિ માટે પ્રાર્થના કરે છે. 'ૐ દેવી સ્કન્દમાતાયૈ નમઃ' મંત્રનો જાપ પણ કરવામાં આવે છે. જોકે, પૂજાવિધિ અને પ્રસાદની પરંપરાઓ પ્રદેશ તથા કુટુંબ પ્રમાણે અલગ હોઈ શકે છે. ઉપાસનાનું સાચું મૂલ્ય માત્ર વિધિમાં નહીં, પરંતુ તેનાથી જીવનમાં ઊતરતા સદગુણોમાં રહેલું છે.આજના સમયમાં માતા સ્કંદમાતાની ઉપાસનાનો સંદેશ ખાસ કરીને પરિવારજીવન માટે પ્રસ્તુત છે. વ્યસ્ત જીવનશૈલી, રોજગારની ચિંતા અને ડિજિટલ સાધનોના વધતા ઉપયોગને કારણે પરિવારના સભ્યો એક જ ઘરમાં હોવા છતાં એકબીજાથી દૂર થઈ રહ્યા છે. માતા-પિતા બાળકોને સારો અભ્યાસ અને ઉજ્જવળ ભવિષ્ય આપવા માટે સતત પ્રયત્નશીલ રહે છે, પરંતુ ક્યારેક તેમની સાથે બેસીને વાત કરવાનો, તેમની મુશ્કેલીઓ સાંભળવાનો અને તેમની લાગણીઓને સમજવાનો સમય ઓછો પડે છે. માતા સ્કંદમાતાનું સ્વરૂપ આપણને સમજાવે છે કે બાળકોને માત્ર સફળ બનાવવાં પૂરતું નથી; તેમને સારા માણસ બનાવવાં પણ જરૂરી છે. બાળકની ભૂલને સમજાવવી, તેની વાત શાંતિથી સાંભળવી અને નિષ્ફળતાના સમયે તેનો આત્મવિશ્વાસ જાળવી રાખવો એ પણ માતા-પિતાની મહત્ત્વપૂર્ણ જવાબદારી છે.

માતૃત્વનો આ સંદેશ માત્ર સ્ત્રીઓ પૂરતો સીમિત નથી. પરિવારના દરેક સભ્યમાં સંભાળ, સહાનુભૂતિ અને જવાબદારીની ભાવના હોવી જોઈએ. વૃદ્ધ માતા-પિતાની સેવા, બીમાર વ્યક્તિની સંભાળ, જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણમાં મદદ અને મુશ્કેલીમાં મુકાયેલા માણસને હિંમત આપવી એ બધાં જ માતૃત્વના વ્યાપક મૂલ્યો છે. જે સમાજ પોતાના નબળા અને વંચિત લોકોને સાચવે છે, તે સમાજ વધુ સંવેદનશીલ અને મજબૂત બને છે. માતા સ્કંદમાતાની આરાધના આપણને પોતાના સુખની સાથે બીજાના સુખનો પણ વિચાર કરવાની પ્રેરણા આપે છે.સમાજમાં વધતી હિંસા, અસહિષ્ણુતા અને સ્વાર્થની ભાવના સામે પણ આ ઉપાસના મહત્ત્વપૂર્ણ સંદેશ આપે છે. મતભેદ હોવો સ્વાભાવિક છે, પરંતુ મતભેદને દુશ્મનાવટમાં ફેરવવો યોગ્ય નથી. શક્તિનો ઉપયોગ નબળા માણસને દબાવવા માટે નહીં, પરંતુ અન્યાયનો વિરોધ કરવા અને નિર્દોષનું રક્ષણ કરવા માટે થવો જોઈએ. કાર્તિકેયનું પરાક્રમ અને માતા સ્કંદમાતાનું વાત્સલ્ય આપણને આ બંને ગુણોનું સંતુલન શીખવે છે. હિંમત સાથે વિનમ્રતા અને નિર્ણયશક્તિ સાથે કરુણા હોય ત્યારે જ વ્યક્તિનું વ્યક્તિત્વ સંપૂર્ણ બને છે.નવરાત્રીના પાંચમા દિવસનું મહત્ત્વ આપણને આંતરિક જીવન તરફ પણ વાળે છે. ઘણી વાર માણસ બહારની સફળતા મેળવવામાં એટલો વ્યસ્ત બની જાય છે કે મનની શાંતિ, સંબંધોની મીઠાશ અને પોતાની નૈતિક જવાબદારીઓને ભૂલી જાય છે. માતા સ્કંદમાતાની ઉપાસના આત્મચિંતન કરવાની તક આપે છે. આપણે વિચારવું જોઈએ કે આપણા વર્તનથી પરિવારને શાંતિ મળે છે કે તણાવ, આપણા શબ્દોથી



બીજાને હિંમત મળે છે કે દુઃખ અને આપણી શક્તિનો ઉપયોગ સારા કાર્ય માટે થાય છે કે માત્ર પોતાના સ્વાર્થ માટે. આવા પ્રશ્નોના પ્રામાણિક જવાબો જ ઉપાસનાને જીવનમાં અર્થપૂર્ણ બનાવે છે.માતા સ્કંદમાતા પ્રેમ અને પરાક્રમ, મમતા અને જવાબદારી તથા શક્તિ અને સંયમના સુંદર સમન્વયનું પ્રતીક છે. નવરાત્રીના પાંચમા દિવસે તેમની આરાધના કરતાં આપણે માત્ર આશીર્વાદની પ્રાર્થના ન કરીએ, પરંતુ તેમના ગુણોને પોતાના જીવનમાં ઉતારવાનો સંકલ્પ પણ કરીએ. બાળકોને સંસ્કાર આપીએ, વડીલોનું સન્માન કરીએ, જરૂરિયાતમંદને મદદ કરીએ અને અન્યાય સામે હિંમતથી ઊભા રહીએ. આજના સંજોગોમાં માતા સ્કંદમાતાનો સાચો સંદેશ એ છે કે પ્રેમ માણસને નબળો બનાવતો નથી, પરંતુ તેને વધુ શક્તિશાળી બનાવે છે. જ્યાં કરુણા સાથે હિંમત, જ્ઞાન સાથે વિનમ્રતા અને શક્તિ સાથે સેવા જોડાય છે, ત્યાં વ્યક્તિ, પરિવાર અને સમાજના જીવનમાં સુખ, શાંતિ અને પ્રગતિનો માર્ગ ઉજ્જવળ બને છે.

# વેસ્ટ ઈન્ડિઝે ટેસ્ટ શ્રેણી માટે ટીમની જાહેરાત કરી, ૨૩ વર્ષીય નવોદિત ખેલાડીને પહેલો કોલ-અપ મળ્યો

નવીદિલ્હી,

વેસ્ટ ઈન્ડિઝે બાંગ્લાદેશ પ્રવાસ માટે તેમની ૧૫ સભ્યોની ટીમની જાહેરાત કરી છે. ૨૩ વર્ષીય બેટ્સમેન કેવિન વિકહામને પહેલીવાર ટેસ્ટ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. સતત ત્રણ સદી ફટકારનાર વિકહામને તેના પ્રભાવશાળી પ્રદર્શન માટે પુરસ્કાર આપવામાં આવ્યો છે. દરમિયાન, ઝડપી બોલર અલ્ઝારી જોસેફને વર્કલોડ અને ઈજાના જોખમને કારણે ટીમમાંથી બાકાત રાખવામાં આવ્યો છે. વેસ્ટ ઈન્ડિઝ અને બાંગ્લાદેશ વચ્ચે બે ટેસ્ટ શ્રેણી રમાશે. ૨૦૨૫-૨૦૨૭ ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ચક્રમાં વેસ્ટ ઈન્ડિઝનો આ છેલ્લો કાર્યકાળ હશે. શ્રેણીની પહેલી મેચ ૨૮ ઓક્ટોબરથી મીરપુરમાં અને બીજી ટેસ્ટ ૫ નવેમ્બરથી સિલહટમાં રમાશે.




કેવિન વિકહામે સિનિયર ટેસ્ટ ટીમમાં પોતાનો પહેલો કોલ મેળવ્યો છે. તેમણે ૨૦૨૬ વેસ્ટ ઈન્ડિઝ ચેમ્પિયનશિપમાં સતત ત્રણ સદીઓ સાથે પસંદગીકારોનું ધ્યાન ખેંચ્યું. તેમનો સર્વોચ્ચ સ્કોર ૧૫૩ હતો. વિકહામે અત્યાર સુધી ૨૫ ફર્સ્ટ-ક્લાસ મેચોમાં છ સદી ફટકારી છે અને તેમની બેટિંગ સરેરાશ ૪૦ થી વધુ છે. બાંગ્લાદેશ તેની સ્પિન બોલિંગથી ઘરઆંગણે વિરોધી ટીમોને મુશ્કેલીમાં મૂકવા માટે જાણીતું છે. જોકે, તેની ઝડપી બોલિંગ પણ તાજેતરમાં અસરકારક રહી છે. તેથી, વેસ્ટ ઈન્ડિઝના બેટ્સમેનોને બંને પ્રકારની બોલિંગનો સામનો કરવાનો પડકારનો સામનો કરવો પડશે.

વેસ્ટ ઈન્ડિઝના મર્યાદિત ઓવરના કેપ્ટન શે હોપને ત્રણેય ફોર્મેટમાં સતત રમ્યા બાદ આ ટેસ્ટ શ્રેણીમાંથી આરામ આપવામાં આવ્યો છે. ક્રિકેટ વેસ્ટ ઈન્ડિઝે તેમના વર્કલોડ અને ફિટનેસના આધારે આ નિર્ણય લીધો છે. બોર્ડ આગામી વર્ષે ફેબ્રુઆરીમાં યોજનારી આઈસીસી ક્રિકેટ વર્લ્ડ કપ ક્વોલિફાયર્સને ધ્યાનમાં રાખીને તેમની ફિટનેસ પર ખાસ ધ્યાન આપી રહ્યું છે.

ફાસ્ટ બોલર અલ્ઝારી જોસેફને નિયમિત તબીબી તપાસ અને નિષ્ણાતો સાથે પરામર્શ બાદ ટીમમાંથી દૂર કરવામાં આવ્યા છે. લાંબા ફોર્મેટમાં સતત બોલિંગને કારણે ઈજાના જોખમને ઘટાડવા માટે બોર્ડે તેમની સાથે પરામર્શ કરીને આ નિર્ણય લીધો છે. તેમને મર્યાદિત ઓવરના ફોર્મેટમાંથી બહાર કરવામાં આવ્યા નથી. તેઓ ટેસ્ટ ક્રિકેટમાં પાછા ફરવાની તૈયારી માટે મેડિકલ ટીમ અને નિષ્ણાતો સાથે કામ કરવાનું ચાલુ રાખશે.

# યુવરાજ સિંહને દિલ્હી કેપિટલ્સ ટીમના બેટિંગ કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા

મુંબઈ,

ભૂતપૂર્વ ભારતીય દિગ્ગજ યુવરાજ સિંહ આઈપીએલ ૨૦૨૭ માટે દિલ્હી કેપિટલ્સમાં જોડાયા છે. તેઓ આ સિઝનમાં ટીમના સહાયક અને બેટિંગ કોચ તરીકે સેવા આપશે. નોંધપાત્ર રીતે, આ તેમની કારકિર્દીમાં પહેલીવાર છે જ્યારે યુવરાજ કોઈ ટીમને કોચિંગ આપી રહ્યો છે. ફ્રેન્ચાઈઝીએ રિલીઝ થયેલા એક વિડીયોમાં આ જાહેરાત કરી. આગામી આઈપીએલ સીઝનમાં, યુવરાજ સૌરવ ગાંગુલી અને ચામિંડા વાસ જેવા દિગ્ગજો સાથે કામ કરશે.



૪૪ વર્ષીય યુવરાજ સિંહે ભારતની ૨૦૦૭ અને ૨૦૧૧ વર્લ્ડ કપ જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. હવે, તે આ જ ટીમ સાથે તેની કોચિંગ કારકિર્દીની શરૂઆત કરી રહ્યો છે. યુવરાજનો આ ફ્રેન્ચાઈઝી સાથે લાંબો સમય જોડાણ રહ્યો છે; ૨૦૧૫માં, તે દિલ્હી કેપિટલ્સ સાથે રેકોર્ડ ૧૬ કરોડ (૧૬ કરોડ રૂપિયા) માં જોડાયો અને બધી ૧૪ મેચ રમ્યો. વધુમાં, તાજેતરના વર્ષોમાં, તેણે ઘણા યુવા અને અનુભવી ભારતીય ખેલાડીઓને મૂલ્યવાન સલાહ અને તાલીમ આપી છે.

યુવરાજ સિંહે કહ્યું કે તે દિલ્હી કેપિટલ્સ સાથે આ નવી ઈનિંગ શરૂ કરવા માટે ખૂબ જ ઉત્સાહિત છે. તેનો ટીમ સાથે લાંબા સમયથી સંબંધ છે અને તે માલિકોને સારી રીતે જાણે છે. તેણે સૌરવ ગાંગુલી અને બાકીના કોચિંગ સ્ટાફ સાથે નજીકથી કામ કરવાની ઈચ્છા પણ વ્યક્ત કરી. તેની શાનદાર આઈપીએલ કારકિર્દી દરમિયાન, યુવરાજે ૧૩૨ મેચ રમી, ૨,૭૫૦ રન બનાવ્યા અને ૩૬ વિકેટ લીધી. તાજેતરમાં, દિલ્હી કેપિટલ્સે શ્રીલંકાના ભૂતપૂર્વ ઝડપી બોલર ચામિંડા વાસને બોલિંગ કોચ તરીકે નિયુક્ત કર્યા.યુવરાજ સિંહે અગાઉ અભિષેક શર્મા અને શુભમન ગિલ જેવા ઘણા યુવા ખેલાડીઓ સાથે નજીકથી કામ કર્યું છે, જેઓ ભારતીય ટીમમાં મુખ્ય ખેલાડીઓ બન્યા છે. પોતાનો અનુભવ શેર કરીને, તેમણે આ ખેલાડીઓને તેમની રમત સુધારવામાં નોંધપાત્ર મદદ કરી છે.

# પાકિસ્તાની કેપ્ટને અભિષેક શર્માનો રેકોર્ડ તોડ્યો ત્રણ મેચની ટી૨૦ શ્રેણીમાં ઈતિહાસ રચ્યો

કરાંચી,

પાકિસ્તાનની કેપ્ટનશીપ સંભાળતાની સાથે જ, સાહિબઝાદા ફરહાને એક એવી સિદ્ધિ હાંસલ કરી જે અગાઉ ટી ૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ઈતિહાસમાં કોઈ કેપ્ટને હાંસલ કરી ન હતી. શ્રીલંકા સામેની ત્રણ મેચની ્૨ઠેં શ્રેણીમાં ફરહાનના બેટે સતત સારું પ્રદર્શન કર્યું. તેણે શ્રેણીની ત્રણેય મેચમાં અડધી સદી ફટકારીને ઈતિહાસ રચ્યો. ફરહાન ત્રણ મેચની ટી ૨૦ શ્રેણીના ત્રણેય મેચમાં અડધી સદી ફટકારનાર પ્રથમ કેપ્ટન બન્યો. વધુમાં, તે ત્રણ મેચની દ્વિપક્ષીય ટી ૨૦ આંતરરાષ્ટ્રીય શ્રેણીમાં પૂર્ણ સભ્ય રાષ્ટ્ર તરફથી સૌથી વધુ રન બનાવનાર ખેલાડી પણ બન્યો. ૧૩ ઓક્ટોબરના રોજ શ્રીલંકા સામેની ત્રીજી ટી ૨૦માં,




ફરહાને ૪૭ બોલમાં ૭૬ રન બનાવ્યા. તે મેચમાં પાકિસ્તાન મુશ્કેલીમાં હતું, પરંતુ કેપ્ટનની ઈનિંગ્સે ટીમને ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૧૬૮ રન સુધી પહોંચવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.આ મહિનાની શરૂઆતમાં સલમાન અલી આગાના સ્થાને સાહિબઝાદા ફરહાનને પાકિસ્તાનની ટી ૨૦ ટીમના નવા કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેણે ૯ ઓક્ટોબરના રોજ રાવલપિંડીમાં પૂર્ણ-સમયના કેપ્ટન તરીકે પોતાની પહેલી મેચ રમી હતી, જેમાં તેણે શાનદાર ૮૯ રન બનાવ્યા હતા. ત્યારબાદ તેણે બીજી ્૨ઠેંમાં પણ સારું પ્રદર્શન કર્યું. રાવલપિંડીના ક્રિકેટ સ્ટેડિયમમાં રમાયેલી તે મેચમાં, ફરહાને ૭૩ રન બનાવ્યા અને પાકિસ્તાનને ૨૦૦ રનનો આંકડો પાર કરવામાં મદદ કરી. ત્રીજી મેચમાં ૭૬ રનની ઈનિંગ સાથે, તેણે ત્રણ મેચની શ્રેણીમાં પોતાનો કુલ સ્કોર ૨૩૮ રન પર પહોંચાડ્યો. આ ત્રણેય મેચમાં અડધી સદી ફટકારનાર ફરહાનનો પ્રથમ કેપ્ટન બન્યો.

ફરહાન ત્રણ મેચની દ્વિપક્ષીય ્૨૦ આંતરરાષ્ટ્રીય શ્રેણીની દરેક મેચમાં ૫૦ કે તેથી વધુ રન બનાવનાર વિશ્વનો આઠમો ખેલાડી છે. તેની પહેલા વિરાટ કોહલી, કોલિન મુનરો, ડેવિડ વોર્નર, નિકોલસ પૂરન, શ્રેયસ ઐયર, રીઝા હેન્ડ્રિક્સ અને ઈબ્રાહિમ ઝદરન આ સિદ્ધિ મેળવી ચૂક્યા છે.

# મેટ રેનશોએ જેક્સ કાલિસનો રેકોર્ડ તોડ્યો, દક્ષિણ આફ્રિકામાં સિદ્ધિ મેળવનાર વિશ્વનો પ્રથમ ખેલાડી

ડર્બન,

મેટ રેનશોએ ઓસ્ટ્રેલિયાની ટેસ્ટ ટીમમાં પોતાની વાપસી યાદગાર બનાવી છે. દક્ષિણ આફ્રિકા સામે ડર્બન ટેસ્ટમાં બેટથી ઘણા રન બનાવ્યા બાદ, તેણે બોલથી પણ શાનદાર પ્રદર્શન કર્યું. પ્રથમ ઈનિંગમાં ૧૯૦ રન અને બીજા ઈનિંગમાં ૮૪ રન બનાવનારા રેનશોએ મેચમાં બે મહત્વપૂર્ણ વિકેટ પણ લીધી. આ શાનદાર પ્રદર્શન સાથે, તેણે દક્ષિણ આફ્રિકાની ધરતી પર એક રેકોર્ડ તોડ્યો જે અગાઉ મહાન ઓલરાઉન્ડર જેક્સ કાલિસ દ્વારા રચવામાં આવ્યો હતો.

રેનશોના શક્તિશાળી પ્રદર્શનને કારણે, પેટ કમિન્સની આગેવાની હેઠળની ઓસ્ટ્રેલિયન



ટીમે ડર્બનના કિંગ્સમીડ સ્ટેડિયમ ખાતે ત્રણ ટેસ્ટ શ્રેણીની પ્રથમ મેચમાં દક્ષિણ આફ્રિકાને ૨૧૪ રનથી હરાવ્યું. લગભગ ત્રણ વર્ષ પછી ટેસ્ટ ટીમમાં પાછા ફરનારા રેનશો માટે આ મેચ ખાસ હતી. ઓસ્ટ્રેલિયાની ૨૦૨૩ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ટીમમાં પાછા ફર્યા પછી આ તેની બીજી મેચ હતી.

પાંચમા નંબરે બેટિંગ કરતા રેનશોએ પ્રથમ ઈનિંગમાં શાનદાર ૧૯૦ રન બનાવ્યા. એક સમયે, ઓસ્ટ્રેલિયાનો સ્કોર ૬ વિકેટે ૧૨૪ રન હતો, અને ટીમ મુશ્કેલીમાં દેખાતી હતી. રેનશોએ જવાબદારી સંભાળી અને ટીમને મજબૂત સ્થિતિમાં લાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી. ઓસ્ટ્રેલિયાએ પ્રથમ ઈનિંગમાં ૩૯૦ રન બનાવ્યા.

રેનશોની બેટિંગ બીજી ઈનિંગમાં પણ ચાલુ રહી. તેણે ૮૪ રન બનાવીને ટીમની લીડ મજબૂત કરી. બેટિંગ બાદ, તેણે બોલમાં પણ યોગદાન આપ્યું, બીજી ઈનિંગમાં ટેમ્બા બાવુમા અને કાયલ વેરેનની મહત્વપૂર્ણ વિકેટો લીધી, જેનાથી દક્ષિણ આફ્રિકા માટે પરિસ્થિતિ મુશ્કેલ બની ગઈ.

આ પ્રદર્શન સાથે, રેનશો દક્ષિણ આફ્રિકાની ધરતી પર ટેસ્ટ મેચમાં ૨૫૦ થી વધુ રન બનાવનાર અને ઓછામાં ઓછી બે વિકેટ લેનાર વિશ્વનો પ્રથમ ખેલાડી બન્યો.

# ફખર ઝમાન ટી૨૦ ક્રિકેટમાં ૧૦૦ છગ્ગા ફટકારનાર પ્રથમ પાકિસ્તાની બેટ્સમેન બન્યો

કરાંચી,

પાકિસ્તાનના અનુભવી ઓપનિંગ બેટ્સમેન ફખર ઝમાન ભલે શ્રીલંકા સામેની ત્રીજી ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં મોટી ઈનિંગ રમી ન હોય, પરંતુ તેણે પોતાની ટૂંકી ઈનિંગથી ઈતિહાસ રચ્યો. ફખર ઝમાને ટી ૨૦ ક્રિકેટમાં સો છગ્ગા ફટકારીને પાકિસ્તાન માટે મોટો રેકોર્ડ બનાવ્યો.

ફખર ઝમાન પુરુષોના ટી ૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૦૦ છગ્ગા ફટકારનાર પ્રથમ પાકિસ્તાની બેટ્સમેન બન્યો. જોકે, ફખરની ઐતિહાસિક સિદ્ધિ છતાં, પાકિસ્તાન મેચ હારી ગયું. કેપ્ટન કુસલ મેન્ડિસની શાનદાર બેટિંગને કારણે શ્રીલંકાએ ૮ વિકેટથી વિજય મેળવ્યો, જેનાથી યજમાન ટીમ શ્રેણીમાં ક્લીન ક્લીન કરી શકી નહીં.

રાવલપિંડી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે શ્રેણીની ત્રીજી અને અંતિમ ટી ૨૦ મેચમાં પ્રવેશતા પહેલા, ફખરના નામે ૯૯ છગ્ગા હતા. આ સિદ્ધિ મેળવવા માટે તેને ફક્ત એક છગ્ગાની જરૂર હતી. તેણે શ્રીલંકાના ડાબોડી ફાસ્ટ બોલર બિનુરા ફર્નાન્ડોને છગ્ગો મારીને પોતાનો ૧૦૦ છગ્ગો પૂર્ણ કર્યો. ફખરે તેની ટી ૨૦ આંતરરાષ્ટ્રીય કારકિર્દીની ૧૧૩મી ઈનિંગમાં આ સિદ્ધિ મેળવી. જોકે, તે ક્રીઝ પર લાંબો સમય ટકી શક્યો નહીં.

ટી ૨૦ ક્રિકેટમાં સૌથી વધુ છગ્ગા મારનારા પાકિસ્તાની બેટ્સમેન

ફખર ઝમાન - ૧૦૦,મોહમ્મદ રિઝવાન - ૯૫,સાહિબઝાદા ફરહાન - ૮૧,બાબર આઝમ - ૮૦,મોહમ્મદ હાફીઝ - ૭૬

પાકિસ્તાન પહેલા બે મેચ જીતીને ત્રણ મેચની શ્રેણી પહેલાથી જ સુરક્ષિત કરી ચૂક્યું હતું. તેથી, તેઓ અંતિમ મેચ જીતીને શ્રીલંકાને ક્લીન ક્લીન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા હતા. શ્રીલંકાએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો, જે એક સમજદાર નિર્ણય સાબિત થયો. પાકિસ્તાનના બેટ્સમેનો નિયમિત અંતરાલે વિકેટ ગુમાવતા રહ્યા, અને એક સમયે, ટીમ છ વિકેટે ૧૦૨ રન પર સંઘર્ષ કરી રહી હતી.

# હેમા માલિનીએ પ્રખ્યાત નૃત્ય "દુર્ગા" રજૂ કરીને પોતાની નવરાત્રી પર્વની પરંપરા ચાલું રાખી

મુંબઈ,

૭૭ વર્ષીય અભિનેત્રી અને રાજકારણી હેમા માલિનીએ ૧૧ ઓક્ટોબરના રોજ ક્લાસિક કન્વેન્શન સેન્ટર ખાતે પોતાનું પ્રખ્યાત નૃત્ય "દુર્ગા" રજૂ કરીને પોતાની નવરાત્રી પરંપરા ચાલુ રાખી. આ પર્ફોર્મન્સ તેલંગણાના અગ્રવાલ સમાજના આગ્રા દાંડિયા નવરાત્રી ઉજવણીનો ભાગ હતો. હેમા માલિનીએ સોશિયલ મીડિયા પર પોતાના પર્ફોર્મન્સની ઝલક શેર કરી અને સ્ટેજ પર પર્ફોર્મ કરવાના પોતાના અનુભવ વિશે વાત કરી. આ કાર્યક્રમના ફોટા અને વીડિયો વાયરલ થઈ રહ્યા છે, જેમાં બોલિવૂડની "ડ્રીમ ગર્લ" દેવી દુર્ગા તરીકે દેખાઈ રહી છે.



૧૩ ઓક્ટોબરના રોજ, હેમાએ તેમના પ્રદર્શનના ફોટા ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યા. એક ઝલકમાં, તેઓ ભગવાન શિવનું પાત્ર ભજવતા એક અભિનેતા સાથે દેવી પાર્વતી તરીકે જોવા મળ્યા હતા. વીડિયોમાં અભિનેત્રી દુર્ગા તરીકે પ્રદર્શન કરતી પણ જોવા મળી રહી છે. પોસ્ટ શેર કરતા તેણીએ લખ્યું, "ગઈકાલે સાંજે, મેં તેલંગાણાના અગ્રવાલ સમાજના આગ્રા દાંડિયા નવરાત્રી ઉજવણી માટે ક્લાસિક કન્વેન્શન સેન્ટરમાં પ્રદર્શન કર્યું. તે મહારાજા અગ્રસેન જયંતિ પણ હતી. નવરાત્રીના પહેલા દિવસે મારા સૌથી પ્રખ્યાત બેલે, 'દુર્ગા'નું પ્રદર્શન કરવાનો અનુભવ ખૂબ જ સુંદર અને ખાસ રહ્યો. હું ખરેખર ધન્ય અનુભવું છું."

હેમા માલિનીએ તેમના પર્ફોર્મન્સનો એક વિડીયો શેર કર્યો અને લખ્યું, "નવરાત્રિના પહેલા દિવસે મારા સૌથી પ્રખ્યાત બેલે, 'દુર્ગા' રજૂ કરવાનો મને ખૂબ આનંદ અને આનંદ થયો. તે મહારાજા અગ્રસેન જયંતિ પણ હતી. આ શુભ પ્રસંગે, હું તમને બધાને નવરાત્રી અને દુર્ગા પૂજાની ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું." ઘણા સોશિયલ મીડિયા યુઝર્સે તેમના પર્ફોર્મન્સની પ્રશંસા કરી. એક યુઝરે ટિપ્પણી કરી, "અમારા હૈદરાબાદ ક્લાસિક કન્વેન્શનમાં તમને જોઈને ખૂબ આનંદ થયો." બીજાએ લખ્યું, "ખૂબ સુંદર અને દિવ્ય." ત્રીજા યુઝરે ટિપ્પણી કરી, "કળા પ્રત્યેનો તેમનો પ્રેમ યુગને પાર કરે છે. એક સાચા કલાકાર." બે વર્ષ પહેલાં, નવરાત્રીના ચોથા દિવસે, હેમાએ ઉત્તર પ્રદેશના મથુરામાં બે કલાકના નૃત્ય નાટકમાં પર્ફોર્મન્સ આપ્યું. દેવી દુર્ગાના વિવિધ સ્વરૂપોનું ચિત્રણ કરતી વખતે તેમના પર્ફોર્મન્સે દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા.

હેમા માલિનીએ ૧૯૬૩ માં તમિલ ફિલ્મ "ઈધુ સત્યમ" માં અભિનયની શરૂઆત કરી અને ૧૯૬૮ માં "સપનોં કા સૌદાગર" ફિલ્મથી હિન્દી સિનેમામાં પ્રવેશ કર્યો. તેણી છેલ્લે ૨૦૨૦ માં રમેશ સિપ્પી દ્વારા દિગ્દર્શિત રોમેન્ટિક ડ્રામા ફિલ્મ "શિમલા મિર્ચ" માં જોવા મળી હતી અને તેમાં રાજકુમાર રાવ અને રકુલ પ્રીત સિંહ અભિનીત હતા.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બ | ક | ક્રો | ત | ડી | આ | આ | ણ | ઊ | ત્રિ | ગ | ત્રિ |
| ઐ | ક | અ | હિ | ર | શિ | ક | ખ | ફ | કો | ર | વે |
| દ | બ | દ | બો | દ | કા | ગ | સા | મ | ણ | સ | ણી |
| મો | દ | ળ | પ્ર | ચી | દ | ક | બં | બં | મા | ઉ | ભો |
| દુ | ર | ઊ | કા | ક | દ | અ | ગ | ન | કા | ફ | ર |
| અ | નિ | કા | ઔ | ળો | ર | કુ | ભ | ર | ઐ | ણ | ઔ |
| નિ | વિ | યા | સા | અ | ર | ણ | ડો | કે | કા | મ | ખ |
| શિ | વે | દ | દુ | વિ | ધા | રા | ખ | સ | ળો | મા | ભ |
| ર | ક | દ | ર | ધી | ર | જ | ત | રી | રા | બ | ગ |
| ધો | બ | એ | ન | ક | વા | અ | અં | લ | મા | અ | આ |
| અં | ર | ભ | પ્રા | ડી | કા | ગ | ર | ણ | જ | પ્ર | વા |
| સ | વા | ણ | બિ | પ્રા | જી | કા | ત | લ | ન | ત | ઉ |

શબ્દ શોધો: ત્રિકોણ, ત્રિવેણી, દબદબો, દુનિયા, દુવિધા, ધીરજ, ધોરણ, નરકેસરી, નિવેદન, પ્રકરણ

# હની સિંહને મહારાષ્ટ્ર સાયબર દ્વારા પૂછપરછ માટે અધિકારી સમક્ષ હાજર થવા માટે ફરીથી સમન્સ



મુંબઈ,

મહારાષ્ટ્ર સાયબરે અહેવાલ આપ્યો છે કે હની સિંહને ફરીથી સમન્સ મોકલવામાં આવ્યા છે. કોન્સર્ટ દરમિયાન અપમાનજનક ટિપ્પણી કરવાના સંદર્ભમાં પૂછપરછ માટે ૧૬ ઓક્ટોબરે તપાસ અધિકારી સમક્ષ હાજર થવા માટે કહેવામાં આવ્યું છે. આ કેસ દિલ્હીમાં હની સિંહના પર્ફોર્મન્સનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ દાખલ કરવામાં આવેલી ફરિયાદ સાથે સંબંધિત છે. ગાયકે વીડિયો ક્લિપમાં અશ્લીલ ટિપ્પણીઓ કરી હતી, જેના પગલે ફરિયાદીએ મહારાષ્ટ્ર સાયબરનો સંપર્ક કર્યો હતો. હની સિંહની વાંધાજનક ટિપ્પણીઓએ સોશિયલ મીડિયા પર ધમાલ મચાવી હતી, જેના કારણે મહારાષ્ટ્ર સાયબરે આ કાર્યવાહી કરી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, હની સિંહને અગાઉ ત્રણ વખત સમન્સ મોકલવામાં આવ્યા હતા, પરંતુ તે વિદેશમાં હોવાનો દાવો કરીને હાજર રહેવામાં નિષ્ફળ ગયો હતો. તેમને ૫ ઓક્ટોબરે મુંબઈમાં વર્લ્ડ ટ્રેડ સેન્ટર ખાતે મહારાષ્ટ્ર સાયબર ઓફિસમાં પૂછપરછ માટે સમન્સ મોકલવામાં આવ્યું હતું, પરંતુ તેઓ હાજર થયા ન હતા અને તેના બદલે વધુ સમય માંગ્યો હતો. મહારાષ્ટ્ર સાયબરના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે હવે ૧૬ ઓક્ટોબર માટે નવું સમન્સ જારી કરવામાં આવ્યું છે. અધિકારીએ ઉમેર્યું હતું કે જો રેપર ફરીથી હાજર થવામાં નિષ્ફળ જાય, તો એજન્સી તેમને દેશ છોડતા અટકાવવા માટે તેમની સામે લુક-આઉટ સર્ક્યુલર જારી કરવાની પ્રક્રિયા શરૂ કરી શકે છે.મહારાષ્ટ્ર સાયબરે અગાઉ ૫ ઓક્ટોબરના સમન્સને "અંતિમ રીમાઈન્ડર" તરીકે વર્ણવ્યું હતું અને કહ્યું હતું કે જો તેઓ પૂછપરછ ટાળવાનું ચાલુ રાખશે, તો તેઓ ધરપકડ વોરંટ માટે કોર્ટનો સંપર્ક કરશે. ફરિયાદની તપાસ હજુ પણ ચાલુ છે. જો તે આ વખતે હાજર થવામાં નિષ્ફળ જાય, તો અધિકારીઓ તેમને દેશ છોડતા અટકાવવા માટે લુક-આઉટ સર્ક્યુલર જારી કરવાની પ્રક્રિયા શરૂ કરી શકે છે.

# ૪૦૦ કરોડના બજેટ પર બનેલી પ્રભાસની "ધ રાજા સાબ" કેમ ફ્લોપ થઈ, નિર્માતાએ કર્યો ખુલાસો

મુંબઈ,

જો આપણે સંક્રાંતિની રિલીઝ વિશે વાત કરીએ જેની અપેક્ષાઓ વધારે હતી, છતાં આખરે બોક્સ ઓફિસ પર ફ્લોપ રહી, જો કોઈ એક ફિલ્મ તેના પ્રમોશનલ સામગ્રી કરતાં વધુ સારી રહી, તો તે મારુતિની હોરર-કોમેડી "ધ રાજા સાબ" હશે, જેમાં પ્રભાસ મુખ્ય ભૂમિકામાં છે. કમનસીબે, ૪૦૦ કરોડથી વધુના અંદાજિત બજેટ પર બનેલી આ ફિલ્મે વિશ્વભરમાં ફક્ત ૨૦૮ કરોડની કમાણી કરી. પીપલ મીડિયા ફેક્ટરીના નિર્માતા ટીજી વિશ્વ પ્રસાદે હૈદરાબાદમાં તેમની આગામી ફિલ્મ "ગરીવિડી લક્ષ્મી" ના પ્રમોશન દરમિયાન આ વિશે વાત કરી.



પ્રેસ કોન્ફરન્સમાં, વિશ્વાને પૂછવામાં આવ્યું કે તેઓ "ધ રાજા સાબ" ની નિષ્ફળતાને કેવી રીતે સમજે છે અને તેનું વિશ્લેષણ કરે છે. નિર્માતાએ હસીને જવાબ આપ્યો, "અમે ખૂબ સારા મૂડમાં છીએ. એવું નથી કે "ધ રાજા સાબ" વિશે વાત કરવાથી મારો મૂડ બગડશે. એક મૂળભૂત ભૂલ તેને સંક્રાંતિ પર રિલીઝ કરવાની હતી, જે એક ખાસ સીઝન છે. જો આપણે તેને બીજા કોઈ સમયે રિલીઝ કરી હોત, તો વસ્તુઓ અલગ હોત. આપણે અત્યારે મજા કરી રહ્યા છીએ, તો ચાલો થોડી મજા કરીએ."જ્યારે પત્રકારે આગ્રહ કર્યો કે તેણે પ્રભાસના ચાહકોને નિરાશ કર્યા છે અને પૂછ્યું કે શું તે સંદીપ રેડ્ડી વાંગાની 'સ્પિરિટ' દ્વારા ભરપાઈ કરશે.

# શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ આયોજિત નવરાત્રિ મહોત્સવમાં ખેલૈયાઓનો અદ્ભુત ઉત્સાહ: ગરબે ઘૂમતા હજારો ખેલૈયાઓ

## નોર્થ, વેસ્ટ, ઈસ્ટ અને સાઉથ ઝોનમાં ભક્તિ અને સંસ્કૃતિનો ત્રિવેણી સંગમ અત્યાધુનિક સાઉન્ડ, ડ્રોન કેમેરા અને હાઈટેક વ્યવસ્થા વચ્ચે મા ખોડલની આરાધના






રાજકોટ: શ્રી ખોડલધામ ટ્રસ્ટ - કાગવડ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ પારિવારિક અને સુરક્ષિત માહોલમાં રાજકોટ શહેરમાં વિશેષ આયોજન રૂપે નવરાત્રિ મહોત્સવનું આયોજન કરાયું છે. રાજકોટ શહેરના ચારેય ઝોન (નોર્થ, વેસ્ટ, ઈસ્ટ અને સાઉથ ઝોન)માં ભવ્ય નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ચારેય ઝોનના ગરબા ગ્રાઉન્ડ પર દરરોજ મોટી સંખ્યામાં ખેલૈયાઓ અને દર્શકો ઉમટી રહ્યા છે, જેનાથી સમગ્ર રાજકોટ શહેર ભક્તિમય અને ઉત્સવમય વાતાવરણમાં રંગાઈ ગયું છે. રાજકોટના નોર્થ, વેસ્ટ, ઈસ્ટ અને સાઉથ ઝોનમાં યોજાયેલા આ ગરબા મહોત્સવમાં યુવા ખેલૈયાઓથી લઈને તમામ વયના લોકો પરંપરાગત ચણિયાચોળી અને કુર્તા-પાયજામામાં ગરબાના તાલ પર ઉત્સાહપૂર્વક ઝૂમી રહ્યા છે. ગરબા ગ્રાઉન્ડ પર મા ખોડલની દિવ્ય મૂર્તિની સ્થાપના કરીને પૂજા-અર્ચના કરવામાં આવી રહી છે. ગરબા રમતી વખતે ખેલૈયાઓ હાથમાં પવિત્ર ધ્વજ સાથે ઉત્સાહભેર ગરબે ઘૂમી રહ્યા છે. ખેલૈયાઓના ઉત્સાહમાં વધારો કરવા માટેહાઈ-ટેક સાઉન્ડ સિસ્ટમ, ઝગમગતી લાઈટિંગ, સ્ટેજ પરથી સ્પેશિયલ કન્ફેટી અને સ્મોક ઈફેક્ટ્સ તથા લાઈવ કવરેજ માટે ડ્રોન કેમેરાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ગ્રાઉન્ડ પર ખેલૈયાઓ અને મુલાકાતીઓની સુવિધા માટે અત્યાધુનિક કમ્પ્યુટર સિસ્ટમ અને સુસજ્જ ડોમ સેટઅપ તૈયાર કરવામાં આવ્યું છે. પરિવાર અને મહિલાઓ સુરક્ષિત વાતાવરણમાં ગરબા રમી શકે તે માટે સીસીટીવી કેમેરા, બાઉન્સર અને પૂરતી સુરક્ષા વ્યવસ્થા, તબીબી સેવાઓ તેમજ પાર્કિંગની ઉત્તમ સુવિધા ઊભી કરવામાં આવી છે.

# રાજકોટમાં રામાનંદી નવરાત્રી મહોત્સવમાં ૭ હજારથી વધુ સમાજ બંધુઓએ એકસાથે ગરબે ઘૂમી માતાજીની આરાધના કરી...

## સતત બીજા વર્ષે ભવ્ય નિઃશુલ્ક રામાનંદી રાસોત્સવ યોજાયો; રાજકીય આગેવાનો અને સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા...



રાજકોટ, નવરાત્રીના પાવન પર્વ નિમિત્તે સમસ્ત રામાનંદી યુવા સમાજ ટ્રસ્ટ, રાજકોટ દ્વારા સતત બીજા વર્ષે રામાનંદી સાધુ સમાજ માટે ભવ્ય એક દિવસીય નિઃશુલ્ક રામાનંદી નવરાત્રી મહોત્સવ-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટના નાના મવા ચોકડી નજીક આવેલા ૧૫૦ ફૂટ રિંગ રોડ સ્થિત લિયો લાયન્સ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા આ મહોત્સવમાં ૭,૦૦૦થી વધુ રામાનંદી સાધુ સમાજના ભાઈઓ-બહેનો, યુવાનો અને પરિવારજનોએ એકસાથે ગરબે ઘૂમી માતાજીની આરાધના કરી હતી. વિશાળ જનમેદની, ભક્તિભાવ અને પરંપરાગત સાંસ્કૃતિક માહોલ વચ્ચે યોજાયેલો આ મહોત્સવ સમાજની એકતા અને સંગઠનશક્તિનું પ્રતીક બન્યો હતો.

મહોત્સવ દરમિયાન સમાજના ભાઈઓ-બહેનો વિવિધ આકર્ષક પરંપરાગત વેશભૂષામાં સજ્જ થઈ ગરબાની રમઝટ બોલાવી હતી. ધાર્મિક આસ્થા, સંસ્કૃતિ અને સામાજિક એકતાના ત્રિવેણી સંગમ સમાન આ કાર્યક્રમમાં સમાજના નાના બાળકોથી લઈને વડીલો સુધીના સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. તથા સમગ્ર ગુજરાત ભર માંથી અલગ અલગ જીલ્લા તાલુકા ના રામાનંદી સાધુ સમાજ ના મંડળો ના આગેવાનો એ ખાસ હાજરી આપી હતી. કાર્યક્રમમાં ગરબા સ્પર્ધા તેમજ બેસ્ટ ડ્રેસ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ૧૫ વર્ષથી નાની વયના અને ૧૫ વર્ષથી મોટી વયના સ્પર્ધકો માટે અલગ-અલગ કેટેગરી રાખવામાં આવી હતી. વિવિધ સ્પર્ધાઓમાં વિજેતાઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સમસ્ત રામાનંદી યુવા સમાજ ટ્રસ્ટના પ્રમુખ શ્રી જીજ્ઞેશ રામાવતના માર્ગદર્શન હેઠળ ટ્રસ્ટના કાર્યકરો ભારે જહેમત ઉઠાવી હતી. સમાજના સભ્યોને એક મંચ પર એકત્રિત કરી ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાને આગળ વધારવાના ઉદ્દેશ સાથે યોજાયેલો આ મહોત્સવ ઉત્સાહભેર સંપન્ન થયો હતો.

# જૂનાગઢ જિલ્લામાં મગફળી-સોયાબીનનું ૬,૬૦૦ ખેડૂતોને સુધારેલી જાતનું બિયારણ નિઃશુલ્ક અપાયું

## આત્મનિર્ભર કઠોળ મિશન અંતર્ગત જિલ્લાના ૪,૩૭૦ ખેડૂતોને ચણા, અડદ અને તુવેરની સુધારેલી જાતનું બિયારણ અપાશે

યજ્ઞેશ ભટ્ટ, જુનાગઢ, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના વિકાસ અને ઉત્કર્ષમાં અન્નદાતા એટલે કે ખેડૂતોને પણ કેન્દ્રસ્થાને રાખ્યા છે. ખેડૂતોને સીધી આર્થિક સહાય પૂરી પાડતી પીએમ કિસાન સન્માન નિધિ યોજના સહિત અનેક ખેડૂતલક્ષી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. ખાસ કરીને દેશમાં કઠોળ અને ખાદ્યતેલની આયાત પરની નિર્ભરતા ઘટાડવા માટે નેશનલ મિશન ઓન એડિબલ ઓઈલ્સ અને આત્મનિર્ભર કઠોળ મિશન અમલમાં મૂકવામાં આવ્યા છે.

જૂનાગઢ જિલ્લામાં પણ આ યોજનાઓ હેઠળ ખેડૂતોને જરૂરી લાભો આપવામાં આવી રહ્યા છે. આ સંદર્ભે વિગતો આપતાં જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી જીગર ભટ્ટે જણાવ્યું હતું કે, નેશનલ મિશન ઓન એડિબલ ઓઈલ્સ- અંતર્ગત ૩૫૦૦ ખેડૂતોને મગફળીનું અને ૩૧૦૦ ખેડૂતોને સોયાબીનનું વધુ ઉત્પાદન આપતી સુધારેલી જાતનું બિયારણ નિઃશુલ્ક આપવામાં આવ્યું છે. આ ગુણવત્તાયુક્ત બિયારણથી ઉત્પાદન વધારી શકાશે. જેના પરિણામે ખેડૂતોની આવકમાં પણ વધારો થશે. ઉપરાંત ખાદ્યતેલના ઉત્પાદનમાં ભારતને આત્મનિર્ભર બનાવવાની દિશામાં આ એક સકારાત્મક પગલું પણ બની રહેશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કઠોળના ઉત્પાદનમાં પણ ભારતને આત્મનિર્ભર બનાવવા માટે આત્મનિર્ભર કઠોળ મિશન શરૂ કરવામાં આવ્યું છે. આ મિશન અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં આશરે ૪,૩૭૦ ખેડૂતોને ચણા, અડદ અને તુવેરનું બિયારણ વિનામૂલ્યે આપવામાં આવશે. આ માટે ખેડૂતોની અરજીઓ પણ મંજૂર કરવામાં આવી છે. જે પૈકી ૩,૬૨૦ ખેડૂતોને ચણા, ૫૦૦ ખેડૂતોને અડદ અને ૨૫૦ ખેડૂતોને તુવેરનું બિયારણ આપવામાં આવશે.

આ બિયારણ પણ ઉચ્ચ ગુણવત્તાવાળી અને સુધારેલી જાતોનું છે. ખેડૂતોને વધુ ઉત્પાદન આપતી તેમજ રોગપ્રતિકારક ક્ષમતા ધરાવતી કઠોળની સુધારેલી જાતનું બિયારણ આપવામાં આવશે. આ યોજનાના અમલથી દેશમાં કઠોળની વધતી માંગને પહોંચી વળવામાં તેમજ કઠોળની આયાત ઘટાડવામાં મદદ મળશે.

# ધોળકિયા સ્કૂલ પ્રાચીન નવરાત્રી મહોત્સવમાં મા આદ્યશક્તિની આરાધના: નવરાત્રીના ત્રીજા નોરતે બાળાઓ ગરબે ઘૂમી



રાજકોટ:જગજનની આદ્યશક્તિ.... મા જગદંબાનું અલૌકિક સ્વરૂપના દર્શન ચાચર ચોકની ધોળકિયા સ્કૂલ પ્રાચીન નવરાત્રી મહોત્સવમાં થઈ રહ્યા છે. નવરાત્રીના ત્રીજા દિવસે માં ચંદ્રઘંટા માતાજીના પૂજન સાથે બાળાઓ ગરબે ઘૂમી હતી.

પ્રાચીન પરંપરાને સંપૂર્ણપણે ઉજાગર કરીને આ નવરાત્રી મહોત્સવ રાજકોટના લોકોમાં ખૂબ જ લોકપ્રિય બની રહી છે. મા આદ્યશક્તિની આરાધના કોઈપણ ફંડ કે ફાળા વગર ફક્ત ધોળકિયા સ્કૂલના સ્વખર્ચે કરી છીએ. બાળાઓના ડ્રેસ તથા શણગાર તથા અન્ય ખર્ચની સંપૂર્ણ જવાબદારી ધોળકિયા સ્કૂલના ટ્રસ્ટીશ્રીઓ ઉઠાવી રહ્યા છે.સાજ-શણગારથી સજાવેલો મંચ અને લાઈવ ઓરકેસ્ટ્રા ટીમ સાથે પ્રસ્તુત ગરબાઓ માણવાનો લ્હાવો ખરેખર અદ્ભુત છે. સુર તાલ સંગીતના સાથવારે ચાચર ચોકમાં આ અદ્ભુત નવરાત્રિ મહોત્સવનો આનંદ માણી રહ્યા છે.

ધોળકિયા સ્કૂલ પ્રાચીન નવરાત્રીમાં વીઝણારાસ, ત્રીશુલ રાસ, તલવાર રાસ, મન મોર બની થનગાટ કરે, ચોટીલે ડાકલા અને મોગલ છેડતો કાળો નાગ જેવા ગરબાની રમઝટ માણી લોકો ભાવવિભોર બન્યા હતા.

આ કાર્યક્રમને ખાસ માણવા માટે ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના પૂર્વ ઉપાધ્યક્ષ શ્રી ડો. ભરત બોઘરા સાહેબ, ગોંડલની ઐતિહાસિક ધરતીના રાજવી પરિવારના આદરણીયશ્રી કુમાર સાહેબ, શ્રી જ્યોતિર્મયસિંહજી હવામહેલ - ગોંડલ, વી.વી.પી. કોલેજમાં પ્રિન્સિપાલ પ્રોફેસર ડો. પિયુષ વણઝારા સાહેબ, કેપ્ટન જયદેવ જોશી પૂર્વસૈન્ય અધિકારી પધાર્યા હતા. ઉપરાંત પધારેલા મહેમાનશ્રીઓએ બાળાઓના અદ્ભૂત ગરબારાસને માણ્યો હતો અને બિરદાવ્યો હતો.

# પ્રાચીન અને અર્વાચીન ગરબાના ફ્યુઝન ઉપર દાંડિયારાસ લઈ અભિભૂત થતાં સોનમ ગરબાના ખેલૈયાઓ

## દરરોજ ખેલૈયાઓ અને દર્શકોની જામતી ભીડ એ સોનમ ગરબાની લોકપ્રિયતાનો પુરાવો: વિશ્વ વણિક સમાજીક સંગઠન અને જૈન વિઝનના આયોજનને લાગ્યા ચાર ચાંદ

રાજકોટ વિશ્વ વણિક નવનાત વણિક સમાજ સંગઠન અને જૈન વિઝન દ્વારા આયોજિત સોનમ ગરબાની લોકપ્રિયતા ટોચ ઉપર છે અને હજારો ખેલૈયાઓ તથા મોટી સંખ્યામાં ઉમટી પડતા રાજકોટવાસીઓએ આયોજનના વખાણ કરતા ચાર ચાંદ લાગી ગયા છે.

સોનમ ગરબા ના આયોજકો હંમેશા કંઈક નવું પીરસે છે અને એટલે જ આ નવરાત્રી મહોત્સવ ને પ્રીમિયમ રાસોત્સવનું બિરુદ મળ્યું છે.સ્ટેજ ઉપર એક એક થી ચડિયાતા સિંગરો પ્રાચીન અને અર્વાચીન ગરબાનું ફ્યુઝન રજૂ કરી રહ્યા છે અને તેના પર દાંડીયારાસ લઈને ખેલૈયાઓ અભિભૂત થઈ રહ્યા છે.

માતાજીની આરાધના સાથે ઢોલની દાંડી પીટાય છે ત્યારે ઓરકેસ્ટ્રાના તાલે ખેલૈયાઓના પગ આપોઆપ થીરકવા લાગે છે અને એક અવિસ્મરણીય માહોલ ઉભો થાય છે.ત્રીજા નોરતે ખેલૈયાઓને રાસે રમતા નિહાળવા માટે દિનેશભાઈ પાઠક ચેરમન નાગરિક બેક,દર્શનભાઈ શાહ – ભારત મશીન,શ્રી કિશનભાઈ ગજેરા પે ટચ, ડો, મેહુલભાઈ રૂપાણી,સ્ટુલ,જયેશભાઈ ઉપાધ્યાય બોલબાલા ચેરિટીબલ ટ્રસ્ટ,જૈન અગ્રણી વિપુલભાઈ દોશી, એવોકેટ દિલેશભાઈ શાહ, સુનિલ કોઠારી,શ્રી કુમારભાઈ ધાણક – પરિજયા પટ્ટણી સોની સમાજ, મહેશભાઈ ધકાણ,દીપકભાઈ ધકાણ, રાહુલભાઈ મહેતા, પરેશભાઈ વધાસિયા – મધુરમ ક્લબ,શ્રી અતુલભાઈ શિંગાળા,શ્રી ભોમિકભાઈ શાહ – રાજકોટ નાગરિક બેંક,શ્રી હસુભાઈ દતાણી,મિતુલભાઈ શિંગાળા, સહિતના આગેવાનો ઉપસ્થિત રહેલ હતા,આ તકે વિજેતા ખેલૈયાઓને વિશ્વ વણિક અને ટિમ જૈન વિઝનની કમિટી દ્વારા ઇનામ વિતરણ કરાયું હતું, સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર આયોજન ને સફળ બનવા ટિમ આગેવાન સી એમ શેઠ, મિલન કોઠારી, સુનિલ, શાહ, અજિત જૈન, નીલ મહેતા હિતેશ દેસાઈ, ધવલ મહેતા, પ્રતીક, શાહ, કેતન સંઘવી, નિરવ મહેતા, કપિલ દેસાઈ,જય મહેતા, ડો.હાર્દિક શાહ, સેલેશ મહેતા, ચેતન મહેતા, સહિતના આગેવાનો જેહમત ઉઠાવી રહ્યા છે,



# રાજકોટના રેસકોર્સમાં તા.૨૩મીથી ૧૨ દિવસનો સ્વદેશી શોપીંગ ફેસ્ટીવલ

## સ્ટોલ માટે સ્થાનિક સ્વસહાય જૂથો, કારીગરો, કલાકારો અને ઉદ્યોગકારો અરજી કરી શકશે

રાજકોટ, રાજકોટમાં આગામી તા.૨૩થી સ્વદેશી મેળા શોપીંગ મેળાનું મહાપાલિકા દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. વિકસિત ભારતના સંકલ્પને ચરિતાર્થ કરવા માટે ‘મેક ઈન ઈન્ડિયા’ અને ‘આત્મનિર્ભર ભારત’ અંતર્ગત મહાનગરપાલિકા દ્વારા રેસકોર્સ ખાતે ‘સ્વદેશી મેળો-શોપિંગ ફેસ્ટિવલ’નું આયોજન કરાયું હોય તેમાં ભાગ લેવા માટે સ્થાનિક સ્વસહાય જૂથો, કારીગરો, કલાકારો અને ઉદ્યોગકારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે.

ભારતીય નાગરિકો સ્વદેશી વસ્તુઓનો વધુમાં વધુ ઉપયોગ કરે અને સ્થાનિક સ્તરે તૈયાર થતી ચીજવસ્તુઓને મોટું બજાર મળી રહે તે હેતુથી ‘હર ઘર સ્વદેશી અભિયાન’ હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાનના ભાગરૂપે આગામી તા. ૨૩ ઓક્ટોબરથી ૩ નવેમ્બર સુધી રેસકોર્સ ખાતે સ્વદેશી મેળો યોજાશે.

આ મેળામાં સ્વદેશી ચીજવસ્તુઓનું ઉત્પાદન તેમજ વેચાણ કરતા સ્થાનિક સ્વસહાય જૂથો, નાના ઉદ્યોગકારો, કારીગરો, કલાકારો અને ધંધાર્થીઓ પોતાના ઉત્પાદનોનું પ્રદર્શન અને વેચાણ કરી શકે તે માટે મહાનગરપાલિકા દ્વારા સ્ટોલ ફાળવવામાં આવશે. સ્ટોલ મેળવવા ઈચ્છતા અરજદારોએ નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે.અરજીનું ફોર્મ અને જરૂરી શરતો કોર્પો.ની વેબસાઇ ટ્ટ.દ્વિષ્ઠ.ર્ક્ષ્દ્દ.ૈ.હ પરથી તા. ૧૩થી ડાઉનલોડ કરી શકાશે.

ઉપરાંત પ્રોજેક્ટ શાખા, રૂમ નંબર ૬ ખાતેથી પણ અરજી ફોર્મ મેળવી શકાશે. આ ફોર્મ તા.૧૬ના બપોરે બે વાગ્યા સુધીમાં ધંધાર્થીઓ જમા કરાવી શકશે. સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા અને સ્થાનિક કારીગરો તથા નાના ધંધાર્થીઓને સીધું બજાર પૂરું પાડવાના હેતુથી યોજાનારા આ મેળામાં વધુમાં વધુ લોકો ભાગ લે તે માટે જાહેર નિમંત્રણ આપવામાં આવ્યું છે.

# એસજીવીપી ગુરૂકુળ રીબડા ખાતે ધર્મજીવન ટ્રોફી યુ-૧૪ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

રાજકોટ,એસજીવીપી ગુરૂકુળ રીબડા સુર્યા નેશનલ સ્કૂલ ખાતે ધર્મજીવન ટ્રોફી યુ-૧૪ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન થયુ હતું. પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસ, સંચાલક સ્વામી ધર્મવત્સલદાસ, શાસ્ત્રી વિશ્ર્વવિહારીદાસ, સ્વામી વેદાંતસ્વરૂપદાસ, સ્વામી હરીનંદનદાસની ઉપસ્થિતિમાં ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ થયો હતો.

આ ટુર્નામેન્ટમાં સૌરાષ્ટ્રભરમાંથી ૧૨ ટીમોએ ભાગ લીધો હતો. રોઅર ક્રિકેટ કલબ મોરબી ચેમ્પિયન થઈ હતી. કોચ યશ ઠક્કર શાળાના અનુરાગભાઈ, અભિષેકભાઈ, મહેશભાઈના સહયોગથી ટુર્નામેન્ટ સફળ રહી હતી.

# અમેરિકાએ ૫૪૦ દિવસીય સ્વચાલિત વર્ક પરમિટ લંબાવવાની વ્યવસ્થા સમાપ્ત કરી

## H-1B કામદારો માટે મોટો ફટકો: નવો DHS નિયમ ઓટોમેટિક વર્ક અધિકૃતતા વિસ્તરણને સમાપ્ત કરે છે



વોશિંગ્ટન,
યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા હાથ ધરવામાં આવેલા વ્યાપક ઈમિગ્રેશન અમલીકરણ પહેલ દરમિયાન ઈમિગ્રન્ટ્સ સંબંધિત વધુ વિકાસમાં, ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી (DHS) એ મંગળવારે (સ્થાનિક સમય) એક નિયમનકારી પગલાની જાહેરાત કરી જે ઈમિગ્રન્ટ્સને તેમની રિન્યુઅલ અરજીઓ સમીક્ષા હેઠળ હોય ત્યારે તેમના કાર્ય અધિકૃતતાની સમાપ્તિ પછી રોજગાર જાળવી રાખવાની મંજૂરી આપતી વિસ્તૃત અવધિને દૂર કરે છે.

નિયમન ૫૪૦-દિવસના સ્વચાલિત વિસ્તરણ સમયગાળાને કાયમી ધોરણે સમાપ્ત કરે છે જેણે લાયક ઈમિગ્રન્ટ્સને તેમની પરમિટ નવીકરણ અરજીઓ સમીક્ષા હેઠળ હોય ત્યારે દેશમાં રોજગાર જાળવી રાખવાની મંજૂરી આપી હતી. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જો બિડેનના કાર્યકાળ દરમિયાન સ્થાપિત આ વિસ્તરણને ગયા વર્ષે DHS દ્વારા અગાઉ કામચલાઉ ધોરણે સ્થગિત કરવામાં આવ્યું હતું.

નવા પગલાથી યુએસમાં કાર્યરત વિદેશી કામદારો, જેમાં ભારતીય વ્યાવસાયિકો અને H-1B વિઝા પ્રાપ્તકર્તાઓના જીવનસાથીઓનો સમાવેશ થાય છે જેઓ તેમની રોજગાર સ્થિતિ જાળવી રાખવા માટે કાર્ય અધિકૃતતા દસ્તાવેજો પર આધાર રાખે છે, માટે અસરો પડી શકે છે.

યુએસ નાગરિકતા અને ઈમિગ્રેશન સેવાઓ (USCIS) માં પ્રક્રિયામાં વિલંબને કારણે રોજગાર સમાપ્તિના જોખમનો સામનો કરતા ઈમિગ્રન્ટ કામદારોને રક્ષણ આપવા માટે ગ્રેસ પીરિયડની સ્થાપના કરવામાં આવી હતી. જોકે, ટ્રમ્પ વહીવટ દરમિયાન, એજન્સીએ એવા પગલાં અમલમાં મૂક્યા જેનાથી ઈમિગ્રન્ટ્સ માટે તેમની વર્ક પરમિટ જાળવવા અથવા લંબાવવામાં મુશ્કેલી વધી.

# બ્રિક્સ સમિટથી દૂર રહેવાના રહેમાનના નિર્ણયને અપરિપક્વ અને દેશના રાષ્ટ્રીય હિતોની વિરુદ્ધ

## બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીનાએ વડા પ્રધાન તારિક રહેમાનની ભારત મુલાકાત પર નિશાન સાધ્યું

નવીદિલ્હી,
બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીનાએ વડા પ્રધાન તારિક રહેમાનની ભારત મુલાકાત પર નિશાન સાધ્યું છે. તેમણે ભારતમાં યોજાયેલી પ્રાદેશિક બેઠકોમાં બાંગ્લાદેશની ગેરહાજરી પર સવાલ ઉઠાવ્યા છે, રહેમાનના નિર્ણયને અપરિપક્વ અને દેશના રાષ્ટ્રીય હિતોની વિરુદ્ધ ગણાવ્યો છે. હસીનાએ પ્રશ્ન કર્યો કે જો તેમના પિતા અને બાંગ્લાદેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ઝિયાઉર રહેમાન ભારતની મુલાકાત લઈ શકતા હોય, તો તારિક રહેમાન ભારતની મુલાકાત કેમ ટાળી રહ્યા છે?

શેખ હસીનાએ કહ્યું, “હું અહીં હતી ત્યારે તમારા પિતા ભારત આવ્યા હતા. દિલ્હીમાં મારી હાજરી તારિક રહેમાનને ભારતની મુલાકાત લેતા કેમ રોકી રહી છે? આ નિર્ણય પાછળનું વાસ્તવિક કારણ શું છે?”

શેખ હસીનાની ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના સંબંધો તણાવપૂર્ણ છે. બાંગ્લાદેશના વડા પ્રધાન તારિક રહેમાને ભારતમાં આયોજિત બ્રિક્સ સમિટમાં હાજરી આપી ન હતી. ઢાકાએ જણાવ્યું હતું કે તેમને બાંગ્લાદેશના વડા પ્રધાન તરીકે નહીં, પરંતુ બ્રિકસના અધ્યક્ષ તરીકે આમંત્રણ આપવામાં આવ્યું હતું.

અગાઉ, બાંગ્લાદેશના ગૃહ પ્રધાન સલાહુદ્દીન અહેમદે ૧૩ ઓક્ટોબરે નવી દિલ્હીમાં યોજાયેલી બ્રિક્સ ગૃહ પ્રધાનોની પહેલી બેઠકમાં પણ હાજરી આપી ન હતી. આ બે ઘટનાઓએ ભારત સાથેના સંબંધો અંગે બાંગ્લાદેશ સરકારની વ્યૂહરચના પર પ્રશ્નો ઉભા કર્યા છે.

બાંગ્લાદેશની બીએનપીની આગેવાની હેઠળની સરકાર ભારતમાંથી શેખ હસીનાના પ્રત્યાર્પણની માંગ કરી રહી છે.

# પ્રાચીન વારસાને પુનઃસ્થાપિત કરવાના પ્રયાસો ઝડપી બનાવવામાં આવ્યા : પીએમ મોદી

નવીદિલ્હી,
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ભારતનો સાંસ્કૃતિક વારસો સતત આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા મેળવી રહ્યો છે. ભારતનું સંગીત, નૃત્ય, સિનેમા અને ભોજન વિશ્વભરના વિવિધ દેશોના લોકોને જોડે છે. તેમણે "ગ્રેટર ઈન્ડિયા: ઈન્ડિયાઝ કલ્ચરલ રિલેશન્સ અરાઉન્ડ ધ વર્લ્ડ" વિષય પર એક આંતરરાષ્ટ્રીય પરિષદમાં મોકલેલા લેખિત સંદેશમાં આ નિવેદન આપ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારત સરકાર ઐતિહાસિક સ્મારકોના સંરક્ષણ સુધી મર્યાદિત નથી, પરંતુ દેશની પ્રાચીન હસ્તપ્રતોને જાળવવા માટે પણ પ્રયાસો કરી રહી છે. જ્ઞાન ભારતમ પહેલ હેઠળ કાર્ય ચાલી રહ્યું છે. આ પહેલનો હેતુ ભારતના હસ્તપ્રત વારસાને જાળવવાનો છે. વડા પ્રધાન મોદીએ એમ પણ કહ્યું કે અન્ય દેશોમાંથી ભારતના પ્રાચીન વારસાને પાછો લાવવાના પ્રયાસોને નવી ગતિ મળી છે.

આ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ ૧૪ થી ૧૬ ઓક્ટોબર દરમિયાન નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે યોજાઈ રહી છે. તેનું આયોજન સંસ્કૃતિ મંત્રાલય હેઠળના ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર ધ આર્ટ્સ દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ કોન્ફરન્સ ભારતના સાંસ્કૃતિક વારસા અને દેશના અન્ય સમાજો અને સભ્યતાઓ સાથેના તેના સંબંધોની ચર્ચા કરી રહી છે. ઉદ્ઘાટન સત્રમાં કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત પણ હાજર હતા. કેન્દ્રીય સંસ્કૃતિ સચિવ વિવેક અગ્રવાલે પ્રધાનમંત્રીનો લેખિત સંદેશ વાંચ્યો.

# જથ્થાબંધ ફુગાવાનો દર ઓગસ્ટમાં ૯.૯૨ ટકા થી વધીને સપ્ટેમ્બરમાં બે આંકડામાં ૧૧.૩૯ ટકા થયો

## બળતણ, વીજળી અને ખાદ્યપદાર્થોના ભાવમાં વધારો થવાથી જથ્થાબંધ ફુગાવાને બળ મળ્યું



નવીદિલ્હી,
તહેવારો અને વ્યવસાયિક પ્રવૃત્તિ વચ્ચે, સામાન્ય લોકો અને ઉદ્યોગ માટે ચિંતાજનક આંકડો બહાર આવ્યો છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા જારી કરાયેલા તાજેતરના આંકડા અનુસાર, ભારતનો જથ્થાબંધ ભાવ સૂચકાંક (ડબ્લ્યુપીઆઈ) આધારિત ફુગાવાનો દર સપ્ટેમ્બર ૨૦૨૬ માં ૧૧.૩૯ ટકાના બે આંકડામાં પહોંચી ગયો. ઓગસ્ટ ૨૦૨૬ માં આ દર ૯.૯૨ ટકા હતો. તમામ ચીજવસ્તુઓ માટેનો અખિલ ભારતીય જથ્થાબંધ ભાવ સૂચકાંક ઓગસ્ટમાં ૧૧૦.૮ ટકાથી વધીને સપ્ટેમ્બરમાં ૧૧૨.૫ ટકા થયો. જથ્થાબંધ ભાવમાં આ અચાનક વધારો મુખ્યત્વે ખનિજ તેલ, ખાદ્ય પદાર્થો, ક્રૂડ તેલ અને કુદરતી ગેસ, કોલસો, મૂળભૂત ધાતુઓ અને રસાયણોના ઊંચા ભાવને કારણે થયો હતો.

જથ્થાબંધ ફુગાવામાં વધારો થવાનું મુખ્ય કારણ શું છે?

સપ્ટેમ્બરમાં જથ્થાબંધ ફુગાવામાં વધારો થવામાં ઈંધણ અને વીજળી શ્રેણીએ સૌથી વધુ ફાળો આપ્યો.

ઈંધણ અને વીજળી ક્ષેત્ર: આ સેગમેન્ટમાં વાર્ષિક ફુગાવાનો દર ઓગસ્ટમાં ૨૨.૯૩ ટકાથી વધીને સપ્ટેમ્બરમાં ૨૫.૮૫ ટકાના રેકોર્ડ ઉચ્ચ સ્તરે પહોંચ્યો. તેનો સૂચકાંક પણ ૧૦૮.૩ ટકાથી વધીને ૧૧૦.૫ થયો.

ઉત્પાદિત ઉત્પાદનો: ઉત્પાદિત ઉત્પાદનો માટે ફુગાવો પણ વધ્યો, ઓગસ્ટમાં ૮.૩૭ ટકાથી વધીને સપ્ટેમ્બરમાં ૯.૭૬ ટકા થયો, જેમાં સૂચકાંક ૧૦૮.૮ થી વધીને ૧૧૦.૨ થયો.પ્રાથમિક વસ્તુઓ: પ્રાથમિક વસ્તુઓની શ્રેણીમાં ફુગાવો ૭.૭૬ ટકાથી વધીને ૮.૬૭ ટકા થયો, અને સૂચકાંક ૧૧૮.૧ થી વધીને ૧૨૦.૩ થયો.

# તુર્કીના દરિયા કિનારેથી ૪,૭૦૦ વર્ષ જૂનું ડૂબી ગયેલું માલ વહન કરતું વેપારી જહાજ મળી આવ્યું

નવીદિલ્હી,
દુનિયાનું સૌથી જૂનું ડૂબી ગયેલું જહાજ તુર્કીના દરિયા કિનારેથી મળી આવ્યું છે. પુરાતત્વવિદોએ તેની ઉંમર ૪,૪૦૦ થી ૪,૭૦૦ વર્ષ પહેલાં હોવાનો અંદાજ લગાવ્યો છે, જ્યારે ગ્રેટ પિરામિડ બનાવવામાં આવી રહ્યા હતા. સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે વહાણનો લાકડાનો ઢાળ સાચવવામાં આવ્યો ન હતો, પરંતુ તેમાં રહેલા માટીકામ સમુદ્રના તળિયે મળી આવ્યા હતા, અને આશ્ચર્યજનક રીતે, કેટલાક જહાજોમાં હજુ પણ સામગ્રીના નિશાન છે. જે પુરાતત્વવિદોએ જહાજ શોધ્યું હતું તેઓ કહે છે કે તે આશરે ૧૦ મીટર લાંબુ હતું અને ભૂમધ્ય સમુદ્રમાં માલ વહન કરતું વેપારી જહાજ હતું.

સમુદ્ર દ્વારા મુસાફરી કરવી ખતરનાક હતી, ખાસ કરીને કેકોવા ટાપુની આસપાસ, જ્યાં જોરદાર મોજા અને પવનોએ ઘણા જહાજોને ડૂબાડી દીધા છે. આ વિસ્તારમાં સેંકડો જહાજ ભંગાર છે, અને ભૂમધ્ય પુરાતત્વીય સંગઠન તેમને શોધવા અને સંશોધન કરવામાં નિષ્ણાત છે. આ ડૂબી ગયેલું જહાજ અને તેનો માલ પ્રાચીન વિશ્વમાં વેપારમાં પણ આંતરદૃષ્ટિ પ્રદાન કરી રહ્યું છે. પુરાતત્વવિદો માને છે કે જહાજ ભૂમધ્ય સમુદ્રના પૂર્વ કિનારાની નજીક ક્યાંક તેની મુસાફરી શરૂ કરી હતી. તેઓ માને છે કે તે પ્રાચીન શહેર ટ્રોય અથવા ક્રેટમાં રહેતા મિનોઅન લોકો માટે માલ લઈ જતું હતું.

જહાજનો ભંગાર તુર્કીના અંતાલ્યામાં કેકોવા ટાપુના કિનારે આવેલો છે. તેની સામગ્રી પાણીની અંદરના ઢોળાવ પર, મોજાઓથી માત્ર ૩૦ મીટર નીચે પથરાયેલી છે. ત્રણ મોટા પથ્થરના લંગર અને ૩૦ થી વધુ માટીકામના વાસણો (જેને એમ્ફોરા કહેવાય છે) ત્યાં મળી આવ્યા હતા.

# યુવાનોને જેલમાં નાખવાથી સામાન્ય લોકો પણ વિરોધમાં રસ્તા પર ઉતરવા માટે પ્રોત્સાહિત થશે

## સૌરવ અને આશુતોષની અટકાયત મામલે વિપક્ષી નેતાઓએ સવાલ ઉઠાવ્યા

નવીદિલ્હી,
દિલ્હીના જંતર-મંતર ખાતે વિરોધ પ્રદર્શન દરમિયાન કોકરોચ જનતા પાર્ટી ના કાર્યકરો સૌરવ દાસ અને આશુતોષ રંકાની અટકાયત ગરમાઈ ગઈ છે. બંનેને પાંચ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા બાદ વિપક્ષી નેતાઓએ કાર્યવાહી પર સવાલ ઉઠાવ્યા છે. આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે આ કાર્યવાહીને વાહિયાત ગણાવી હતી. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર લખ્યું, "શું તમારા પોતાના દેશમાં તમારો ધ્વજ લહેરાવવો ગુનો છે? આ એકદમ વાહિયાત છે."

તમિલનાડુના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને દ્રવિડ મુનેત્ર કઝગમના પ્રમુખ એમકે સ્ટાલિને પણ કાર્યકરોની ધરપકડ પર નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે પૂછ્યું કે સરકાર કેટલા વિરોધીઓની અટકાયત કરશે અને કેટલા યુવાનોના અવાજને દબાવશે? સ્ટાલિને કહ્યું કે યુવાનોને જેલમાં નાખવાથી સામાન્ય લોકો પણ વિરોધમાં રસ્તા પર ઉતરવા માટે પ્રોત્સાહિત થઈ શકે છે. તેમણે કહ્યું કે તેમનો પક્ષ રંકા અને દાસને જરૂરી કાનૂની સહાય પૂરી પાડવા તૈયાર છે.

શિવસેના (યુબીટી) ના નેતા આદિત્ય ઠાકરેએ પણ આ કાર્યવાહીની ટીકા કરી. તેમણે ઈન્સ્ટાગ્રામ પર લખ્યું કે જંતર-મંતર પર ત્રિરંગો પકડવા બદલ સૌરવ દાસ અને આશુતોષ રંકાને જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે. તેમણે પ્રશ્ન કર્યો કે યુવાનો માટે પોતાના દેશમાં રાષ્ટ્રધ્વજ પકડવો ક્યારે ગુનો બન્યો? ઠાકરેએ કહ્યું કે સત્તામાં બેઠેલા લોકો અને દેશભક્ત યુવાનો વચ્ચેની આ લડાઈ લોકશાહી પાછી ન આવે ત્યાં સુધી ચાલુ રહેશે.

અગાઉ, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ પણ બે કાર્યકર્તાઓની ન્યાયિક અટકાયત પર સવાલ ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે જંતર-મંતર પર શાંતિપૂર્ણ વિરોધ દરમિયાન ત્રિરંગો લહેરાવવો ગુનો નથી. રાહુલે યુવાનોને જેલમાં મોકલવાની કાર્યવાહીને કાયરતા ગણાવી હતી.

# અસદુદ્દીન ઓવૈસીએ ચૂંટણી પંચના મતદાર યાદીના વિશેષ સઘન સુધારણાને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો

## મતદાર ડેટાબેઝ અને ડિલીટ પ્રક્રિયાનું સ્વતંત્ર ઓડિટ કરવાની માંગ કરી

નવીદિલ્હી,
એઆઈએમઆઈએમ પ્રમુખ અને હૈદરાબાદના સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ બુધવારે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. આ અરજી મતદાર યાદી સુધારવા માટે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) પ્રક્રિયા હાથ ધરવાની ચૂંટણી પંચની પદ્ધતિને પડકારે છે. અગાઉ, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી, રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે અને અન્ય વિપક્ષી નેતાઓએ પણ સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો. તેઓએ પ્રક્રિયામાં અનિયમિતતાઓનો આરોપ લગાવ્યો હતો અને મતદાર ડેટાબેઝ અને ડિલીટ પ્રક્રિયાનું સ્વતંત્ર ઓડિટ કરવાની માંગ કરી હતી.

વિપક્ષની અરજીમાં મતદાર ડેટાબેઝ અને ડિલીટ પ્રક્રિયાનું સ્વતંત્ર ઓડિટ તેમજ સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશની આગેવાની હેઠળની સમિતિની રચનાની માંગ કરવામાં આવી છે. આ સમિતિ સુધારા પ્રક્રિયાના અમલીકરણ અને મતદાર યાદી અને ઈલેક્ટ્રોનિક મતદાન મશીનો (ઈવીએમ) સંબંધિત તકનીકી સિસ્ટમોની તપાસ કરશે. અરજદારોએ અગાઉ પ્રશ્ન ઉઠાવ્યો હતો કે મુખ્ય ચૂંટણી કમિશનરે અન્ય ચૂંટણી કમિશનરોની જાણકારી કે સંમતિ વિના ચૂંટણી કમિશનની સામૂહિક સત્તાઓનો ઉપયોગ કેવી રીતે કર્યો.

# જર્મનીના કોલોનમાં ૧૬ વર્ષની સગીરાની છેડતી અને જાતીય શોષણ કરવાના આરોપી રોબોટ સામે કાર્યવાહી

## બે યુવાનોએ ઘટનાનું લાઈવ-સ્ટ્રીમિંગ કર્યું અને તેના પર ઓનલાઈન ટિપ્પણી પણ કરી



કોલોન,
જર્મનીના કોલોનમાં ૧૬ વર્ષની છોકરીની છેડતીના સંદર્ભમાં પોલીસે રોબોટ સામે કાર્યવાહી કરી છે અને તેને જપ્ત કરી છે. પોલીસ તપાસ કરી રહી છે કે રોબોટને નિયંત્રિત કરનારા બે યુવાનો પણ આ ઘટનામાં સામેલ હતા કે નહીં. બે યુવાનો સામે કોઈ આરોપ દાખલ કરવામાં આવ્યો નથી, પરંતુ તેમને શંકાસ્પદ માનવામાં આવે છે.

પોલીસના જણાવ્યા અનુસાર, શનિવાર અને રવિવાર રાત્રે બનેલી આ ઘટનામાં, બે યુવાનો દ્વારા નિયંત્રિત એક રોબોટે ૧૬ વર્ષની છોકરીના ગુપ્તાંગને સ્પર્શ કર્યો અને જાતીય હુમલો જેવા કૃત્યો કર્યા. એવો આરોપ છે કે યુવાનોએ આ ઘટનાનું ફિલ્માંકન કર્યું, તેનું લાઈવ-સ્ટ્રીમિંગ કર્યું અને તેના પર ઓનલાઈન ટિપ્પણી કરી.

કોલોન પોલીસ પ્રવક્તા ક્રિસ્ટોફ બર્મેલે જણાવ્યું હતું કે તપાસકર્તાઓ એ નક્કી કરવાનો પ્રયાસ કરી રહ્યા છે કે રોબોટની ગતિવિધિઓ પહેલાથી પ્રોગ્રામ કરેલી હતી કે રીઅલ ટાઈમમાં રિમોટલી નિયંત્રિત કરવામાં આવી રહી હતી. તેમણે ઉમેર્યું હતું કે આ પ્રકારની ઘટના પોલીસ માટે એક નવો અનુભવ છે.

સોમવારે જારી કરાયેલા એક નિવેદનમાં, પોલીસે જણાવ્યું હતું કે ફાસ્ટ-ફૂડ રેસ્ટોરન્ટ નજીક બનેલી ઘટનાની માહિતી મળ્યા બાદ ઈમરજન્સી ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી. રોબોટ વાહનના થડમાંથી મળી આવ્યો હતો. પોલીસે રોબોટ અને બે યુવાનોના મોબાઈલ ફોન પણ જપ્ત કર્યા છે. રોબોટનો માલિક ૧૬ વર્ષનો હોવાનું કહેવાય છે, જ્યારે તેનો સાથી ૧૯ વર્ષનો છે. આ રોબોટ આશરે ૧૨૦ સેન્ટિમીટર (૩ ફૂટ ૧૧ ઈંચ) ઊંચો છે.

# સરહદ પર શાંતિ સ્થાપિત કર્યા વિના ચીન સાથે સંબંધોને સામાન્ય બનાવવા મુશ્કેલ : વિદેશ મંત્રી

## દિલ્હીમાં બ્લૂમબર્ગ ન્યૂ ઈકોનોમી ફોરમના મુખ્ય સંપાદક જોન મિકલેથવેટ સાથેની વાતચીતમાં ચીન અંગે નિવેદન



નવીદિલ્હી,
વિદેશ મંત્રી એસ. જયશંકરે સ્પષ્ટ કર્યું છે કે સરહદ પર શાંતિ સ્થાપિત કર્યા વિના ચીન સાથે સંબંધોને સામાન્ય બનાવવા મુશ્કેલ છે. તેમણે કહ્યું કે સરહદી વિસ્તારોમાં શાંતિ અને સુલેહ-શાંતિ જરૂરી છે. જયશંકરે ભાર મૂક્યો કે સરહદ પર કોઈપણ ખલેલ બંને દેશો વચ્ચેના સંબંધોને અસર કરશે. તેમણે દિલ્હીમાં બ્લૂમબર્ગ ન્યૂ ઈકોનોમી ફોરમના મુખ્ય સંપાદક જોન મિકલેથવેટ સાથેની વાતચીતમાં ચીન અંગે આ નિવેદન આપ્યું હતું.

એસ. જયશંકરે જણાવ્યું હતું કે ભારત અને ચીન વચ્ચે કોઈ સીમાંકિત સરહદ નથી. આ કોઈ નવો મુદ્દો નથી; તે દાયકાઓથી ચાલી રહ્યો છે... ૧૯૭૫ થી ૨૦૨૦ સુધી, પૂરા ૪૫ વર્ષ, તે સરહદ પર કોઈ રક્તપાત થયો નથી. છેલ્લી મૃત્યુ ૧૯૭૫ માં થઈ હતી. આ સમયગાળા દરમિયાન ભારત-ચીન સંબંધોમાં વધારો થયો. તેમણે કહ્યું કે ૨૦૨૦ માં પરિસ્થિતિ બદલાઈ ગઈ, જ્યારે સરહદ પર તણાવ વધ્યો અને અથડામણ થઈ. આ અથડામણોમાં બંને પક્ષના સૈનિકો મૃત્યુ પામ્યા. જયશંકરે આગળ કહ્યું. "પછી ૨૦૨૦ માં, જ્યારે આપણે કોવિડ લોકડાઉન વચ્ચે હતા, ત્યારે સરહદ પર ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો, અને તેના પરિણામે બંને બાજુના ઘણા સૈનિકો માર્યા ગયા. અમારા માટે, આ ૧૯૭૫ થી અસ્તિત્વમાં રહેલી પરિસ્થિતિથી ખૂબ જ અલગ હતું. જો સરહદી વિસ્તારોમાં શાંતિ ભંગ થાય છે, તો તેના પરિણામો સંબંધો પર પડશે. તે પરિણામો આગામી પાંચ વર્ષ સુધી સ્પષ્ટપણે દેખાઈ રહ્યા હતા જ્યાં સુધી આપણે શાંતિ પુનઃસ્થાપિત કરી શક્યા નહીં. આ માટે બંને પક્ષો વચ્ચે ચાર વર્ષ વાતચીત થઈ." વિદેશ પ્રધાન જયશંકરે કહ્યું કે ભારત અને ચીન વચ્ચેના તફાવતો ફક્ત સરહદ સુધી મર્યાદિત નથી. બંને દેશો વચ્ચેના આર્થિક સંબંધોમાં પણ ગંભીર સમસ્યાઓ છે. તેમણે ભારત-ચીન વેપાર સંતુલનને એકતરફી ગણાવતા કહ્યું કે ઘણા ક્ષેત્રો છે જેમાં ભારતીય કંપનીઓએ વિશ્વભરના અન્ય બજારોમાં સારું પ્રદર્શન કર્યું છે, પરંતુ તેમને ચીનમાં પર્યાપ્ત બજાર ઍક્સેસ મળી નથી. જયશંકરે કહ્યું કે ભારતને ચીનમાં સમાન તકો મળી રહી નથી જે રીતે ભારતે ચીની કંપનીઓને તેના પોતાના બજારમાં તકો આપી છે.

# મેરઠના બ્લુ ડ્રમ હત્યા કેસમાં આરોપી મુસ્કાન અને સાહિલને મૃત્યુદંડની સજા

## મુસ્કાન રસ્તોગી અને સાહિલ શુક્લાએ સૌરભની હત્યા બાદ તેના શરીરના ટુકડા કરી વાદળી ડ્રમમાં પેક કરી ડ્રમને સિમેન્ટથી સીલ કરી દીધું હતું



લખનૌ,
આજે, ૧૪ ઓક્ટોબર, ૨૦૨૬, ઉત્તર પ્રદેશના કુખ્યાત બ્લુ ડ્રમ હત્યા કેસમાં જિલ્લા અદાલતે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. લગભગ ૧૩ મહિનાની ચર્ચા, ૧૨૭ તારીખો અને ૨૨ થી વધુ સાક્ષીઓની જુબાની બાદ, કોર્ટે આજે પોતાનો ચુકાદો જાહેર કર્યો. જિલ્લા અદાલતે બંને આરોપીઓ, મુસ્કાન રસ્તોગી અને સાહિલ શુક્લાને મૃત્યુદંડની સજા ફટકારી છે.

કોર્ટે સૌરભ રાજપૂતની પત્ની, મુસ્કાન રસ્તોગી અને સાહિલ શુક્લાને મર્ચન્ટ નેવીના ભૂતપૂર્વ કર્મચારી સૌરભ રાજપૂતની હત્યા કેસમાં દોષિત ઠેરવ્યા હતા. હવે, કોર્ટે બંને માટે પોતાનો ચુકાદો જાહેર કર્યો છે. બંને મેરઠની ચૌધરી ચરણ સિંહ જેલમાં બંધ છે.બુધવારે સવારે સજા જાહેર થાય તે પહેલાં, કોર્ટે બંને દોષિતોને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પૂછપરછ કરી. ન્યાયાધીશે તેમને પૂછ્યું કે શું તેમની પાસે કોઈ ટિપ્પણી છે, પરંતુ બંનેએ ઈનકાર કર્યો. માર્ચ ૨૦૨૫માં મેરઠમાં સૌરભ રાજપૂતની હત્યાએ સમગ્ર દેશને આઘાત આપ્યો હતો. સૌરભની પત્ની, મુસ્કાન રસ્તોગી અને તેના પ્રેમી, સાહિલ શુક્લાને આ કેસમાં આરોપી બનાવવામાં આવ્યા હતા. આરોપ હતો કે તેઓએ સૌરભની હત્યાનું કાવતરું ઘડ્યું, પછી તેના શરીરને ટુકડા કરી દીધા, તેને વાદળી ડ્રમમાં મૂક્યું અને તેને સિમેન્ટથી સીલ કરી દીધું. સૌરભ વિદેશમાં રહેતો હતો અને તેની પત્ની મુસ્કાન અને પુત્રીનો જન્મદિવસ ઉજવવા માટે રજા લીધી હતી. આ સમય દરમિયાન તેની હત્યા કરવામાં આવી હતી. ફેબ્રુઆરી ૨૦૨૫ ના છેલ્લા અઠવાડિયામાં જ્યારે મર્ચન્ટ નેવીનો કર્મચારી સૌરભ રાજપૂત વિદેશથી મેરઠ પાછો ફર્યો, ત્યારે તેને તેની પત્ની મુસ્કાન રસ્તોગીના તેના પ્રેમી સાહિલ શુક્લા સાથેના ગેરકાયદેસર સંબંધોની જાણ થઈ.

# કોડીનારના વલાદર ગામે ઘર બહાર સૂતેલા યુવાનને સિંહણ ઉઠાવી ગઈ: ૨ કિ.મી દૂર લઈ જઈ ફાડી ખાધો

## આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો,વન વિભાગે સિંહણને પકડવાની ખાતરી આપતા પરિવારે લાશ સ્વીકારી



(કૈલેશ ભટ્ટ દ્વારા) ઉના:

ગીર સોમનાથ જિલ્લાના કોડીનારના વલાદર ગામે સિંહણે એક યુવકને ફાડી ખાધો છે. વલાદર ગામમાં ગત રાત્રિના સમયે ૩૦ વર્ષીય યુવક મહેશ પ્રતાપ રાઠોડ પોતાના ઘરની બહાર સૂતો હતો. દરમિયાન ત્યાં આવી પહોંચેલી સિંહણે યુવાન પર હુમલો કરી તેને ઘસડીને લઈ ગઈ હતી. આ ઘટનાની જાણ થતાં યુવાનની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન ઘરથી બે કિલોમીટર દૂર યુવાન મૃત હાલતમાં મળી આવ્યો હતો. જેથી પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

આ ઘટનાને પગલે ગામ સહિત આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો છે. વનવિભાગ દ્વારા ૧૦ લાખની સહાય આપવામાં આવે છે પરંતુ પરિવારજનોએ સહાય લેવાની અને મૃતદેહ સ્વીકારવાની ના પાડી હતી. આટલી સહાયમાં મૃતકના પાંચ સંતાનોનું ભરણપોષણ થઈ શકે નહીં. જેથી વધુ સહાયની માગ કરી હતી. જોકે, વન વિભાગે સિંહણને પકડવાની અને વધુ સહાયની રજૂઆત સરકાર સુધી પહોંચાડવાની ખાતરી અપતા આખરે પરિવારજનો લાશ સ્વીકારવા તૈયાર હતા. હાલ મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવી રહ્યું છે.

મૃતક મહેશ રાઠોડના ભાઈ મુકેશ રાઠોડે જણાવ્યું કે, એ મજૂરી કરવા અહીંથી પોરબંદર ગયો હતો બે મહિના થયા છે. જામવાળા મારા દાદાનું અવસાન થયું હતું. જેથી તે ત્યા ખબર કાઢવા આવ્યો હતો, અને ત્યાંથી ઘરે વલાદર આવ્યો હતો. ઘરે એ એકલો હતો, બીજું કોઈ સાથે હતું નહીં. મારા પપ્પાને એ બધા ગામમાં રહેતા હતા. તે દરમિયાન આ બનાવ બન્યો હતો.

અમે સવારે જામવાળા ગયા હતા. જેથી અમને કાંઈ ખબર પડી નહીં. રાતે પરત આવ્યા ત્યારે મારા ભાઈ જોવા મળ્યો ન હતો. જેથી અમે કુટુંબવાળાને ફોન કરી જાણ કરી હતી. પણ ક્યાંય પત્તો લાગ્યો નહીં. જે બાદ બે-ત્રણ લોકો સાથે રાતે તેને શોધવા ગયા હતા. ત્યારે અમને આ બનાવની જાણ થતાં જ ગામલોકોને અને જંગલ ખાતાવાળાને જાણ કરી હતી. સિંહણ જોવા મળી હતી પણ હજુ તે પકડાઈ નથી.

જામવાળા ACF પ્રભાકર કુમારે જણાવ્યું કે, લોકોની કેટલીક માંગણીઓ છે જે અમે સાંભળી રહ્યા છીએ, જેમ કે અહીં વીજળીની થોડી સમસ્યા છે, તો અમે PGVCL સાથે મીટિંગ કરીને તેમાં સુધારો કરીશું. આવી જે માંગણીઓ છે, તેના પર અમે અમારી તરફથી જેટલું શક્ય બનશે એટલું પૂરું કરવાનો પ્રયાસ કરીશું. અત્યારે અમે ૪ પાંજરા મૂક્યા છે અને જો વધુ જરૂર જણાશે તો બીજા પાંજરા પણ મૂકીશું. અમારો તમામ સ્ટાફ ૨૪ કલાક કાર્યરત છે. અલગ-અલગ ટીમ બનાવવામાં આવી છે જેથી રોટેશનમાં કામ કરી શકાય. જ્યાં પણ આવી સમસ્યા કે ફરિયાદ આવે છે, ત્યાં અમે તાત્કાલિક કાર્યવાહી કરીએ છીએ.

વલાદર ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ હનીફ મકરાણીએ જણાવ્યું કે, કોઈના મા-બાપને કે કોઈના દીકરાને મારી નાખે છે. વારંવાર અધિકારીઓને જાણ કરીએ છીએ. અમારે અહીંયા ગીર કાંઠાનું ગામ છે તે ૯૦ ટકા બાગાયત છે. જંગલ કરતાં બાગાયતમાં વધારે સિંહ રહે છે. મારી નમ્ર વિનંતી છે આપણા મિનિસ્ટર અર્જુન મોઢવાડિયાને કે, સરકારમાં રજૂઆત કરે, જેના ઘરના મોભીને સિંહ ખાઈ જાય છે અને એના બાળકો હેરાન થાય, એને જીવન જીવવા માટે રૂ. ૪૦ લાખ જેવું વળતર આપવું જોઈએ.

# બગસરાના સમઢિયાળા ગામે ખેતરમાં બેઠેલા બે સિંહોને દૂર કરવા ગયેલા વનકર્મી પર સિંહનો હુમલો

## પીઠ અને કમરના ભાગે ગંભીર ઈજાઓ થતાં અમરેલી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા



(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી: અમરેલી જિલ્લામાં વન્ય પ્રાણીઓની અવરજવર અને હુમલાની ઘટનાઓ વચ્ચે વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. નવરાત્રિના દિવસોમાં ગત રાત્રે ધારી અને રાજુલા શહેરમાં દીપડાએ દેખા દીધા બાદ હવે બગસરા તાલુકાના સમઢિયાળા ગામની સીમમાં ખેતરમાં બેઠેલા સિંહોને દૂર કરવા ગયેલા વનકર્મી પર એક સિંહે અચાનક હુમલો કરતાં ચકચાર મચી ગઈ છે. આ હુમલામાં વનકર્મી મહેશ માટીયાને પીઠ અને કમરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતાં સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

આ બનાવમાં પ્રાપ્ત વિગતો અનુસાર, બગસરા તાલુકાના સમઢિયાળા ગામની સીમમાં આવેલા એક ખેતરમાં બે સિંહ બેઠા હતા. ખેતરમાં ખેતીકામ કરી રહેલા ખેડૂતને સિંહોની હાજરીના કારણે કામ કરવામાં મુશ્કેલી પડતી હોવાથી તેમણે વન વિભાગને જાણ કરી હતી.

ખેડૂતની ફરિયાદના પગલે સિંહોને ખેતરમાંથી દૂર કરવા માટે વનકર્મી મહેશ માટીયા સ્થળ પર પહોંચ્યા હતા. દરમિયાન ખેતરમાં બેઠેલા બે સિંહ પૈકી એક સિંહે અચાનક વનકર્મી પર હુમલો કરી દેતાં તેઓ ઈજાગ્રસ્ત થયા હતા.સિંહના અચાનક હુમલાથી વનકર્મીને પીઠ અને કમરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ બનાવ બાદ ઈજાગ્રસ્ત મહેશ માટીયાને તાત્કાલિક સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ફરજ દરમિયાન વન્યપ્રાણીના હુમલાની આ ઘટનાને પગલે વન વિભાગના કર્મચારીઓની સુરક્ષા અને ખેતરોમાં સિંહોની વધતી અવરજવરનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે.

# બાબરાની યુવતીનો પીછો કરી દુષ્કર્મ

## પિતા અને ભાઈને ધમકાવી બાઈકમાં લઈ ગયો

અમરેલી:બાબરા શહેરમાં સગીરવયની યુવતી સાથે દુષ્કર્મ આચરવા અને તેને ધમકી આપ્યાનો ગંભીર બનાવ સામે આવ્યો છે. પિતા અને ભાઈને પણ ધમકી આપી વીડિયો ફોટા પરિવારને બતાવવાનું તેમજ સોશિયલ મીડિયામાં વાયરલ કરવાની પણ ધમકી આપી હોવાની ફરિયાદ બાબરા પોલીસ ચોપડે નોંધવામાં આવી છે.

બાબરા શહેરમાં રહેતી સગીરા સાથે વર્ષ ૨૦૧૮થી ગત ૧૩ ઓગસ્ટ,ના સમયગાળા દરમિયાન દરેડ અને બાબરા ગામે રહેતા કરણ રાજાભાઈ ગરૈયા દીકરી સગીરવયની હોવાનું જાણવા છતાં તેનો વારંવાર પીછો કર્યો હતો.શખ્સે યુવતી સાથે બળજબરીથી શરીર સંબંધ બાંધવાના ઈરાદે તેના ભાઈ અને પિતાને મારી નાખવાની ધમકી આપી બાઈક પર બેસાડી લઈ જઈ તેની સાથે બળજબરીપૂર્વક શરીર સંબંધ બાંધ્યો હોય આ ઉપરાંત, કારણ ગરૈયાએ યુવતીના વાંધાજનક ફોટા પોતાના મોબાઈલ ફોનમાં પાડી લીધા હતા.

આ ફોટા યુવતીના પરિવારજનોને બતાવી દેવાની તેમજ સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની ધમકી આપીને ગુનો આચર્યો હોવાની યુવતીએ ફરિયાદ નોંધાવી છે.બનાવને પગલે બાબરા પોલીસે ગુનો નોંધ્યો છે. જેની આગળની તપાસ પીઆઈ આર. આર. પરમાર ચલાવી રહ્યા છે.

# અમરેલી જિલ્લામાં દીપડાની દહેશત યથાવત્

## રાજુલાના સતત ટ્રાફિકથી ધમધમતા છતડીયા રોડ પર આવેલી બજરંગ સોસાયટીમાં દીપડો ઘૂસી આવ્યો

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી તા.

અમરેલી જિલ્લામાં દીપડાની દહેશત યથાવત્ રહેવા પામી છે. લીલીયા પંથકમાં બે દિવસ પહેલાં ખેતમજૂર પર દીપડાના હુમલાની ઘટના બાદ હવે ગઈકાલલે મોડી રાત્રે રાજુલાના શહેરી વિસ્તારમાં દીપડાએ દેખા દેતાં લોકોમાં ફફડાટ ફેલાયો છે. ત્યારે રાજુલાના સતત ટ્રાફિકથી ધમધમતા છતડીયા રોડ પર આવેલી બજરંગ સોસાયટીમાં રાત્રિના સમયે દીપડો ઘૂસી આવ્યો હતો. રહેણાક મકાનની દિવાલ ટપીને સોસાયટીમાં પ્રવેશતો દીપડો CCTV કેમેરામાં કેદ થતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

આ બનાવમાં પ્રાપ્ત વિગતો અનુસાર, રાજુલાની બજરંગ સોસાયટીમાં ગત રાત્રીના સમયે એક દીપડો આવી ચડ્યો હતો. માનવ વસ્તી ધરાવતા રહેણાક વિસ્તારમાં મકાનની દિવાલ ટપીને દીપડો સોસાયટીમાં પ્રવેશતો હોવાની ઘટના



CCTV કેમેરામાં કેદ થઈ હતી.

સામાન્ય રીતે દિવસ દરમિયાન વાહનોની સતત અવરજવરથી ધમધમતા છતડીયા રોડ નજીક આવેલી સોસાયટીમાં દીપડાની હાજરી સામે આવતાં સ્થાનિક રહીશોમાં ચિંતા સાથે ભયનું મોજું ફરી વળ્યું છે.

અમરેલી જિલ્લામાં એક તરફ દીપડાના હુમલાની ઘટનાઓ સામે આવી રહી છે, ત્યારે બીજી તરફ હવે દીપડાઓ શહેરી રહેણાક વિસ્તારોમાં પણ આંટાફેરા કરતા જોવા મળી રહ્યા છે. લીલીયા પંથકમાં ખેતમજૂર પર હુમલાની ઘટના બાદ રાજુલાની સોસાયટીમાં દીપડો ઘૂસી આવ્યાની વાત વાયુવેગે પ્રસરી જતાં લોકોમાં ભયનો માહોલ સર્જાયો છે.

ગત રાત્રિના સમયે રહેણાક વિસ્તારમાં દીપડાની હાજરીનો આ બનાવ શહેરી વિસ્તારોમાં વન્ય પ્રાણીઓની અવર જવર અંગે ચિંતાજનક સ્થિતિ દર્શાવે છે. હવે આ વિસ્તારમાં વનવિભાગ દ્વારા તકેદારીનાં પગલાં લેવામાં આવે અને સ્થાનિક રહીશોને સુરક્ષા અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવે તેવી માંગ ઊઠે તેવી સ્થિતિ સર્જાઈ છે.

બજરંગ સોસાયટીમાં દીપડો દિવાલ ટપીને પ્રવેશતો હોવાની ઘટના ઝડ્રફમાં કેદ થતાં દીપડાની હાજરીની ચર્ચાએ જોર પકડ્યું છે. રહેણાક વિસ્તારમાં રાત્રિના સમયે દીપડો આવી ચડતાં લોકોમાં ફફડાટ વ્યાપ્યો છે. ત્યારે દીપડાની અવરજવર પર નજર રાખી નાગરિકોની સલામતી માટે વનવિભાગ દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવે તે અત્યંત જરૂરી બન્યું છે.

# મનદુ:ખે હિંસક સ્વરૂપ ધારણ કર્યું

## હિંડોરણામાં ખાળકૂવાનું પાણી બહાર નહીં કાઢવાનું કહેતા માતા પુત્રને બરણીના ઘા ઝીંકી દીધાઃ ૩ને ઈજા

અમરેલી:

રાજુલાના હિંડોરણા ગામની કિષ્નાપાર્ક સોસાયટીમાં ખાળકૂવાના પાણીની સમસ્યાને લઈને ચાલતા મનદુ:ખે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હોવાની ઘટના સામે આવી છે.ખાળકૂવાનું પાણી ઘરની બહાર શેરીમાં આવતું હોવા અંગે ઠપકો આપવાના મુદ્દે થયેલી બોલાચાલીમાં એક શખ્સે મહિલા અને દીકરી, દીકરાને સ્ટીલની બરણીથી માર માર્યો હોવાની ફરિયાદ નોંધાઈ છે.

રાજુલાના હિંડોરણાની કિષ્નાપાર્ક સોસાયટીમાં રહેતાં ગીતાબેન વાઘ (ઉં.વ. ૪૬) ૧૨ ઓક્ટોબર,ના રોજ સાંજના આશરે સાત વાગ્યાના અરસામાં પોતાના ઘરની બહાર પૌત્ર પર્વને રમાડી રહ્યાં હતાં.આ દરમિયાન શેરીમાંથી પસાર થયેલા ભગુ ઉર્ફે લાલો રાજુભાઈ ભેંડાના ઘરનું ખાળકૂવાના પાણી બહાર નિકટા હોવાથી અગાઉ ઠપકો આપ્યો હતો. તેના મનદુ:ખને લઈને શખ્સે ફરીથી શેરીમાં આવી ખાળકૂવાનું પાણી બહાર આવતું જ રહેશે તેમ કહી ગીતાબેનને અપશબ્દો બોલી હાથમાં રહેલી સ્ટીલની બરણીથી તેમના મોઢા અને કપાળના ભાગે આડેધડ ઘા ઝીંકી દીધા હતા.

આ હુમલામાં મહિલાના કપાળ અને માથાના ભાગે ફ્રેકચર જેવી ઈજાઓ પહોંચી હતી. તેમજ ભગુ નામના આ શખ્સે મહિલાના પુત્ર વિશાલને અને પુત્રી કાજલબેન પર પણ સ્ટીલની બરણીથી હુમલો કરી મુંઢ ઈજાઓ પહોંચાડી ખાળકૂવાના પાણીના મુદ્દે ફરી પંચાયત કરશો તો પરિવારને જીવતા નહીં રહેવા દેવાની ધમકી આપી હોવાની મહિલાએ રાજુલા પોલીસને રાવ કરી છે.આ અંગે પોલીસે ભગુ ઉર્ફે લાલો રાજુભાઈ ભેંડા વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

# બગસરાની ANM શાળા રાજકોટ લઈ જવાની પેરવી સામે રોષ

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

બગસરા ખાતે કાર્યરત ANMર્નસિંગ તાલીમ શાળાને રાજકોટ ખસેડવાની હિલચાલ સામે સ્થાનિક સ્તરે વિરોધ શરૂ થયો છે.

તાલીમ શાળાનું સ્થળાંતર અટકાવવા બગસરા નગરપાલિકાના પ્રમુખ નિરવભાઈ ગોંડલીયા અને સામાજિક કાર્યકર તથા કોંગ્રેસના નેતા જમાલભાઈ પીરાભાઈ સરવૈયાએ રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાને પત્ર પાઠવી રજૂઆત કરી છે.

તાલીમ શાળામાં અભ્યાસ કરતી આશરે ૩૩ વિદ્યાર્થિનીઓના હિતને ધ્યાનમાં રાખીને સંસ્થાને બગસરામાં જ ચાલુ રાખવા માગ પણ કરવામાં આવી છે.બગસરાની આ તાલીમ શાળાની ઈમારત જર્જરિત હોવાના મુદ્દે સ્થળાંતરની વાત કરવામાં આવી રહી છે, પરંતુ બગસરામાં જ વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરી શકાય તેમ છે.

ર્નસિંગ હોસ્ટેલ ખાતે જગ્યા ઉપલબ્ધ હોવાનું તેમજ મામલતદાર કચેરી નવી પ્રાંત કચેરીમાં સ્થળાંતરિત થયા બાદ જૂની કચેરીનો ઉપયોગ તાલીમ શાળા માટે થઈ શકે તેવી શક્યતા પણ રજૂઆતમાં દર્શાવવામાં આવી છે. આવી સ્થિતિમાં અન્ય શહેરમાં સંસ્થાને ખસેડવાને બદલે સ્થાનિક સ્તરે યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ તેવી માગ ઊઠી છે.

સામાજિક કાર્યકર જમાલભાઈ સરવૈયાએ પ્રિન્સિપાલ અને ફેકલ્ટીના અંગત સ્વાર્થને કારણે બગસરામાં યોગ્ય વિકલ્પ શોધ્યા વિના તાલીમ શાળાને રાજકોટ સાથે જોડવાની પ્રક્રિયા હાથ ધરાઈ રહી હોવાનું અને અગાઉ અઢી વર્ષ સુધી અહીં દવાખાનું કાર્યરત હતું ત્યારે ઈમારત જર્જરિત હોવા છતાં દવાખાનું કાર્યરત હોવાનું જણાવ્યું હતું.

જો ANM તાલીમ શાળાના સ્થળાંતરનો પ્રશ્ન ઉકેલવામાં નહી આવે તો ચેમ્બર ઓફ કોમર્સના નેજા હેઠળ શહેરીજનો અને સંસ્થાઓને સાથે રાખી આંદોલન કરવામાં આવશે. જરૂર પડ્યે અન્નસન પર બેસવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

# અપૂરતા વરસાદે ખેડૂતોની દિવાળી બગાડી

## અમરેલી જિલ્લામાં ખેતરોમાં લહેરાતો પાક સુકાયો, કૂવા-બોર તળિયા ઝાટક

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી તા.

અમરેલી જિલ્લામાં આ વર્ષે અપૂરતા વરસાદે ખેડૂતોની આશા પર પાણી ફેરવી દીધું છે. ચોમાસાની શરૂઆતમાં વાવણી લાયક વરસાદ થતાં ખેડૂતોએ સારા ચોમાસાની આશા સાથે મોંઘા ભાવનું મગફળી, કપાસ અને સોયાબીનનું બિયારણ ખરીદીને ખેતરોમાં વાવેતર કર્યું હતું. જો કે, વાવણી બાદ વરસાદે લાંબો વિરામ લેતાં ખેતરોમાં લહેરાતો લીલોછમ પાક પાણીના અભાવે મુરઝાઈ રહ્યો છે. એક તરફ ખેતી પાછળ કરેલો મોટો ખર્ચ અને બીજી તરફ પાક સુકાઈ જવાની સ્થિતિએ ખેડૂતોને આર્થિક સંકટમાં ધકેલી દીધા છે. દિવાળીના તહેવાર પહેલાં ખેડૂતોના ચહેરા પર ખુશીના બદલે ચિંતાની લકીરો જોવા મળી રહી છે. ખેડૂતોની હાલત એવી બની છે કે ખેતરમાં પાક બચાવવો મુશ્કેલ અને પરિવારનું ગુજરાન ચલાવવું પણ પડકારરૂપ બન્યું છે.અમરેલી જિલ્લામાં વરસાદની લાંબી ખેંચના કારણે ખેતી પર તેની સીધી અસર જોવા મળી રહી છે. વાવણી સમયે સાનુકૂળ વરસાદ મળતાં ખેડૂતોએ મગફળી, કપાસ અને સોયાબીન સહિતના પાકનું વાવેતર કર્યું હતું. બિયારણ, ખાતર, જંતુનાશક દવાઓ, મજૂરી અને અન્ય ખેતી ખર્ચ પાછળ પ્રતિ વીઘે હજારો રૂપિયાનો ખર્ચ કર્યા બાદ હવે વરસાદના અભાવે પાકને નુકસાન થવાની ભીતિ ઊભી થઈ છે. અનેક ખેતરોમાં મગફળીના છોડ સુકાઈ રહ્યા છે, જ્યારે અન્ય પાકને પણ પૂરતા ભેજના અભાવે અસર પહોંચી રહી છે.

ખેડૂતો માટે સૌથી મોટી મુશ્કેલી એ છે કે સમયસર વરસાદ ન મળતાં પાકને જીવતદાન આપવું મુશ્કેલ બન્યું છે. ખેતીમાં કરેલી મૂડી સામે ઉત્પાદન મળવાની આશા ધૂંધળી થતાં



ખેડૂતોની આર્થિક સ્થિતિ કથળી રહી છે. દિવાળી નજીક આવી રહી છે ત્યારે ખેતીમાંથી આવક થવાની આશા રાખતા ખેડૂતો માટે તહેવારની ખુશીઓ પણ ફિક્કી પડી રહી છે.

વરસાદ ખેંચાવાની સાથે જિલ્લાના અનેક વિસ્તારોમાં કૂવા અને બોરના પાણીના સ્તર પણ નીચા ઊતરી ગયા છે. પરિણામે ખેતરોમાં સુકાઈ રહેલા પાકને બચાવવા ખેડૂતો પિયત આપવા ઈચ્છતા હોવા છતાં પૂરતું પાણી ઉપલબ્ધ થતું નથી. વરસાદ ન પડે તો સિંચાઈના સહારે પાક બચાવી શકાય, પરંતુ પાણીનાં તળ ઊંડાં ઊતરતાં ખેડૂતોની મુશ્કેલી બેવડાઈ છે. ખેડૂતો માટે આ સ્થિતિ માત્ર ચાલુ સિઝનના પાકના નુકસાન પૂરતી મર્યાદિત નથી. પાક નિષ્ફળ જાય તો આગામી ખેતી માટે મૂડી એકત્ર કરવી, બિયારણ-ખાતર ખરીદવાં અને અગાઉ લીધેલી લોનના હપ્તા ભરવા પણ મુશ્કેલ બની શકે છે. આથી સરકાર દ્વારા તાત્કાલિક સર્વે કરાવી વાસ્તવિક નુકસાનનો અંદાજ મેળવવાની માગ ઊઠી રહી છે.હાલની પરિસ્થિતિમાં ખેડૂતોને તાત્કાલિક રાહત, પાક નુકસાનનો પારદર્શક સર્વે, પશુઓ માટે ઘાસચારો અને જળસંગ્રહનું આયોજન સમયની માગ બની છે. વરસાદની ખેંચથી સુકાતા પાક વચ્ચે ખેડૂતોની નજર હવે સરકારના રાહતલક્ષી નિર્ણય પર મંડાયેલી છે.વરસાદની અછતથી ખેતીને થયેલા નુકસાન વચ્ચે ખેડૂતો દ્વારા સરકાર સમક્ષ રાહતની માગ કરવામાં આવી રહી છે. ખેડૂતોની રજૂઆત છે કે અસરગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક પાક નુકસાનનો સર્વે કરાવવામાં આવે, નુકસાનના પ્રમાણ મુજબ વળતર ચૂકવવામાં આવે તથા પાક લોન અને તેના વ્યાજ અંગે રાહત આપવામાં આવે. ખાસ કરીને દિવાળી પહેલાં આર્થિક સહાય મળે તો ખેડૂતોને પરિવારનું ગુજરાન ચલાવવામાં અને આગામી ખેતીની તૈયારી કરવામાં થોડી રાહત મળી શકે છે.

અપૂરતા વરસાદની અસર માત્ર ખેતી પૂરતી સીમિત રહી નથી. ખેતરોમાં પાક સુકાતાં પશુઓ માટે લીલો કે સૂકો ઘાસચારો ઉપલબ્ધ થવામાં મુશ્કેલી ઊભી થઈ શકે છે. ખેતી અને પશુપાલન બંને પર નિર્ભર પરિવારો માટે આવકનાં સાધનો પર એકસાથે અસર થવાની ચિંતા વધી છે. આવા સંજોગોમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં પશુઓ માટે પૂરતો ઘાસચારો ઉપલબ્ધ કરાવવા સરકાર દ્વારા તાત્કાલિક વ્યવસ્થા કરવામાં આવે તેવી માગ પણ ઊઠી છે.

જિલ્લામાં વરસાદની અછત અને જળાશયોમાં પૂરતા જળસંગ્રહનો અભાવ આગામી ઉનાળાની ચિંતા પણ વધારી રહ્યો છે. ડેમો અને તળાવોમાં પાણીનો પૂરતો સંગ્રહ ન થાય તો ખેતીની સાથે પીવાના પાણીની સમસ્યા પણ ગંભીર બની શકે તેમ છે. આથી ખેડૂતો અને ગ્રામ્ય વિસ્તારોના લોકો દ્વારા સૌની યોજના મારફતે શક્ય હોય ત્યાં જળાશયો ભરવા, પાણીનું આયોજન કરવા અને આગામી ઉનાળાને ધ્યાનમાં રાખીને અત્યારથી જ પગલાં ભરવાની માગ કરવામાં આવી રહી છે.

**મોંઘા બિયારણ અને ખેતીના ખર્ચ બાદ પણ પાક નિષ્ફળ જતા લોન માફી, વ્યાજ માફી અને દિવાળી પહેલાં તાત્કાલિક વળતર ચૂકવવા માંગ**

# ધારીની મધુવન સોસાયટીમાં નવરાત્રીના દિવસોમાં દીપડો CCTVમાં થયો કેદ

## રાજુલામાં દીપડાની હાજરી બાદ હવે ગીરકાંઠાના ધારીમાં દીપડાની અવરજવરથી ફફડાટ

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી

અમરેલી જિલ્લામાં માનવ વસાહતોમાં વન્યપ્રાણીઓની અવરજવરનો સિલસિલો યથાવત જોવા મળી રહ્યો છે. ગઈકાલે રાત્રે રાજુલા શહેરમાં દીપડાએ દેખા દીધા બાદ હવે ગીરકાંઠાના ધારી શહેરમાં પણ દીપડાની લટાર CCTVકેમેરામાં કેદ થતાં સ્થાનિકોમાં ફફડાટ ફેલાયો છે. ધારી શહેરની મધુવન સોસાયટીમાં રાત્રિના અંધકારમાં દીપડો આંટાફેરા મારતો કેમેરામાં કેદ થયો હતો.

ગીર પંથક સિંહોના વસવાટ માટે જાણીતો છે. ધારી સહિતના ગીરકાંઠાના વિસ્તારોમાં સિંહોની અવર જવર અવાર નવાર જોવા મળે છે. જો કે, હવે સિંહોની સાથે દીપડાની પણ માનવ વસાહતોમાં હાજરી સામે આવતાં લોકોમાં ચિંતા વધી



છે. ત્યારે ધારી શહેરની મધુવન સોસાયટીમાં દીપડાએ લટાર મારતાં આ સમગ્ર ઘટના ઝડ્રફ કેમેરામાં કેદ થઈ હતી.

ધારી શહેરની મધુવન સોસાયટી વિસ્તારમાં દીપડાની અવર જવર સામે આવતાં સ્થાનિક રહીશોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. રાત્રિના સમયે નવરાત્રીના દિવસોમાં ઘરની બહાર નીકળતા તેમજ અવર જવર કરતા લોકોમાં પણ ફફડાટ ફેલાયો છે. સિંહોના આંટાફેરા બાદ હવે દીપડાએ પણ રહેણાક વિસ્તારમાં દેખા દેતાં વન્ય પ્રાણીઓની હાજરીને લઈને સ્થાનિકોમાં ચિંતા વધી છે.

મધુવન સોસાયટીમાં દીપડાની લટારને પગલે સ્થાનિકોએ વન વિભાગ દ્વારા તાત્કાલિક પગલાં લેવામાં આવે અને દીપડાને પાંજરે પૂરવા માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવે તેવી માગ ઉઠાવી છે. રહેણાક વિસ્તારમાં લોકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને વન વિભાગ દ્વારા સાવચેતીનાં પગલાં લેવામાં આવે તેવી પણ અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.